Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીશંકરાચાર્યવિરચિત

બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય

સ્મૃતિપાદ

(અધ્યાય બીજો પાદ પહેલો)

ગુજરાતી ભાષાન્તર, પ્રસ્તાવના અને સવિસ્તર ટિપ્પણ સાથે.

: સંપાદક :

ડૉ. બાલકૃષ્ણ મો. ધ્રુવ (એમ. એ. પીએચ. ડી.)

: આમુખ :

રાય મો. મોદી. (એમ. એ. પી. એચ. ડી.)

nancial assistance from the Ministry of Education, Government of India.

કિંમત રૂા. ૨-૧૦] [સપ્ટેમ્બર ૧૯૬૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

mai Foundation Che

ein. Gurukul Kangri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

पुस्तकालय

विषय संख्या

पुस्तक संख्या

आगत पंजिका संख्या

पुस्तक पर किसी प्रकार का निशान लगाना वर्जित है। कृपया १५ दिन से अधिक समय तक पुस्तक अपने पास न रखें।

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

५-२, ०६५
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

विज्ञान महाविद्यालय पुस्तकालय

गुरुकुल कांगड़ी

वर्ग संख्या _____

ग्रन्थ संख्या _____

यह पुस्तक निम्नांकित अन्तिम तिथि को या उससे पूर्व पुस्तकालय में जमा हो जानी चाहिये। अन्यथा पांच पैसे प्रतिदिन के हिसाब से विलम्ब शुल्क देना होगा।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીશંકરાચાર્યવિરચિત

બ્રહ્મસૂત્રશાંકરભાષ્ય

સ્મૃતિપાદ

(અધ્યાય બીજો પાદ ત્રીજો)

CHECKED 1973

ગુજરાતી ભાષાન્તર, પ્રસ્તાવના અને સવિસ્તર ટિપ્પણ સાથે.

સંપાદક

ડૉ. બાલકૃષ્ણ મો. ધ્રુવ (એમ. એ. પીએચ. ડી.)

" મનીષા ", ભાનો ડેલો, ભાદેવાણીની શેરી, ભાવનગર (સૌરાષ્ટ્ર).

With the financial assistance from the Ministry of Education, Government of India.

ભાદ્રપદ ૨૦૨૪] [સપ્ટેમ્બર ૧૯૬૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

આમુખ. ડૉ પી. એમ. મોદી ૧-૭
પ્રસ્તાવના ૮-૪૮
શ્રી શાંકરભાષ્ય ૨.૧ : સ્મૃતિપાદ (મૂળ સંસ્કૃત) ... ૧-૪૭
સ્મૃતિપાદનાં કેટલાંક સ્મરણીય વાક્યો... ... ... ૪૮
શ્રી શાંકરભાષ્ય ૨.૧ સ્મૃતિપાદ (ગુજરાતી ભાષાન્તર) ... ૧-૯૪
પુસ્તક-સૂચિ ૯૫

પ્રાક્-કથન

માણસમાત્ર ભૂલને પાત્ર છે, પરંતુ ભૂલોની બીતિ જ માત્ર રાખીએ તો કોઇ કાર્ય ન થાય આ પુસ્તક ઘણી ઉતાવળે લખાયું-છપાયુ છે. તેથી તેમાં અનેક ભૂલો રહી ગઇ હશે. કોઈ સ્થળે કોઇ કૃતિની કે લેખકની જરા વિશેષ ટીકા પણ થઇ ગઈ હશે. આ દરેક માટે હું ક્ષમા યાચું છું. વિદ્વાનો અને અભ્યાસીઓની ગુણગ્રાહી દૃષ્ટિની મને પૂર્ણ શ્રદ્ધા છે. આ પુસ્તક અંગે જે સૂચનો આવશે તેનો હું બીજી આવૃત્તિ સમયે ચોક્કસ વિચાર કરીશ.

'પૂર્વ-સૂરિઓ'નો હું ઋણી છું. પૂ મોદીસાહેબે વિદ્વતા-પૂર્ણ 'આમુખ' લખીને મને વિશેષ ઋણી કર્યો છે. પૂ. રતિભાઇ જાની સાહેબ તથા પ્રા. શ્રી. કિશોરકાંતભાઈ શુક્લનો પણ હું આભારી છું. ભારત સરકારના શિક્ષણ ખાતાએ આપેલ આર્થિક સહાય માટે તેમનો હું ઋણી છું. છાપકામમાં મદદ કરવા માટે મારી વિદ્યાર્થિની કુ. પુષ્પાબહેન ધોળકિયાનો પણ હું આભારી છું.

(સર્વ હક સ્વાધીન). —ધ્રુવ

-: પ્રકાશક :-
ડૉ. બાલકૃષ્ણ મો. ધ્રુવ,
M. A. Ph. D. 'મનીષા',
ભાનો ડેલો, ભાદેવાણીની શેરી,
ભાવનગર.

-: મુદ્રક :-
હરિલાલ દેવચંદ શેઠ,
આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સ્ટેશન રોડ,
ભાવનગર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ મુ ખ

(લેખક : પ્રા. પ્રતાપરાય મો. મોદી, એમ. એ. પી. એચ. ડી, શા. કો. ના સંસ્કૃતના અધ્યાપક; certificate of Honour, August 1966; સેન્ટ્રલ સંસ્કૃત બોર્ડના સભ્ય).

ડો. બાલકૃષ્ણ ધ્રુવ આ સાથે બ્રહ્મસૂત્રના સ્મૃતિપાદ (બ્ર. સૂ. ૨.૧.) નું સ્વરચિત ભાષાન્તર રજૂ કરે છે. મારી સમજણમાં પૂ. કમળાશંકર પ્રા. ત્રિવેદી સાહેબ સિવાય કોઈ ગુજરાતી પ્રાધ્યાપકે હજુ આ દિશામાં યત્ન નથી કર્યો. પૂ. ત્રિવેદી સાહેબનો અનુવાદ અત્યારે દુષ્પ્રાપ્ય છે. એ અનુવાદમાં નથી એવું ઘણું આ નૂતન અનુવાદમાં છે. ખરું જોતાં ડો. ધ્રુવે અનુવાદ નહીં, પણ વિદ્યાર્થીને ઉપયોગી અનુસંધાનો, સમજૂતીઓ, શબ્દાર્થો, સંદર્ભો, મૂળભૂત, પૂર્વપક્ષસ્થાનીય વિવાદસિદ્ધાંતો, ઈત્યાદિ અનેક ઉપયોગી સામગ્રીવાળું ગુજરાતી સાહિત્યમાં અભૂતપૂર્વ વિવેચન રજૂ કર્યું છે. ટિપ્પણમાં ભાષ્યનો શબ્દાર્થ જાળવીને ભાવાર્થ રજૂ કર્યો છે. આ ભાવાર્થમાં અધિકરણવાર સંક્ષેપ આપ્યો છે. જે અભ્યાસની દૃષ્ટિએ ઉપયોગી છે. શૈલીની દૃષ્ટિએ શ્રી શંકરાચાર્યના શબ્દો વાંચી શકાય અને એમનો જ અર્થ સમજી શકાય, તે માટે ડો. ધ્રુવે આધુનિક પદ્ધતિ અનુસાર કૌંસોનો ઉપયોગ કર્યો છે. આ પદ્ધતિ આધુનિક અભ્યાસપદ્ધતિ છે. પરીક્ષામાં પણ "જરૂરી વ્યાખ્યાન–નોંધ ઉમેરી અનુવાદ આપો," જે પ્રશ્ન આવે છે; તેના ઉત્તરમાં વિદ્યાર્થીએ પણ શબ્દાર્થ આપતાં આપતાં વચ્ચે, યોગ્ય સ્થળે, જે ઉમેરા કરવા પડે તે કૌંસમાં મૂકવા, જેથી પરીક્ષક પણ સમજી શકે કે વિદ્યાર્થીએ ખરેખર મૂળગ્રંથ સમજવાનો યત્ન કર્યો છે. ડો. ધ્રુવે જે અર્થ રજૂ કર્યો છે તે પ્રાયઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરો, યથાર્થ છે, એવી મને ખાત્રી છે. શાંકર, રામાનુજીય, વાલ્લભ વગેરે ભાષ્યોનો તેમજ થીબો, મૅક્વેલકર, ધાટે વગેરે આધુનિક વિદ્વાનોનાં ગ્રન્થોનો પણ દીર્ઘકાળ અભ્યાસ કર્યા પછી અને તેનું અધ્યાપન કર્યા પછી પોતાના પ્રયત્નની સિદ્ધિનું ફળ જનતા સમક્ષ, વેદાન્તજિજ્ઞાસુ પાસે, વિશેષતઃ વિદ્યાર્થી–પરીક્ષાર્થીના ઉપયોગ માટે જગતમાં મૂકવાની શુભેચ્છાથી ભાઈશ્રી ધ્રુવે આ ભાષાન્તરની રચના કરી તે પુસ્તકાકારે મુદ્રિત કર્યું છે. આવા પ્રયત્નમાં આર્થિક લાભની આશા હોતી જ નથી, તે તો જગત્ જાણે જ છે. આવા ગ્રંથના લેખકો જે મગજમારી, સમયવ્યય, ને અર્થવ્યય પણ કરે છે, બદલો તેને દ્રવ્યલાભરૂપે ભાગ્યે જ મળે છે. ડો. બાલકૃષ્ણે અર્થ રળવામાં શક્ય કાળજી રાખી છે. છતાં વિષય જ એવો છે કે જે સંપૂર્ણ શુદ્ધતાથી, સંપૂર્ણ ચોકસાઈથી જનતા પાસે મૂકવો હોય તો ચાર વિદ્વાનોએ ભેગા મળીને એક પ્રયત્ન કરવો જોઈએ. પણ આપણા સમાજમાં એવી રીતની રજૂઆત હજુ ગીતા વિષે પણ થઈ નથી. શ્રીમદ્ શંકરાચાર્યના જીવન અને તેમના તત્ત્વજ્ઞાન અંગેની શ્રી. ધ્રુવે આપેલ માહિતી પણ ઘણી ઉપયોગી અને અભ્યાસપૂર્ણ છે.

સ્મૃતિપાદની ઉપયોગીતા ઘણી જ છે. ચતુઃસૂત્રી (કે શુદ્ધાદ્વૈત-વેદાન્તમાં ત્રિસૂત્રી)ના ભાષ્યમાં દરેક આચાર્ય પોતાનું, સ્વકીય કથન અને પરકીય, પૂર્વપક્ષીય મતનું નિરાકરણ જ કરે છે. તેથી ચતુઃસૂત્રીભાષ્યમાં સૂત્રકારનો મત જાણી શકાતો નથી; ભાષ્યકારનું જ કર્તૃક જાણી શકાય છે. ઉપરાંત બ્રહ્મસૂત્રનો દ્વિતીય અધ્યાય **અવિરોધાધ્યાય** અથવા **વિરોધપરિહારાધ્યાય** નામથી ઓળખાય છે. પ્રથમ અધ્યાય સમન્વય છે; સર્વશ્રુતિઓ–વેદાન્તો બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. પછી તરત જ સૂત્રકાર પૂર્વપક્ષોનો વિચાર શરૂ કરે છે. તેમાં " સ્મૃતિ "ના પૂર્વપક્ષ સાથે અવિરોધ અથવા વિરોધ-પરિહાર પ્રથમ (બ્ર. સૂ. ૨. ૧.માં) કરે છે. તે ઉપરથી આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજી શકીએ કે આ "સ્મૃતિ"નું મહત્વ સૂત્રકારના યુગમાં ખૂબ હતું. માટે "સ્મૃતિ"–પાદનું મહત્વ છે, તે કરતાં તર્કપાદનું મહત્વ ઊતરતું છે અને બ્રહ્મસૂત્રના બીજા પાદોનું મહત્વ તેથી પણ કિંચિત્ ન્યૂન છે.

અહીં "સ્મૃતિ" એટલે શ્રી શંકરાચાર્ય તેમજ પછીના બધા આચાર્યો "સાંખ્ય" સમજ્યા છે. ડો. ધ્રુવે પોતાના ભાષાન્તરમાં "સ્મૃતિ" એટલે 'સાંખ્ય,' એ જ અર્થ લેવાનો હતો, કેમકે તે જ માન્યતાથી શ્રી શંકરે ભાષ્ય લખ્યું છે, ને શ્રી. ધ્રુવે તે ભાષ્યનો અનુવાદ આપવાનો છે. પરંતુ ડો. ધ્રુવે મારૂં સૂચન સ્વીકારીને 'સ્મૃતિ' એટલે "ગીતાસ્મૃતિ", એ મત સ્મૃતિપાદના સૂત્રોમાંથી ફલિત થાય છે કે નહીં ? તેનું અન્વેષણ કર્યું છે. મેં વિદ્યાર્થીઓ પાસે આ મારો મત ઘણીવાર રજૂ કર્યો છે; ને તાજેતરમાં સંશોધન-માસિકોમાં દર્શાવ્યો છે. ડો. ધ્રુવે તે સમજવા યત્ન કર્યો છે; ને પ્રસ્તાવનામાં સારી રીતે સૂત્રશઃ રજૂ કર્યો છે. આવી રીતે શ્રી. ધ્રુવે રજૂ કરેલો અર્થ કદાચ કોઈ એકાદ બે સૂત્રો પૂરતો ભવિષ્યમાં એમણે કે મારે બદલવો પડે; પણ અમારી સામાન્ય માન્યતા કે સ્મૃતિપાદમાં ગીતાની વિચારણા સૂત્રકારે કરી છે, તે (ભવિષ્યમાં) બદલવી નહીં પડે, એમ હું માનું છું.

આ આપણા તત્ત્વજ્ઞાનના ઇતિહાસનું એક અગત્યનું, પણ સદંતર ભૂલાઈ ગયેલું પ્રકરણ છે. પ્રથમ વેદો, પછી, વેદાન્તો કે ઉપનિષદો, પછી ગીતા, પછી દર્શનો અને પછી બ્રહ્મસૂત્ર, આવો ક્રમ તો સ્વીકારાયો છે. પણ ગીતાની પછી બ્રહ્મસૂત્ર ક્રમ ? તે વિચારવું જોઇએ. જો બ્રહ્મસૂત્રમાં સ્મૃતિનો અર્થ, ખરેખર, ગીતા થતો હોય તો તે અગત્યનો મુદ્દો છે, કેમકે 'સમન્વય' અધ્યાય પછી, તરત જ સૂત્રકાર ગીતાનો વિચાર કરે છે.

ડો. ધ્રુવે પોતાની પ્રસ્તાવનામાં સ્મૃતિપાદના સૂત્રોનો સ્વતંત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ, મારી સૂચના મુજબ, કરવા યત્ન કર્યો છે. તે અર્થ પણ મને લગભગ ચોગ્ય જ લાગે છે. બ્રહ્મસૂત્ર ૧. ૪. ૨૩–૨૭ માં સૂત્રકાર ગીતાની (અને શ્વેતાશ્વતર ઉપનિષદની) "પ્રકૃતિ"નો અર્થ બ્રહ્મ કરે છે. આમ થવાથી ગીતા જે એક 'ચોગ' શાસ્ત્ર છે; તેને અવકાશ જ રહેતો નથી. (જુઓ શ્રી ધ્રુવની પ્રસ્તાવના).

આપણા ધર્મતત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં અમુક સમયે વેદો અને વેદોકત કર્મકાંડનો અમુક રીતે વિરોધ થયેલો. વેદો, વેદાધ્યયન, વેદોકત કર્મ બધું કામ્ય છે (મનુસ્મૃતિ); બ્રહ્મજ્ઞાન થતાં જ મનુષ્ય બ્રહ્મરૂપ અને પૂર્ણ, આપ્તકામ બની જાય છે; બ્રહ્મજ્ઞાનીને પુત્રૈષણા, વિત્તૈષણા, સ્વર્ગલોકૈષણા રહેતી નથી. વળી, વેદોની એક ખામી એ છે કે દરેક વેદની ઘણી શાખાઓ હતી; અને આ શાખાઓમાં એક જ વેદકર્મનું જુદી જુદી, કંઈ કંઈ ભિન્ન રીતે અનુષ્ઠાન બતાવેલું; જૈમિનિસૂત્રમાં અગ્નિહોત્ર, જેવું નિત્ય કર્મ (Compulsory duty or rite) જુદી જુદી શાખાઓમાં જુદા જુદા રૂપે આપ્યું છે; એમ કહીને વેદની બધી શાખાવાળાઓ એકબીજાથી અલગ અલગ જીવન ગાળવામાં માનતા હતા. "ચારેય વેદ"ની એક, મુકરર સમાજરચના નથી, માટે દરેક શાખાવાળાઓ પોતાની સ્વતંત્ર સમાજરચનામાં માનતા હતા. જો એક જ કર્મ હોય, જેમકે અગ્નિહોત્ર, તો તેનું અનુષ્ઠાન એક જ રીતે હોવું જોઇએ. દરેક શાખા કંઈ કંઈ ભિન્નરીતે કેમ કરી શકે ? વૈદિકો એક નિર્ણયાત્મક બુદ્ધિ વગરના છે. અને અનેક શાખામાં એક જ કર્મના ભેદો ભિન્નસ્વરૂપોમાં માને છે (ગીતા. ૨.૪૦–૪૧). આવી ટીકાનો વિરોધ કરવાને વૈદિકોએ જૈમિનિસૂત્ર રચ્યા અને એક, અમુક કર્મ, એક, અમુક, નિર્ણીત અનુષ્ઠાન-પદ્ધતિએ કરવાનું છે, અને એ રીતે સર્વ શાખાવાળાએ આચરવાનું છે; એમ જૈમિનિસૂત્રમાં બતાવ્યું. હવે, ગીતાના સૃષ્ટિવાદો જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતા ૭.૪.૬ મુજબ બે પ્રકૃતિઓ અને એક શ્રીકૃષ્ણ, ગીતા. ૮. ૧૯-૨૨. મુજબ એક જડ પ્રકૃતિ (જેમાંથી પાંચ જડ તત્ત્વોની ઉત્પત્તિ થાય તે), એક અપરાપ્રકૃતિ (જેમાંથી ભૂતો–પ્રાણીઓની સૃષ્ટિ), એક પર અવ્યક્ત (શ્રીકૃષ્ણનું ધામ), પુરુષ, (ગીતા ૮. ૨૨) અને શ્રીકૃષ્ણ, એટલા (પાંચ) મળીને પરતત્ત્વ બને; ગીતા ૯. ૧૦-૧૧ મુજબ એક પ્રકૃતિ અને શ્રીકૃષ્ણ એમ બે તત્ત્વમાંથી સૃષ્ટિ, એમ ગીતાના જુદા જુદા અધ્યાયો મુજબ ઉપનિષદોમાં જુદા જુદા સૃષ્ટિવાદો માનવામાં આવતા. વળી, જીવનના વ્યાવહારિક માર્ગ માટે ગીતાએ ઉપનિષદોથી જુદા પડીને યોગનો ઉપદેશ આપ્યો; ગીતાએ મોક્ષવાદો અનેક આપ્યા છે. આ બધાથી ઉપનિષદોનો સમાજ ચિઢાયો અને બ્રહ્મસૂત્રગ્રંથ રચાયો, ગીતાએ ઉપનિષદોના સંન્યાસને સ્વીકારીને પોતાના યોગને વધારે સારો કહ્યો હતો. પણ બ્રહ્મસૂત્રે આ યોગને ઉડાવ્યો છે. બ્રહ્મસૂત્રના ત્રીજા અધ્યાયમાં ગીતાની ભક્તિ અને નિષ્કામકર્મોનો સમન્વય ઉપનિષદોના જ્ઞાન અને મોક્ષપ્રાપ્તિ માટે જ્ઞાનના સહકારી તરીકે કરવામાં આવ્યો છે. એ રીતે બ્ર. સૂ.ના ચોથા અધ્યાયમાં મોક્ષનું એક નિશ્ચિત સ્વરૂપ ઊભું થયું છે.—પણ આપણે અહીં "સ્મૃતિપાદ" પૂરતી જ વિચારણા કરવાની છે. તેથી તેટલાથી સંતોષ માનવાનો છે. તો તેમાં ગીતાની "પ્રકૃતિ"નો, ગીતાના યોગનો, ગીતાના સૃષ્ટિવાદોમાં રહેલા उपसंहारवाद (જ્યાં કંઈ પણ ઉત્પન્ન થાય છે ત્યાં હમેશાં કારણોનો સમુદાય હોય છે તે વાદ) નો જવાબ બ્ર. સૂ. આપે છે. ઈશ્વર ચેતન હોવાથી સૃષ્ટિ કરે તો ભોક્તા થાય વગેરે ગીતાએ ઉત્પન્ન કરેલા વાંધાઓનો પણ જવાબ સૂત્રકાર આપે છે. એ સર્વ પરથી ચોક્કસ માની શકાય કે બ્રહ્મસૂત્રકાર સામે ગીતાનો સમાજ હતો; બ્રહ્મસૂત્રનો "प्रधानमल्ल" ગીતાનું શાસ્ત્ર હતું. તેથી ગીતાસ્મૃતિનો જવાબ દેવાને સૂત્રકારે સ્મૃતિપાદ રચ્યો. પણ ગીતાનું મહત્ત્વ ખૂબ જ હશે તે સમયમાં;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી સૂત્રકાર ગીતાને લજતા નથી; ગીતાની "પ્રકૃતિ"ને અશાસ્ત્રીય અથવા સ્માર્ત ઠરાવતા નથી; પણ ગીતાની "પ્રકૃતિ"નો અર્થ જ પરબ્રહ્મ કરે છે (બ્ર. સૂ. ૧.૪. ૨૩–૨૭), અને ગીતાના જે કાંઈ બીજા સિદ્ધાંતો કે તત્ત્વો ઉપનિષદો–વેદાન્તોમાં નથી, તેમનો અર્થ સૂત્રમાં જે પદ્ધતિથી પ્રકૃતિનો અર્થ બ્રહ્મ કર્યો છે, તે પદ્ધતિથી કરી લેવો, એમ સૂત્રકાર કહે છે. (**एतेन शिष्टाः परिग्रहाः अपि व्याख्याताः**). આમ ગીતાનો ત્યાગ કરવાને બદલે કે ગીતાના પ્રકૃતિ-વાદ કે બીજા કોઈ સિદ્ધાન્તને સ્માર્ત કહેવાને બદલે સૂત્રકાર ગીતાને છાન્દોગ્ય-બૃહદારણ્યક ઉપનિષદોના સિદ્ધાન્તો ને તત્ત્વોની દૃષ્ટિએ સમજાવે છે; અર્થાત્ ગીતાનું **વ્યાખ્યાન** કરે છે. જ્યાં ગીતા ખરેખર જુદી પડે ત્યાં એટલે કે **યોગ** વિષયમાં તો સૂત્રકાર ગીતાના યૌગનો ત્યાગ જ કરે છે. ને ઉત્તરાયણદક્ષિણાયન ગતિઓને તો 'સ્માર્ત' કહીને જુદી જ મૂકે છે; શ્રૌતમાં ગણતા જ નથી.

ડો. બાલકૃષ્ણે મારી માન્યતા મુજબ સ્મૃતિપાદ પૂરતું તો સારી, સંતોષકારક રીતે દર્શાવ્યું છે કે આ સૂત્રોદ્વારા ગીતા સાથે સૂત્રકારે પોતાની રીતે સમાધાન કર્યું છે.

બ્રહ્મસૂત્રના પહેલા અધ્યાયમાં શ્રુતિના કેટલાક શબ્દોનો અર્થ બ્રહ્મ કે પુરુષ થાય છે; ને તે તે શ્રુતિમાં સ્માર્ત પ્રધાનતત્ત્વ, અર્થ થતો નથી; એમ આચાર્યો માને છે; તે બધા સ્થળે ગીતાસ્મૃતિનું જગત્કારણભૂત પ્રકૃતિતત્ત્વ, એવો અર્થ–ઉપનિષદોના શબ્દોનો નથી થતો; એમ જ સૂત્રકાર કહે છે. એવું માનવામાં બીલકુલ વાંધો નહીં આવે.

પ્રચલિત બ્રહ્મસૂત્ર તો ગીતા પછી ઘણે સમયે લખાયેલાં હોવાં જોઇએ. જૈમિનિસૂત્ર પણ ગીતા પછી જ લખાયેલા; પણ બ્રહ્મ-સૂત્રની પહેલાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીતા ૧૩ માં "ब्रह्मसूत्रपदैः" નો અર્થ: ઉપનિષદોમાં જે વાક્યો, જેમકે आकाशादेव खलु इमानि भूतानि जायन्ते, વગેરે છે તે વાક્યોને જ બ્રહ્મસૂત્રપદો માનવા જોઇએ. કેમકે આકાશ એટલે બ્રહ્મ, કેમકે તેમાંથી ભૂતોની ઉત્પત્તિ અને તેમાં જ પ્રલય કહ્યા છે (હેતુ); ઉપનિષદોના આ વાક્યોમાં જ હેતુઓ આપેલા છે. ઉપનિષદોના વાક્યો જરા લાંબા છે; પણ તેવા વાક્યોને જ "સૂત્રો" કહેવામાં આવતા હતા. ધર્મસૂત્રોમાં એવા વાક્યો જ આપેલા છે. વળી ગીતા ૧૩ના પૂર્વાર્ધમાં વેદોનું અનુસંધાન છે, માટે ઉત્તરાર્ધમાં ઉપનિષદોનું જ અનુસંધાન હોવું જોઇએ.

આ રીતે બ્રહ્મસૂત્રકારનો પ્રધાનમલ્લ ગીતા અને ગીતાનો યોગ હતો. વળી, બ્ર. સૂ. ૨. ૨. ૧-૧૦ મુજબ બ્રહ્મસૂત્ર વખતે "સાંખ્ય" એક નિશ્ચિત દર્શનરૂપે હતું જ નહીં; પણ સમાજમાં સાંખ્યના વિચારો હતા (**विप्रतिषेधाच्च असमञ्जसम्** । બ્ર. સૂ. ૨. ૨. ૧-૧૦). બ્ર. સૂ ૪. ૨. ૨૧માં "**योगिनः प्रति च स्मर्यते स्मार्ते चैते**"માં શ્રીશંકરે "एते" એટલે "**योगसांख्ये**" લીધું છે તે ઠીક નથી, કેમકે "एते" એટલે "**शुक्लकृष्णे गती**" લેવું જોઇએ. કેમકે **योग** અને **योगिनः** એટલે ગીતા જ સમજવાની છે. અને ગીતાની શુકલકૃષ્ણ ગતિઓને સૂત્રકાર "સ્માર્ત" કહે છે. શ્રૌત નથી માનતા. આ બધું જોતાં ડો. ધ્રુવે પોતાના શાંકરભાષ્ય-અનુવાદમાં અત્યંત ઉપયોગી રીતે, સારી ચોકસાઇથી, સમજૂતીઓ સહિત, સ્પષ્ટતાપૂર્વક ભાષાન્તર આપ્યું છે; અને પ્રસ્તાવનામાં મૂળભૂત-સૂત્રાર્થનો વિચાર કર્યો છે, તેમાં એમણે સંશોધનવૃત્તિ સાબીત કરી છે. ગુજરાતી ભાષામાં આવો ગ્રન્થ પહેલી જ વાર રજૂ થાય છે. તે માટે ડો. ધ્રુવને અભિનંદન આપીએ. અને ઇચ્છીએ કે ભવિષ્યમાં સમગ્ર બ્રહ્મસૂત્ર પર આવું જ લખાણ રજૂ કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

વેદાન્ત (વેદના અન્ત) તરીકે ઓળખાતા ઉપનિષદોમાં મુખ્યત્વે બ્રહ્મ અને આત્મા અંગેનું તત્ત્વજ્ઞાન છે. બ્રહ્મ, જીવ અને જગતું અદ્વૈત પ્રતિપાદન કરતા તેમજ દ્વૈતને પણ જણાવતાં વાક્યો ઉપનિષદોમાં છે. આ વાક્યોની એકવાક્યતા સિદ્ધ કરવા બ્રહ્મ-સૂત્રમાં બાદરાયણે પ્રયત્ન કર્યો છે. આમ તો, તેમની પહેલાં પણ અનેક આચાર્યોએ આ દિશામાં કામ કર્યું હતું; તેમાંથી કોઇનાં બ્રહ્મસૂત્રો પણ તે સમયે કદાચ અસ્તિત્વમાં હશે. બાદરાયણે બ્રહ્મ-સૂત્રમાં પોતાના અનેક પુરોગામીઓનો ઉલ્લેખ કરીને તેમના મતની નોંધ લીધી છે. તેમાં મુખ્ય નીચે મુજબ છે –(૧) આત્રેય (બ્ર. સૂ. ૩.૪.૪૪). (૨) આશ્મરથ્ય (બ્ર. સૂ. ૧.૨.૨૯; ૧.૪.૨૦), (૩) ઔડુલોમિ (બ્ર. સૂ. ૧.૪.૨૧; ૩.૪.૪૫; ૪.૪.૬), (૪) કાર્ષ્ણા-જિનિ (બ્ર સૂ. ૩.૧.૯) (૫) કાશકૃત્સ્ન (બ્ર. સૂ. ૧.૪.૨૨), (૬) જૈમિનિ (બ્ર. સૂ. ૧.૨.૨૮; ૧.૨.૩૧; ૧.૩.૩૧), (૭) બાદરિ (બ્ર. સૂ. ૧.૨.૩૦), (૮) બાદરાયણ (બ્ર. સૂ. ૧.૩.૨૬; ૧.૩.૩૩). વિદ્વાન શ્રી. યાકોબી (Jacobi)ના મન્તવ્ય મુજબ, અત્યારના બ્રહ્મસૂત્રની રચના ઇ. સ. ૨૦૦થી ઇ. સ. ૪૫૦ની વચ્ચે થઈ હશે; તેથી ઉપરના આચાર્યો પૈકી અમુક તો આ સમયથી બે ત્રણ સૈકા પ્રાચીન હશે તેમ સામાન્ય રીતે માની શકાય. પાણિનિની અષ્ટા-ધ્યાયીમાં 'ભિક્ષુસૂત્ર'નો ઉલ્લેખ છે. (પારાશર્યશિલાલિભ્યાં ભિક્ષુ-નટસૂત્રયોઃ-૪.૩.૧૧૦). આ 'ભિક્ષુસૂત્ર' તે બ્રહ્મસૂત્ર હશે તેમ મનાય છે પરંતુ તે આ બાદરાયણ વ્યાસનું જ બ્રહ્મસૂત્ર હશે કે કેમ તે ચોક્કસપણે કહી શકાતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મસૂત્રને વેદાન્તસૂત્ર અથવા શારીરકસૂત્ર પણ કહેવામાં આવે છે. 'શરીર' એટલે દેહ અને તેમાં રહેલો આત્મા તે "શારીરક." શાંકરભાષ્ય પરની 'રત્નપ્રભા' નામની ટીકા પ્રમાણે, બ્રહ્મસૂત્રમાં "જીવના બ્રહ્મત્વનો વિચાર" થયો હોવાથી, તેને "શારીરક" તરીકે ઓળખવામાં આવે છે ("**शारीरको जीवः तस्य ब्रह्मत्वविचारो मीमांसा ।**").

બ્રહ્મસૂત્ર પર અનેક ટીકાઓ હોવાનો ઉલ્લેખ છે જો કે પ્રમાણમાં થોડી જ માત્ર હાલ ઉપલબ્ધ છે. "સિદ્ધિ-ત્રય"માં શ્રી યામુનાચાર્ય બ્રહ્મસૂત્રના ટીકાકારો તરીકે ટંક, ભર્તૃપ્રપંચ, ભર્તૃમિત્ર, ભર્તૃહરિ, બ્રહ્મદત્ત, શંકર અને ભાસ્કરનાં નામો ગણાવે છે. "મધ્વવિજયભાવ-પ્રકાશિકા"માં શ્રી નારાયણપંડીત મધ્વ પહેલાં એકવીસ ટીકાકારો થયા હોવાનું જણાવે છે જ્યારે આ સમયમાં વાસ્તવમાં ત્રણ જ—શંકરાચાર્ય, ભાસ્કર અને રામાનુજ—હાલ ઉપલબ્ધ છે. મધ્વ પછી પણ બ્રહ્મસૂત્ર પર અનેક ટીકાઓ લખાયેલી છે, જેમાં શ્રીકંઠ, શ્રીપતિ, નિમ્બાર્ક, વલ્લભ, વિજ્ઞાનભિક્ષુ, અને બલદેવની મુખ્ય છે. આ બધી ટીકાઓ પર પણ બીજી અનેક ટીકાઓ અને સમજૂતીઓ લખાયેલી છે. આ વિપુલ સાહિત્ય પરથી, તત્ત્વજ્ઞાનમાં બ્રહ્મસૂત્રનું સ્થાન તે સમયે કેટલું ઊંચું હશે તેનો ખ્યાલ આવે છે. આ બ્રહ્મસૂત્ર, ઉપનિષદો અને ગીતા—ત્રણને 'પ્રસ્થાનત્રયી' તરીકે ગણવામાં આવ્યા. તે ત્રણેનો આધાર લઈને, વેદાન્તના આચાર્યોએ પોતપોતાનો મત રજૂ કર્યો છે. વેદાન્તના પાંચ આચાર્યો મુખ્ય છે :- (૧) શ્રી શંકરાચાર્ય (કેવલાદ્વૈત), (૨) રામાનુજ (વિશિષ્ટાદ્વૈત), (૩) વલ્લભ (શુદ્ધાદ્વૈત), (૪) નિમ્બાર્ક (દ્વૈતાદ્વૈત) અને (૫) મધ્વ(દ્વૈત). વિસ્તારભયથી આપણે અહીં દરેક આચાર્યના સિદ્ધાન્તોની ચર્ચા નહીં કરીએ.

શ્રી બાદરાયણરચિત બ્રહ્મસૂત્રમાં ચાર અધ્યાયો છે, અને તે દરેકને ચાર ચાર પાદ છે. તેમાં પ્રથમાધ્યાયના પ્રથમપાદના પહેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર સૂત્રો પરના ભાષ્યને 'ચતુઃસૂત્રી' કહેવામાં આવે છે; બીજા અધ્યાયના પ્રથમ પાદને 'સ્મૃતિપાદ' અને બીજા અધ્યાયના બીજા પાદને 'તર્કપાદ' કહે છે. શ્રીમદ્ શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન સમજવા માટે બ્રહ્મસૂત્ર પરના શાંકરભાષ્યમાં ચતુઃસૂત્રી, સ્મૃતિપાદ અને તર્કપાદ મહત્ત્વનાં છે. આ ત્રણેમાં સ્મૃતિપાદને વિશિષ્ટ સ્થાન છે.

પ્રથમ, શ્રી શંકરાચાર્યના જીવન, સમય અને કૃતિઓ વિષે સંક્ષેપમાં વિચાર કરીએ. વેદાન્તના આચાર્યોમાં અગ્રગણ્ય એવા શ્રી શંકરાચાર્યના જીવન અંગે આપણી પાસે આધારભૂત માહિતી ઘણી ઓછી છે. આપણો મુખ્ય આધાર શ્રી માધવાચાર્યનું 'શંકરદિગ્વિજય', આનન્દગિરિનું 'શંકરવિજય', વ. છે. આ કૃતિઓમાં પણ કેટલીક ચમત્કારિક અને આશ્ચર્યકારક ઘટનાઓ શ્રી શંકરાચાર્યના જીવનમાં રજૂ થઇ છે, તેથી આ કૃતિઓમાં પણ ઐતિહાસિક તથ્ય કેટલે અંશે હશે તે કહી ન શકાય. કેટલાક પુરાણોમાં પણ શ્રી. શંકરાચાર્યના જીવનનું વર્ણન છે.

કેરલના કાલટી ગામમાં શ્રી શંકરાચાર્યનો જન્મ થયો હતો. તેમનાં પિતાનું નામ 'શિવગુરુ' હતું અને માતાનું નામ 'સતી.' (આનન્દગિરિ માને છે કે શ્રી. શંકરાચાર્યનું જન્મસ્થાન 'ચિદમ્બરમ્' હતું અને તેમના માતાપિતાનું નામ વિશિષ્ટા અને વિશ્વજીત હતું). શ્રી. શંકરાચાર્યના માતાપિતા પરમ શિવભકત હતાં. ઘણી મોટી ઉંમર સુધી તેમને સંતાન ન હતું. કહે છે કે એક વખત ભગવાન શિવે તેમને દર્શન દીધાં અને પૂછ્યું કે તેમને એક સર્વગુણવિદ્યાસંપન્ન પણ સ્વલ્પ આયુવાળો પુત્ર જોઇએ કે લાંબા આયુષ્યવાળો પણ મૂર્ખ પુત્ર! દંપતીએ પ્રથમ પ્રકારનો પુત્ર માગ્યો. વૈશાખ સુદ પાંચમના રોજ શ્રી. શંકરાચાર્યનો જન્મ થયો હોવાનું મનાય છે. બચપણમાં જ તેમના પિતા મૃત્યુ પામ્યા હતા અને તેથી માતાએ જ ઉછેરીને તેમને મોટા કર્યા હતા. માતા પ્રત્યે તેમને ખૂબ જ ઊંડો પ્રેમ અને ભકિત હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની માતા સાથેના સંબંધમાં, અનેક ચમત્કારિક વાતો જાણીતી છે. એક તો, વૃદ્ધા માતાને પાણી લાવવામાં કષ્ટ ન પડે તેથી તેઓ પોતાના ગામથી થોડે દૂર વહેતી ત્યાંની રથાનિક નદીને પોતાના ઘર પાસે લઇ આવ્યા હતા. બીજું, માતા પાસેથી સંન્યાસ માટેની અનુમતિ પણ તેમણે એક ચમત્કારથી મેળવી હતી. માતાની ઇચ્છા પુત્રને ગૃહસ્થ બનાવવાની હતી પરંતુ માણસ ધારે છે કંઇક અને ઇશ્વરનું નિર્માણ હોય છે કંઇક બીજું જ. એકવખત માતા-પુત્ર નદીમાં સ્નાન કરવા ગયા હતા. નદીમાં કોઇ મગરે પુત્રનો પગ પકડયો ને ખેંચ્યો. સૌને બીક લાગી. માતા પણ રડવા લાગી. પરંતુ શંકરાચાર્યે કહ્યું કે 'જો તું મને સંન્યાસગ્રહણ કરવાની છૂટ આપ તો આ મગર મારો પગ છોડી દેશે' પુત્રનું જીવન બચાવવા માતાએ અનુમતિ આપી અને મગરે પગ છોડી દીધો. સંસાર રૂપી મગરના પાશમાંથી શંકર મુક્ત થયા! તેમની વિદ્વત્તા વિષે એક શ્લોક જાણીતો છે:—

"अष्टवर्षे चतुर्वेदान् द्वादशे सर्वशास्त्रकृत् ।
षोडशे कृतवान् भाष्यं द्वात्रिंशे मुनिरभ्यगात् ॥"

ઇન્દુભવા (નર્મદા) નદીને કિનારે નિવાસ કરતા 'ગોવિન્દ' મુનિને તેમણે ગુરુપદે સ્થાપ્યા. પોતાની કૃતિઓની પુષ્પિકાઓ (colophons)માં તેઓશ્રી પોતાને 'શ્રીગોવિન્દભગવત્પૂજ્યપાદશિષ્ય' તરીકે ઓળખાવે છે. આ ગુરુ પાસે તેમણે અનેક વર્ષ સુધી વેદાન્તનું અધ્યયન કર્યું અને પારંગત થયા. કહેવાય છે કે એક વખત, તેમણે કોઇ ચમત્કાર કરીને નર્મદાનાં પૂરને અટકાવી દીધું હતું અને ગુરુજીની કુટિર અથવા આશ્રમનું રક્ષણ કર્યું હતું. તેમણે ભારતમાં તેમજ અન્ય રથળોએ અનેક વખત પરિભ્રમણ કર્યું હતું. વેદાન્તસૂત્ર પરના શાંકરભાષ્યની રચના તેમણે કાશીમાં અથવા બદ્રિનાથના આશ્રમમાં રહીને કરી હશે તેમ જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્મમીમાંસાના મુખ્ય પુરસ્કર્તા શ્રી મંડનમિશ્ર સાથેની તેમની શાસ્ત્રાર્થચર્ચા 'શંકરદિગ્વિજય'માં વિસ્તારથી કહી છે. આ ચર્ચામાં નિર્ણાયક તરીકે મંડનમિશ્રની વિદુષી પત્ની 'ભારતી' (અથવા શારદા) હતી. ચર્ચાને અંતે મંડનમિશ્રને આચાર્યના હાથે પરાજય સ્વીકારવો પડ્યો હતો. પરંતુ ભારતીએ, જો આચાર્ય પોતાને-મંડનમિશ્રની પત્નીને-હરાવે તો જ આ પરાજય પૂર્ણ થાય તેવી દલીલ કરી. શ્રીશંકરાચાર્ય ભારતી સાથે શાસ્ત્રાર્થચર્ચા માટે સંમત થયા. સંન્યાસી શંકરને હરાવવા ભારતીએ કામશાસ્ત્રનો પ્રશ્ન તેમને પૂછ્યો. શંકરાચાર્યે એક માસની મુદત માગી. તેમણે અમરુક નામના એક રાજાના મૃતદેહમાં પ્રવેશીને, કામશાસ્ત્રનું જ્ઞાન પણ મેળવ્યું અને યોગ્ય ઉત્તરો આપી, ભારતીને હરાવી. ભારતીની હારથી, મંડનમિશ્રની હાર પૂરી થઇ અને મંડનમિશ્ર સંન્યાસી બન્યા. શ્રી શંકરાચાર્યના પટ્ટશિષ્ય તરીકે જાણીતા સુરેશ્વરાચાર્ય તે જ આ મંડનમિશ્ર. શ્રી શંકરાચાર્યનું શિષ્યમંડળ વિસ્તૃત હતું, જેમાં આ સુરેશ્વરાચાર્ય, પદ્મપાદાચાર્ય, હસ્તામલકાચાર્ય અને તોટકાચાર્ય મુખ્ય શિષ્યો હતા. શંકરાચાર્યે ભારતમાં ચારે દિશામાં ચાર ધામ અથવા પીઠની સ્થાપના કરી હતી અને તેના અધ્યક્ષપદે આ ચાર પટ્ટશિષ્યોને મૂક્યા હતા.

માતાની અંતિમ પળોમાં શંકર તેમની પાસે કાલટી પહોંચી ગયા હતા. કહે છે કે અંતસમયે શંકરે માતાને શિવ તેમજ વિષ્ણુનો સાક્ષાત્કાર કરાવ્યો હતો. પોતાની પ્રતિજ્ઞા મુજબ માતાનો અગ્નિસંસ્કાર પણ શંકરે જ કરેલો. શંકરની આ અસીમ માતૃ-ભક્તિ સાબિત કરે છે કે સંન્યાસીએ સમાજ પ્રતિ તીક્ષ્ણ કે કઠોર થવું ન જોઇએ, પરંતુ કુટુંબ પ્રતિ અને સમાજ પ્રતિ પ્રેમ અને ફરજની ભાવના કેળવવી જોઇએ. શંકરાચાર્યે અનેક સ્થળોએ પરિભ્રમણ કરી, 'ધર્મ-દિગ્વિજય' પ્રાપ્ત કર્યો હતો. તેમણે સ્થાપેલ ચારે ધર્મસ્થાનો(મઠો)—દક્ષિણમાં શૃંગેરીમઠ, પશ્ચિમમાં શારદામઠ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તરમાં જ્યોતિર્મઠ, અને પૂર્વમાં ગોવર્ધનમઠ—આજે પણ તેમના 'ધર્મ-દિગ્વિજય'ના મૂક સાક્ષી સમા છે. તેમણે કાંચીમાં અગર કૈલાસપર્વત પર દેહત્યાગ કર્યો હતો તેમ મનાય છે. તેમની મૃત્યુતિથિ અંગે એકમત નથી; કેટલાક વૈશાખ સુદ અગિયારસ, કેટલાક વૈશાખ સુદ પૂનમ, અને કેટલાક કારતક સુદ અગિયારસ માને છે. શ્રી શંકરાચાર્યે બત્રીસ વરસની અલ્પ વયમાં જ સમાધિ ધારણ કરી હતી તે વિષે શંકા નથી. કરોડો ગ્રંથમાં કહેલ વસ્તુને "**ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः।**" એમ સંક્ષેપમાં શ્લોકાર્ધમાં રજૂ કરતા આચાર્ય શ્રી. શંકરાચાર્યે પોતાની આટલી સ્વલ્પ વયમાં પણ, ભારતીય અને વિશ્વના તત્ત્વજ્ઞાનમાં જે અમૂલ્ય ફાળો આપ્યો છે તેનું મુલ્યાંકન કરવું શકય નથી.

તેમના જીવનની જેમ, તેમની કૃતિઓ વિષે પણ જરા મતભેદ છે. લગભગ ચારસો જેટલી કૃતિઓ તેમના નામ પર ચડાવવામાં આવી છે, પરંતુ તેમાંથી અમુક જ ચોક્કસ રીતે તેમની છે તેમ કહી શકાય. તેમની કૃતિઓને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે : (૧) ભાષ્યો (૨) સ્તોત્રો અને (૩) પ્રકરણ-ગ્રંથો. સંક્ષેપ માટે, આપણે માત્ર ગ્રંથોના નામ જ જોઇશું.

(૧) **ભાષ્યોઃ**—બ્રહ્મસૂત્રભાષ્ય, ગીતાભાષ્ય, ઉપનિષદ્‌ભાષ્યો, ગૌડપાદકારિકાભાષ્ય, વિષ્ણુસહસ્રનામભાષ્ય, સનત્સુજાતીયભાષ્ય, લલિતાત્રિશતીભાષ્ય, વગેરે. આ ઉપરાંત બીજાં અનેક ભાષ્ય (જેમકે, ગાયત્રીભાષ્ય, સંધ્યાભાષ્ય, હસ્તામલકસ્તોત્રભાષ્ય, વ.) એમને નામે ચડાવવામાં આવેલ છે, પરંતુ તે ભાષ્યોના કર્તૃત્વ અંગે એકવાકયતા નથી.

(૨) **સ્તોત્રોઃ**—શ્રી. શંકરાચાર્યના નામ પર શિવમાનસપૂજા, શિવાપરાધક્ષમાપનસ્તોત્ર, વેદસારશિવસ્તવ, શિવાષ્ટક, શિવપંચાક્ષર સ્તોત્ર, ૪. શિવસ્તોત્રો; લલિતાપંચક, મીનાક્ષીપંચરત્ન, દેવ્યપરાધ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષમાપનસ્તોત્ર, ભવાન્યષ્ટક, આનંદલહરી, ઇ. શક્તિસ્તોત્રો; શ્રીલક્ષ્મી-નૃસિંહસ્તોત્ર, વ. વિષ્ણુસ્તોત્ર; ગોવિન્દાષ્ટક, અચ્યુતાષ્ટક, કૃષ્ણાષ્ટક, વ. કૃષ્ણસ્તોત્રો; ગંગાષ્ટક, ગંગાસ્તોત્ર, યમુનાષ્ટક, સાધનપંચક, ધન્યાષ્ટક, ચર્પટપંજરિકાસ્તોત્ર, દ્વાદશપંજરિકાસ્તોત્ર, ઇ. પ્રકીર્ણ-સ્તોત્રો, તેમજ અન્ય ઘણાં સ્તોત્રો છે. આમાંથી ખરેખર તેમણે કેટલાં અને કયાં કયાં લખ્યાં હશે તે કહેવું મુશ્કેલ છે; જોકે કેટલાંક સ્તોત્રોના વિચાર અને શબ્દરચના તે શ્રી. શંકરાચાર્યનાં જ હશે તેવી આપણને પ્રતીતિ કરાવે છે.

(૩) **પ્રકરણ ગ્રંથ** :– શ્રી. શંકરાચાર્યના નામ પર અનેક પ્રકરણગ્રંથો છે, જેમાં વિવેકચૂડામણી, ઉપદેશસાહસ્રી, અપરોક્ષાનુભૂતિ, આત્મબોધ, શતશ્લોકી, દશશ્લોકી, મોહમુદ્ગર, અદ્વૈતાનુભૂતિ, અદ્વૈતપંચરત્ન, ઇ. નો સમાવેશ થાય છે. આ યાદી પણ ખૂબ જ વિસ્તૃત છે અને તે દરેક પણ શંકરાચાર્યે જ લખેલ હશે તેમ માનવું બરાબર નથી.

ડો. બેલવેલકર ('બસુમલિકલેક્ચર્સ ઓન વેદાન્ત' પૃ. ૨૧૦) માને છે કે ૧૧ ભાષ્યો, ૮ સ્તોત્રો અને ૫ પ્રકરણગ્રંથો—કુલ ચોવીસ કૃતિઓ શ્રી. શંકરાચાર્યે ચોક્કસ લખી છે; બાકીની ૩૫૮ કૃતિઓ —૩૧ ભાષ્યો, ૨૧૫ સ્તોત્રો અને ૧૧૨ પ્રકરણગ્રંથો અંગે શ્રી. શંકરાચાર્યનું કર્તૃત્વ સાબિત થતું નથી.

શ્રી. શંકરાચાર્યના સમય વિષે હવે ખાસ મતભેદ નથી. આઠમા સૈકાના ઉત્તરાર્ધ (ઇ. સ. ૭૮૮–૮૨૦)ને શ્રી. શંકરાચાર્યના જીવનકાલ તરીકે હવે સર્વમાન્ય માન્યતા મળી છે, સાતમા સૈકામાં શ્રી શંકરાચાર્યને મૂકતા શ્રી તેલંગના મતને પ્રો. કે. બી. પાઠક સાહેબે યોગ્ય દલીલોથી ખોટો ઠેરવ્યો છે. મેકસમ્યૂલર, મેકડોનલ, રાધાકૃષ્ણન્, ડો. ઉમેશ મિશ્ર, શ્રી એ. કે. ત્રિવેદી, ઈ. વિદ્વાનો આ મત ધરાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે શ્રી શંકરાચાર્યના સિદ્ધાન્તો સંક્ષેપમાં વિચારીએ.

શ્રી શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન "કેવલાદ્વૈત" નામે જાણીતું છે. આ તત્ત્વજ્ઞાનને સંક્ષેપમાં શ્રી શંકરાચાર્યે "**ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः।**" એમ સમજાવેલ છે. કેવલાદ્વૈતમાં બ્રહ્મ અંતિમ અને આખરી–એકમાત્ર–સત્ય છે. બ્રહ્મનું સ્વરૂપ સત્, ચિત્ અને આનંદ છે. તે કૂટસ્થનિત્ય, વ્યોમવત્સર્વવ્યાપિ, સર્વ-વિક્રિયારહિત, નિરવયવ, નિર્ગુણ અને નિરાકાર છે. તે દેશકાલાદિથી પર અને સ્વયંજ્યોતિઃસ્વભાવ છે. આ બ્રહ્મના ધર્મો નથી પણ બ્રહ્મસ્વરૂપ છે. જેમકે જ્ઞાન બ્રહ્મનો ગુણ નથી-બ્રહ્મ જ્ઞાનગુણયુક્ત નથી, પણ જ્ઞાનસ્વરૂપ છે. તે તર્કથી સમજી શકાય તેવું નથી અને કાર્યકારણભાવથી પર છે. તે 'એક' છે તેમ પણ આપણે કહી શકીએ નહીં; તે અદ્વૈત છે. નિર્ગુણ અને નિર્વિશેષ હોવાથી તે અજ્ઞેય અને અનિર્વચનીય છે. તે શબ્દોથી પર છે "**यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह** (તૈ. ૨. ૪. ૧.)." 'નેતિ નેતિ'થી જ તેનું વર્ણન થઈ શકે. પરંતુ તે ઉપરથી બ્રહ્મ 'શૂન્ય' છે અથવા તો, 'નકારાત્મક (Negative) તત્ત્વ' છે તેમ માનવાની ભૂલ કરવી ન જોઈએ. શ્રી શંકરાચાર્યે પોતે પણ તેવી ભૂલ કરનારની ટીકા કરી છે: "**दिग्देशगुणगतिफलभेदशून्यम् हि परमार्थसदद्वयम् ब्रह्म मन्दबुद्धीनामसदिव प्रतिभाति।**" (છાં. ઉ. ૮.૧.૧. પરનું શાંકરભાષ્ય). પ્રો. હિરિયણ્ણા કહે છે તેમ, વાસ્તવિક રીતે, અદ્વૈતી 'નેતિ-નેતિ' જેવાં ઉપનિષદ્-વાક્યોને ગૌણસ્થાન આપે છે અને 'તત્ત્વમસિ' જેવાં વાક્યોને—કે જે આપણી અંદર રહેલ તત્ત્વને અંતિમ અને મુખ્ય વસ્તુ માને છે તેમને—મુખ્ય સ્થાન આપે છે. આમ નિષેધાત્મક વાક્યોનો અર્થ સ્વતંત્ર રીતે કરવાનો નથી; 'તત્ત્વમસિ' જેવાં વિધાનાત્મક વાક્યોના સંદર્ભમાં જ તેમનો અર્થ કરવાનો છે. એટલે કે, બ્રહ્મ આત્મરૂપ અને ભાવરૂપ છે તેમ ફલિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે. તેથી, શ્રી. શંકરાચાર્યના બ્રહ્મસિદ્ધાંત અને બૌદ્ધોના શૂન્યવાદ વચ્ચે જમીન–આસમાનનું અંતર છે. પદ્મપુરાણનું જાણીતું કથન "मायावादमसच्छास्त्रम् प्रच्छन्नबौद्धमेव च।" આવ્યું નથી. શ્રી. શંકરાચાર્યને 'પ્રચ્છન્નબૌદ્ધ' કહેનારાઓ વેદાન્ત તત્ત્વજ્ઞાનને સાચી રીતે સમજ્યા નથી. દ્વૈતનો નિષેધ કરીને વેદાન્ત નિરાશાવાદ શીખવે છે અને માણસની કાર્યશક્તિ અને ધગશને ઓછી કરે છે તેવો મત પણ આટલો જ અયથાર્થ છે. બ્રહ્મ 'અવિષય' હોવાથી શાસ્ત્રો નિરર્થક થઈ જશે એમ શ્રી. શંકરાચાર્ય સામે દલીલ કરવામાં આવે છે. પરંતુ શાંકરમત પ્રમાણે, શાસ્ત્રો નિરર્થક નથી, પરંતુ સાર્થક છે. અવિદ્યા-કલ્પિતભેદની નિવૃત્તિ તે શાસ્ત્રોનું પ્રયોજન છે. વળી, બ્રહ્મ અત્યંત અવિષય નથી. તે 'અસ્મત્પ્રત્યય'નો વિષય છે. (न तावदयमेकान्तेना-विषयः अस्मत्प्रत्ययविषयत्वात्। બ્ર. સૂ. ૧.૧.૧ પરનું શાંકરભાષ્ય).

આત્માનું અસ્તિત્વ સ્વયંસિદ્ધ છે. તે અનુભવ દ્વારા નક્કી થયેલું છે. જગતના બધા પ્રમાણ–પ્રમેય, ઇ. વ્યવહારોનો આશ્રય આત્મા છે: દરેકને 'હું છું' એવો દૃઢ વિશ્વાસ છે, 'હું નથી' એવો અનુભવ નથી. (सर्वस्यात्मत्वाच्च ब्रह्मास्तित्वप्रसिद्धिः। सर्वो हि आत्मास्तित्वं प्रत्येति, न नाहमस्मीति। यदि हि नात्मास्तित्व-प्रसिद्धिः स्यात् सर्वो हि लोको नाहमस्मीति प्रतीयात्। आत्मा च ब्रह्म।—બ્ર. સૂ. ૧.૧.૧ પરનું શાંકરભાષ્ય). અન્યત્ર પણ, શ્રી. શંકરાચાર્યે આત્માના અસ્તિત્વ વિષે સ્પષ્ટરીતે કહ્યું છે: "आत्मत्वाच्चात्मनो निराकरणशंकानुपपत्तिः। न ह्यात्मागन्तुकः कस्यचित् स्वयंसिद्धत्वात्।....आत्मा तु प्रमाणादिव्यवहारा-श्रयत्वात्प्रागेव प्रमाणादिव्यवहारात्सिध्यति। न चेदृशस्य निरा-करणं संभवति। आगन्तुकं हि वस्तु निराक्रियते, न स्वरूपम्। य एव हि निराकर्ता तदेव तस्य स्वरूपम्। न ह्यग्नेरौष्ण्य-मग्निना निराक्रियते।" (બ્ર. સૂ. ૨.૩.૭. પરનું શાંકરભાષ્ય.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મનું લક્ષણ બે પ્રકારે આપી શકાય. એક તેનું સ્વરૂપ લક્ષણ (જેમકે, सत्यं ज्ञानमनन्तं ब्रह्म।) અને બીજું તેનું તટસ્થ લક્ષણ (જેમકે, यतो वा इमानि भूतानि जायन्ते....।). 'सत्यं ज्ञानमनन्तं ब्रह्म અથવા 'विज्ञानमानन्दं ब्रह्म' તે બ્રહ્મનું સ્વરૂપલક્ષણ છે. આમાં પણ 'સત્ય' 'જ્ઞાન' અને 'અનન્ત' પદો બ્રહ્મનાં વિશેષણો નથી. બ્રહ્મ એક અને અદ્વિતીય હોવાથી, તેને વિશેષણો હોવાની શક્યતા જ નથી. માટે આ 'લક્ષણ-પ્રધાન' વિશેષણો છે તેમ માનવું જોઇએ. વિશેષણ અને લક્ષણમાં મોટો ભેદ છે. વિશેષણ વિશેષ્યને તેના સજાતીય પદાર્થોમાંથી જ વ્યાવર્તિત કરે છે; લક્ષણ તેને બધામાંથી વ્યાવર્તિત કરે છે. તેથી આ બ્રહ્મનું સ્વરૂપલક્ષણ છે તેમ કહી શકાય.

શ્રી. શંકરાચાર્યને મતે સત્તા ત્રણ પ્રકારની છે :-(૧) પારમાર્થિક સત્તા. (૨) વ્યાવહારિક સત્તા અથવા આનુભવિક સત્તા અને (૩) પ્રાતિભાસિક સત્તા. પારમાર્થિક સત્તા એક માત્ર બ્રહ્મની છે. તેને તાત્ત્વિક અથવા નિરપેક્ષ સત્તા પણ કહે છે. જેનો ત્રણે કાળમાં બાધ થતો નથી તે બ્રહ્મની પારમાર્થિકી સત્તા છે. જે વિષય અમુક ક્ષણ કે ક્ષણો પૂરતો જ મર્યાદિત છે પરંતુ જાગૃત અવસ્થામાં જ જેનો બાધ થાય તે પ્રાતિભાસિક સત્તા અથવા અનુભવ છે. રજ્જુમાં સર્પની ભ્રાંતિને પ્રાતિભાસિકી સત્તા કહી શકાય, કારણ તેનો અમુક જ ક્ષણોમાં બાધ થાય છે. નામરૂપાત્મક જગતનો સત્તા તે વ્યાવહારિકી સત્તા છે કારણ બ્રહ્માત્મૈકત્વજ્ઞાન થતાં સુધી તેનો બાધ થતો નથી. જરા જુદી રીતે જોઇએ તો, સાધારણ અથવા સામાન્ય જ્ઞાનને વ્યાવહારિક જ્ઞાન અને ભ્રમજ્ઞાનને પ્રાતિભાસિક જ્ઞાન કહી શકાય. ભ્રમજ્ઞાન તે વ્યક્તિ પૂરતું જ મર્યાદિત છે અને સામાન્ય જ્ઞાનની જેમ, બીજા માટે ન હોઇ શકે. 'રજ્જુસર્પ'ના દૃષ્ટાન્તમાં, જે વ્યક્તિને રજ્જુમાં સર્પ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાય છે તે (સર્પ) તે વ્યક્તિ પૂરતો જ સીમિત છે અને બીજા માટે નથી.

અસર્પભૂત રજ્જુમાં સર્પના આરોપની જેમ, વસ્તુમાં અવસ્તુના આરોપને 'અધ્યારોપ' કહે છે. સચ્ચિદાનન્દ, અનન્ત, અદ્વય બ્રહ્મ તે વસ્તુ; અનાદિસકલજડસમૂહ તે અવસ્તુ. આ અજ્ઞાનમૂલક ભ્રમને 'અધ્યાસ' કહેવામાં આવે છે, જેની વ્યાખ્યા શ્રી. શંકરાચાર્યે **અતસ્મિંસ્તદ્ બુદ્ધિઃ,** " અથવા "**સ્મૃતિરૂપઃ પરત્ર પૂર્વદૃષ્ટાવભાસઃ**" (બ્ર. સૂ. ૧. ૧. ૧. પરનું શાંકરભાષ્ય) આપી છે. આ અધ્યાસ અજ્ઞાનમૂલક હોય છે, કારણ 'રજ્જુસર્પ'ના દૃષ્ટાન્તમાં, આપણે રજ્જુને ભૂલી જઈએ છીએ અને તેને સ્થાને, સર્પનો ભ્રમ આપણને થાય છે. અલબત, રજ્જુમાં સર્પનો ભ્રમ થવામાં અજ્ઞાન ઉપરાંત બીજાં પણ કારણો હોઈ શકે છે, જેમકે પ્રથમનું સર્પનું જ્ઞાન, દોષપૂર્ણ દૃષ્ટિ, ઇ. છતાં મુખ્ય કારણ તો અજ્ઞાન જ છે. આ અજ્ઞાનને અવિદ્યા પણ કહે છે. આ અજ્ઞાન કે અવિદ્યા આ પ્રમાણે બે કાર્ય કરે છે : એક તો, રજ્જુને ઢાંકી દેવાનું અને બીજું, તેને સ્થાને સર્પને રજૂ કરવાનું. આ બે કાર્યો અવિદ્યા પોતાની બે શક્તિઓની મદદથી કરે છે. આ શક્તિઓ આવરણશક્તિ તથા વિક્ષેપશક્તિ તરીકે ઓળખાય છે. આવરણશક્તિથી અજ્ઞાન વસ્તુના મૂળ સ્વભાવને (દા. ત. રજ્જુને) તિરોહિત કરે છે અને વિક્ષેપ-શક્તિથી તે અન્યને (દા. ત. સર્પને) રજૂ કરે છે. જેમ અલ્પ મેઘ પણ જોનારના દૃષ્ટિપથને આવરી લઈને, અનેક યોજન દૂર રહેલ આદિત્યને જાણે કે ઢાંકી દે છે તેમ પરિચ્છિન્ન અજ્ઞાન પણ, સૌની બુદ્ધિને આવરી લઈને, અપરિચ્છિન્ન–અસંસારી–સ્વયંપ્રકાશ આત્માને જાણે કે ઢાંકી દે છે. આ તેની આવરણશક્તિનું કાર્ય છે. વિક્ષેપશક્તિ તે સુક્ષ્મશરીરથી માંડીને બ્રહ્માંડ સુધીનું સર્જન કરે છે. આમ અજ્ઞાનની બે શક્તિઓ–આવરણ તથા વિક્ષેપ માનવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. "अस्याज्ञानस्यावरणविक्षेपनामकमस्ति शक्तिद्वयम् । अनयैवावरणशक्त्याच्छिन्नस्यात्मनः कर्तृत्वभोक्तृत्वसुखदुःख-मोहात्मकतुच्छसंसारभावनापि संभाव्यते यथास्वाज्ञानावृतायां रज्ज्वां सर्पत्वसम्भावना । विक्षेपशक्तिर्लिङ्गादिब्रह्माण्डान्तं जगत्सृजेदिति ।" (વેદાન્તસાર–સદાનન્દ).

નિર્ગુણ–નિર્વિશેષ–બ્રહ્મ વ્યવહારનો વિષય નથી. તે જ્યારે માયાથી અવચ્છિન્ન થઈને વ્યાવહારિક દશાને પામે, સગુણ–સવિશેષ ભાવને ધારણ કરે ત્યારે તેને 'ઈશ્વર' અથવા 'સગુણબ્રહ્મ' કહેવામાં આવે છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ ઈશ્વર છે. વિશ્વના સર્જક અને નિયામક તરીકે રહેલ ઈશ્વર તે બ્રહ્મનું નામ–રૂપવિકારભેદોપાધિ વિશિષ્ટ સ્વરૂપ છે. જેમ સમષ્ટિ–અભિપ્રાયે 'વન' તરીકે એકત્વવ્યપદેશ છે અને વ્યષ્ટિ–અભિપ્રાયે, વૃક્ષોને લક્ષમાં લેતાં, નાનાત્વનો વ્યવહાર શક્ય છે તેમ અજ્ઞાનનો પણ સમષ્ટિ અને વ્યષ્ટિને અભિપ્રાયે, 'એક' તથા 'અનેક' તરીકે વ્યવહાર થઈ શકે છે. ઉત્કૃષ્ટ ઉપાધિને કારણે, વિશુદ્ધસત્વપ્રધાન આ સમષ્ટિ–અજ્ઞાનથી ઉપહિત ચૈતન્યનો, સર્વજ્ઞત્વ, સર્વેશ્વરત્વ, સર્વનિયન્તૃત્વ, આદિ ગુણોથી યુકત, અન્તર્યામી, જગત્કારણ, 'ઈશ્વર' તરીકે વ્યપદેશ કરવામાં આવે છે કારણકે તે સકલ અજ્ઞાનનો પ્રકાશક છે (વેદાન્તસાર–સદાનન્દ). શ્રી. શંકરાચાર્ય પણ એક સ્થળે કહે છે: "परमात्मनस्तु स्वरूपव्यपाश्रयमौदासीन्यं मायाव्यपाश्रयं च प्रवर्तकत्वमिति अस्त्यतिशयः ।" (બ્ર.સૂ.૨.૨.૭. પરનું શાંકરભાષ્ય). જીવ તે આકાશઘટાકાશન્યાયે આત્માનું વ્યાવહારિક રૂપ છે. વ્યવહારદૃષ્ટિએ જીવો અનેક છે અને દરેકને પોતપોતાની વિશિષ્ટતાઓ છે. પારમાર્થિક રીતે તો, જીવ પણ બ્રહ્મ જ છે અને બ્રહ્મના નિત્યત્વ, વિભુત્વ, સર્વશક્તિમત્ત્વ, આદિ ગુણો પણ જીવમાં છે જ, છતાં જેમ લાકડામાં અગ્નિ છૂપાઈને રહ્યો હોય તેમ આ ગુણો જીવમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તિરોહિત સ્વરૂપે રહેલ છે અને જીવના બ્રહ્મૈકત્વજ્ઞાન પછી મુક્તિદશામાં પ્રગટ થાય છે. અંતઃકરણાદિની ઉપાધિઓને કારણે, જીવની શુદ્ધચૈતન્યદશાનું તિરોધાન છે. આ ઉપાધિઓ પણ માયા અથવા અવિદ્યાના એક ભાગરૂપે છે. આ ઉપાધિઓને કારણે જીવ જન્મમરણજરાવ્યાધિ આદિ સુખદુઃખોનો અનુભવ કરે છે. ઈશ્વર, માયા, અને જીવની ત્રિપુટીનો પારસ્પરિક સંબંધ કેવો છે તે શ્રી. શંકરાચાર્યે એક સ્થળે સરલ અને સ્પષ્ટરીતે સમજાવ્યું છે: " सर्वज्ञस्येश्वरस्यात्मभूत इवाविद्याकल्पिते नामरूपे तत्त्वान्यत्वाभ्यामनिर्वचनीये संसारप्रपंचबीजभूते सर्वज्ञस्येश्वरस्य मायाशक्तिः प्रकृतिरिति च श्रुतिस्मृत्योरभिलप्येते । ताभ्यामन्यः सर्वज्ञः ईश्वरः..... इत्यादिश्रुतिभ्यः । एवमविद्याकृतनामरूपोपाध्यनुरोधीश्वरो भवति, व्योमेव घटकरकाद्युपाध्यनुरोधि । स च स्वात्मभूतानेव घटाकाशस्थानीयानविद्याप्रत्युपस्थापितनामरूपकृतकार्यकरणसंघातानुरोधिनो जीवाख्यान्विज्ञानात्मनः प्रतीष्टे व्यवहारविषये । तदेवमविद्यात्मकोपाधिपरिच्छेदापेक्षमेवेश्वरस्येश्वरत्वं सर्वज्ञत्वं सर्वशक्तित्वं च न परमार्थतो विद्ययापास्तसर्वोपाधिस्वरूप आत्मनीशित्रीशितव्यसर्वज्ञत्वादिव्यवहार उपपद्यते ।" (બ્ર. સૂ. ૨.૧.૧૪ પરનું શાંકરભાષ્ય). 'પંચદશી'નો એક શ્લોક છે –मायाख्याः कामधेनोर्वत्सौ जीवेश्वरावुभौ ॥ यथेच्छं पिबतां द्वैतं तत्त्वमद्वैतमेव हि ॥ (૬.૨૩૬.)

પરંતુ આ અવિદ્યા અથવા અજ્ઞાન અથવા માયા વાસ્તવમાં શું છે? તે જગતનું કારણ છે. આવરણ તથા વિક્ષેપ શક્તિઓથી તે બ્રહ્મસ્વભાવનું તિરોધાન કરે છે અને સૂક્ષ્મશરીરથી માંડીને બ્રહ્માંડ સુધીનું સર્જન કરે છે. પરંતુ તે 'સત' છે કે 'અસત્'? આ પ્રશ્નનો જવાબ મુશ્કેલ છે. તે 'સત્' નથી કારણ 'સત્'નો એકમાત્ર બ્રહ્મ જ છે. જો અવિદ્યા પણ 'સત્' હોય તો તો દ્વૈતાપત્તિ થાય! અને અવિદ્યાને (શશવિષાણ જેવી) 'અસત્'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કેમ કહેવાય ? કારણ 'અસત્–વસ્તુ' (જેમકે શશવિષાણ) કંઈ જ કરી શકે નહીં, જ્યારે આ અવિદ્યા તો પોતાની બે શક્તિઓ વડે અમુક અમુક કાર્ય કરે છે જ ! તેથી તેને 'સદસદ્‌વિલક્ષણ' એવું નામ આપ્યું છે. વેદાન્તમતે, આ માયા અથવા અજ્ઞાન તે સદસત્-નિર્વચનીય, ત્રિગુણાત્મક, જ્ઞાનવિરોધી અને ભાવરૂપ છે. આદિત્ય-પુરાણનો એક જાણીતો શ્લોક છે:—

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી
વિશ્વવિદ્યાલય

"नासद्रूपा न सद्रूपा माया नैवोभयात्मिका ।
सदसद्भ्यामनिर्वाच्या मिथ्याभूता सनातनी ॥"

જગત પણ બ્રહ્મનું પ્રાતિભાસિક સ્વરૂપ જ છે. છતાં, બ્રહ્મ અને જગતનું નિર્ભેળ એકત્વ છે તેમ શ્રી. શંકરાચાર્યે કહ્યું નથી; બંને વચ્ચેના ભેદનો તેમણે નિષેધ કર્યો છે. બ્રહ્મથી સ્વતંત્ર રીતે કે ભિન્ન રીતે જગતનું અસ્તિત્વ નથી. બ્રહ્મ સત્ છે પરંતુ જગત્ સત્ પણ નથી અને અસત્ પણ નથી. બ્રહ્મની 'સત્તા' અને શશવિષાણાદિની 'અસત્તા'થી જૂદું જ જગતનું વ્યાવહારિક અસ્તિત્વ છે. રજ્જુસર્પના દૃષ્ટાન્તથી આ સમજાશે. રજ્જુને બદલે જેનો ભાસ થાય છે તે સર્પ ખરેખર ત્યાં નથી, તેમજ તે ગગનકુસુમ જેવો 'અસત્' પણ નથી. માત્ર અંધકારાદિને કારણે તેનો રજ્જુમાં ભાસ થયો હોય છે તેમ અવિદ્યા અથવા માયાને કારણે, જગતનો બ્રહ્મમાં ભાસ થાય છે. આ રીતે જગત્ 'સદસદ્‌વિલક્ષણ' માનવામાં આવે છે. "દૃગ્‌દૃશ્યવિવેક"માં એક શ્લોક (૨૦) છે:–"अस्ति भाति प्रियं रूपं नाम चेत्यंशपञ्चकम् । आद्यत्रयं ब्रह्मरूपं जगद्रूपं ततो द्वयम् ॥"

કાર્યકારણના આ સંબંધને 'વિવર્તવાદ' કહેવામાં આવે છે. કારણ જ એકમાત્ર સત્તા છે, કાર્યની કલ્પના એ તો માત્ર આપણો માનસિક આરોપ છે. કાર્ય જ્યારે ઉત્પન્ન થાય ત્યારે મૂળ દ્રવ્યમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અથવા કારણમાં કશોજ વિકાર કે ફેરફાર થતો નથી. પરિણામવાદમાં કાર્ય એ કારણનું રૂપાન્તર છે; નવો જ ઉત્પન્ન થયેલ પદાર્થ છે (જેમકે, દૂધમાંથી દહીં). પરંતુ વિવર્તવાદમાં કાર્યકારણનું અનન્યત્વ છે; કાર્ય-કારણ વચ્ચે તાદાત્મ્ય સંબંધ છે, કારણ બધાં જ કાર્યો વસ્તુતઃ કારણો પર આરોપિત હોય છે. વિકાર અને વિવર્ત વચ્ચેનો તફાવત, 'વેદાન્તસાર'માં એક કારિકામાં સારીરીતે રજૂ થયો છે.

"सतत्त्वतोऽन्यथा प्रथा विकार इत्युदीरितः।
अतत्त्वतोऽन्यथा प्रथा विवर्त इत्युदीरितः॥"

'રજ્જુ-સર્પ'માં જેમ ખરેખર રજ્જુ જ અસ્તિત્વ ધરાવે છે પરંતુ અંધકારાદિને કારણે તેમાં આપણને 'સર્પ'નો ભાસ થાય છે, તેમ બ્રહ્મમાં પણ આપણને જગતનો ભાસ થાય છે. શ્રી. શંકરાચાર્ય કહે છે તેમ કારણથી જુદું કાર્ય સો વર્ષે પણ નક્કી કરવું શક્ય નથી. (तस्मात्क्षारादीन्येव द्रव्याणि दध्यादिभावेनावतिष्ठमानानि कार्याख्यां लभन्त इति न कारणादन्यत् कार्यं वर्षशतेनापि शक्यं निश्चेतुम्।–બ્ર. સૂ. ૨.૧.૧૮ પરનું શાંકરભાષ્ય). કાર્યનો આકાર પણ કારણનો 'આત્મભૂત'જ હોય છે. કારણ જે આત્મભૂત ન હોય તે શરૂ જ ન થઈ શકે. (બ્ર. સૂ. ૨.૧.૧૮).

આત્માને સાચી રીતે ઓળખવો-આત્મજ્ઞાન અથવા બ્રહ્મભાવ તે મોક્ષ છે. (ब्रह्मभावश्च मोक्षः। બ્ર. સૂ. ૧.૧.૪ પરનું શાંકરભાષ્ય). આપણે જે છીએ તે થવું તે આપણું અંતિમ ધ્યેય છે તેમ કહી શકાય. મોક્ષ કોઇ નવી અવસ્થા નથી પણ આત્માની ત્રણે કાળની શાશ્વત અવસ્થા છે. શ્રુતિસ્મૃતિ આત્મજ્ઞાનથી મોક્ષ સ્પષ્ટરીતે જણાવે છે. જેમકે, "भिद्यन्ते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः। क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे॥" (મુંડક ૨.૨.૮); "यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन। ज्ञानाग्निः सर्वकर्माणि

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भस्मसात्कुरुते तथा ॥ (ગીતા ૪.૩૭), વગેરે. આ રીતે, શાંકરમત પ્રમાણે મોક્ષ કોઇ મેળવવાની અગર પ્રાપ્ત કરવાની નવી અવસ્થા નથી: તે તો ત્રણે કાળમાં આત્માનું સ્વરૂપ જ છે. તેથી જ ઉપનિષદમાં 'तत् त्वमसि' (તે તું છે) એમ કહ્યું છે, 'तत् त्वं भव' (તે તું થા) એમ કહ્યું નથી. જેમ એક સિંહનું બચ્ચું જન્મથી જ ઘેટાં વચ્ચે રહ્યું હોય અને પોતાને ઘેટું જ માનતું હોય, પરંતુ તેને એક વખત જ્ઞાન થાય કે તે સિંહ છે, ઘેટું નથી. અને તેનું 'સિંહત્વ' પ્રકાશી ઉઠે, તેમ જીવનું પરમાત્મત્વ પણ આત્મજ્ઞાનથી પ્રકાશી ઉઠે છે. અને આ પરમાત્મત્વ તે જીવનું પોતાનું સ્વરૂપ જ છે.

જેણે આત્મજ્ઞાન અથવા બ્રહ્માત્મભાવ પ્રાપ્ત કર્યો છે તેને સંસારિત્વ રહેતું નથી (तस्मान्नावगतब्रह्मात्मभावस्य यथापूर्वं संसारित्वम् । બ્ર. સૂ. ૧.૧.૪. પરનું શાંકરભાષ્ય). અવિદ્યા-કલ્પિત સંસારિત્વને દૂર કરીને, નિત્યમુક્ત-આત્મસ્વરૂપના સમર્પણથી મોક્ષમાં અનિત્યત્વનો પણ દોષ નથી. (अविद्याकल्पितसंसारित्व-निवर्तनेन नित्यमुक्तात्मस्वरूपसमर्पणान्न मोक्षस्यानित्यत्वदोषः । બ્ર. સૂ. ૧.૧.૪ પરનું શાંકરભાષ્ય). આમ, શાંકરમતે મોક્ષ અનિત્ય નથી પરંતુ નિત્ય છે. જો મોક્ષ ઉત્પાદ્ય કે વિકાર્ય હોય તો તે, દધ્યાદિ વિકાર્યની જેમ અથવા ઘટાદિ ઉત્પાદ્યની જેમ અનિત્ય થઈ જાય. મોક્ષ સંસ્કાર્ય પણ ન હોઇ શકે કારણ સંસ્કાર તો સંસ્કાર્યના ગુણ-આધાનથી કે દોષ-અપનયનથી થઈ શકે. જ્યારે મોક્ષ અનાધેયાતિશય બ્રહ્મસ્વરૂપ હોવાથી તેમાં ગુણ-આધાન શક્ય નથી તેમજ તે નિત્યશુદ્ધ બ્રહ્મસ્વરૂપ હોવાથી તેમાંથી દોષ-અપનયન પણ અસંભવ છે. (બ્ર. સૂ. ૧.૧.૪ પરનું શાંકરભાષ્ય). અલબત, આ સંસાર પણ પરમાર્થરીતે નથી તે આપણે યાદ રાખવું ઘટે. (अविद्याप्रत्युप-स्थापितनामरूपकृतकार्यकरणसंघातोपाध्यविवेककृता हि भ्रान्ति-र्हिताकरणादिलक्षणः संसारो न तु परमार्थतोऽस्तीत्यसकृदुक्तो

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

चाम । બ્ર. સૂ. ૨.૧.૨૨ પરનું શાંકરભાષ્ય). તેથી મોક્ષપ્રાપ્તિમાં અથવા મોક્ષાવસ્થામાં, માત્ર એક જ્ઞાન સિવાય ક્રિયાનો ગંધમાત્ર અનુપ્રવેશ પણ નથી (तस्माज्ज्ञानमेकं मुक्त्वा क्रियाया गन्धमात्र-स्यानुप्रवेश इह नोपपद्यते । બ્ર. સૂ. ૧.૧.૪ પરનું શાંકરભાષ્ય). અને, આથી બીજું મોક્ષ પ્રત્યેનું ક્રિયાનુપ્રવેશદ્વાર કોઇ બતાવી શકે તેમ નથી (अतः अन्यन्मोक्षं प्रति क्रियानुप्रवेशद्वारं न शक्यं केनचिद्दर्शयितुम् । બ્ર. સૂ. ૧.૧.૪. પરનું શાંકરભાષ્ય).

"तत्त्वमसि" મહાવાકયનો અર્થ શાંકરમત પ્રમાણે, 'ભાગ-લક્ષણા' અથવા 'જહદજહલ્લક્ષણા'થી સમજવાનો છે. જેમાં અમુક અંશનો ત્યાગ કરવો પડે અને અમુક અંશનો સ્વીકાર થાય તેને 'જહદજહલ્લક્ષણા' કહે છે. જેમકે "सः अयं देवदत्तः" માં सः એટલે तत्कालविशिष्ट દેવદત્ત અને अयम् એટલે एतत्कालविशिष्ट દેવદત્ત. આ બંને વિરુદ્ધાંશોને છોડીને આ વાકય અવિરુદ્ધ દેવદત્તનો બોધ, જહદજહલ્લક્ષણાથી કરાવે છે. તે પ્રમાણે, 'तत्त्वमसि' વાકયમાંના तत् શબ્દનો અર્થ પરોક્ષ, સર્વજ્ઞ વ્યાપી, સર્વજ્ઞ બ્રહ્મ અર્થાત્ પરોક્ષ-ત્વાદિવિશિષ્ટ ચૈતન્ય છે; त्वम् શબ્દનો અર્થ શરીરધારી, સામે રહેલ, અલ્પજ્ઞાની જીવ અર્થાત્ અપરોક્ષત્વાદિવિશિષ્ટ ચૈતન્ય છે; અને असि પદ બન્ને વચ્ચેનું સામાનાધિકરણ્ય સૂચવે છે. હવે तत् અને त्वम् ના ધર્મો વિરુદ્ધ હોવાથી, વાચ્યાર્થ મુજબ આ સામાનાધિકરણ્ય શકય નથી. તેથી બંને પદોના વિરુદ્ધાંશો (પરોક્ષત્વાદિ અને અપરોક્ષત્વાદિ) નો ત્યાગ કરીને (जहत्) અને બન્નેના સમાનાંશ (ચૈતન્ય) નો સ્વીકાર કરીને (अजहत्) અહીં 'જહદજહલ્લક્ષણા' સમજવી જોઇએ. તે મુજબ, આ મહાવાકયના ઉપદેશથી મુમુક્ષુને માત્ર શુદ્ધ ચૈતન્યનો બોધ થાય છે, (અહીં આપણે એ નોંધ કરવી જોઇએ કે બધા મુખ્ય ટીકાકારોમાં એક માત્ર વલ્લભ જ "तत्त्वमसि" મહાવાકયને સીધીરીતે-વાચ્યાર્થથીજ-સમજાવી શકે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાંકરવેદાન્ત 'નીતિમત્તા' પર પણ ભાર મૂકે છે. વેદ અને વેદાન્તના અધ્યયન ઉપરાંત શમદમાદિસાધનચતુષ્ટય બ્રહ્મજિજ્ઞાસાના અધિકારી માટે આવશ્યક સાધનસામગ્રી માનવામાં આવે છે. બ્ર. સ. ૧.૧.૧. પરના ભાષ્યમાં શ્રી. શંકરાચાર્ય કહે છે કે નિત્યાનિત્યવસ્તુ-વિવેક, ઇહામુત્રાર્થ ભોગવિરાગ, શમદમાદિસાધનસંપત્ અને મુમુક્ષત્વથી યુક્ત મનુષ્ય માટે બ્રહ્મજિજ્ઞાસા છે. "ઉપદેશસાહસ્રી"માં પણ કહ્યું છે :–

"प्रशान्तचित्ताय जितेन्द्रियाय प्रहीणदोषाय यथोक्तकारिणे।
गुणान्वितायानुगताय सर्वदा प्रदेयमेतत्सततं मुमुक्षवे ॥"

અંતમાં, આપણે ઉપનિષદોનો શ્રી. શંકરાચાર્યે કરેલ અર્થ તેમજ શાંકરતત્ત્વજ્ઞાન અંગેના કેટલાક મતો જોઇએ. આ મતો ડો. રાધાકૃષ્ણનની 'Indian Philosophy–vol. 2 માં પૃષ્ટ ૪૬૯ પર આપેલ છે :—

" The teaching of Shankara is the natural and legitimate interpretation of the doctrines of the Upanishads." (Gough–Philosophy of the Upanishads).

" It may be admitted that if the impossible task of reconciling the contradictions of the Upanishads and reducing them to a harmonious and consistent whole is to be attempted at all, Shankara's system is about the only one that could do it." (Introduction to Vedantasara–Colonel Jacob).

" The task of reducing the teaching of the

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

whole of the Upanishads to a system consistent and free from contradiction is an intrinsically impossible one. But the task once given, we are quite ready to admit that Shankara's system is most probably the best that can be devised." (Introduction to Shankara-Bhashya-George Thibaut).

"Yet his (Shankara's) interpretation of the Upanishad is more satisfectory than any other." (Dr. Radhakrishnan-Indian Philosophy, Vol. II).

હવે આપણે આ સ્મૃતિપાદ'નાં સૂત્રોનો, નવેસરથી અર્થ કરીશું. મારા ગુરુવર્ય પરમપૂજ્ય ડૉ. પ્રતાપરાય મો. મોદી સાહેબનું મન્તવ્ય છે કે આ 'સ્મૃતિપાદ' સાંખ્ય વ.ને અનુલક્ષીને નહીં પરંતુ ગીતા જેવી સ્મૃતિને ધ્યાનમાં રાખી લખાયેલ હશે. આ પાદનું નામ 'સ્મૃતિપાદ' છે. બ્ર સૂ. માં **स्मार्तम्, स्मृतेः, स्मर्यते**, વ. શબ્દો આવ્યા છે તે સ્થળે 'ગીતા'નું અનુસંધાન લઈ શકાય છે. જ્યાં શ્રી. શંકરાચાર્ય વગેરે આચાર્યોએ **स्मृतम्** શબ્દનો સાંખ્યની પ્રકૃતિ એવો અર્થ લીધો છે ત્યાં પણ ગીતાની 'પ્રકૃતિ' એવો અર્થ લઇ શકાય છે, કારણકે સાંખ્યની જેમ, ગીતાની પ્રકૃતિ પણ જગતનું કારણ છે.

ડૉ. મોદીસાહેબ માને છે કે બ્રહ્મસૂત્રકારનો 'પ્રધાનમલ્લ' 'ગીતા-સ્મૃતિ' હતો, 'સાંખ્ય' નહીં અને બ્રહ્મસૂત્રકારે ગીતાનો 'ત્યાગ' નથી કર્યો પરંતુ ગીતા સાથે સમાધાન કર્યું છે અને ગીતાના પ્રકૃતિ વગેરે સિદ્ધાંતો છાંદોગ્ય, બૃહદારણ્યક, વગેરે ઉપનિષદોની દૃષ્ટિએ સમજાવ્યા છે. આ ઉપરાંત પણ, ગીતાના ઈશ્વરવાદ (બ્ર.સૂ. અધ્યાય ૧, ૨-૩ પાદ) અને ભક્તિવાદ (જુઓ 'અનુગ્રહ' માટે બ્ર.સૂ. ૩.૪.૩૮,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪.૨.૧૭, વ) પણ બ્રહ્મસૂત્રકારે સમજાવ્યા છે, પરંતુ વિસ્તારભયથી તેની ચર્ચા અત્ર શક્ય નથી.

અમારી માન્યતા પ્રમાણે, સમગ્ર બ્રહ્મસૂત્રમાં 'સ્મૃતિ' અથવા તેના જેવા શબ્દો દ્વારા ગીતા અથવા કોઈ સ્થળે કોઇ પુરાણનું અનુસંધાન છે, સાંખ્યનું નહીં. પણ કોઇ અમુક સૂત્રમાં ગીતા અથવા પુરાણના કયા સિદ્ધાંત વિષે ચર્ચા છે તે અંગે તેમજ અધિકરણના અમે સૂચવેલ વિભાગો અંગે મતભેદ હોઇ શકે.

તેઓશ્રીએ મને આ અંગે અનેક સલાહસૂચનો આપ્યાં છે, જેને આધારે આપણે અહીં દરેક સૂત્ર પ્રમાણે, સંક્ષેપમાં, 'સ્મૃતિપાદ' નો આ નવો અર્થ જોઇશું :-

અધિકરણ ૧ (સૂત્ર ૧-૨)

સૂત્ર ૧. આ સૂત્રને બ્ર.સૂ. ૧.૪.૨૩-૨૬ સાથે સંબંધ છે. તે સૂત્રોમાં સૂત્રકારે બતાવ્યું છે કે ગીતાની જે 'પ્રકૃતિ' છે તે બ્રહ્મ જ છે. (**प्रकृतिश्च प्रतिज्ञादृष्टान्तानुपरोधात्** ।) કારણ જો તે બ્રહ્મથી જુદું તત્ત્વ હોય તો 'એક વિજ્ઞાનથી સર્વવિજ્ઞાન'ની પ્રતિજ્ઞાનો ભંગ થાય. સૂત્રકારે પહેલા અધ્યાયના ચાર પાદોમાં **भूमन्, आकाश, दहर, ज्योतिः, अक्षर**, ઇ. અનેક શબ્દો બ્રહ્મનું જ પ્રતિપાદન કરે છે તે સિદ્ધ કર્યું છે. (બ્ર.સૂ. ૧.૩.૮, ૧૦, ૧૪,૪૦,૪૧, વ.). બ્ર.સૂ. ૧.૪ ૨૨ સુધી સૂત્રકારે ઉપનિષદ્માં વપરાયેલ આવા શબ્દોનો અર્થ સમજાવ્યો; હવે બ્ર.સૂ. ૧.૪. ૨૩થી ગીતામાં જે પ્રકૃતિનો ઉલ્લેખ થયો છે તેની ચર્ચા સૂત્રકાર કરે છે.

'પ્રકૃતિ' શબ્દ ઉપનિષદ્માં માત્ર એક જ વખત વપરાયો છે (જેમકે, **मायां तु प्रकृतिं विद्यात् मायिनं तु महेश्वरम्** । શ્વે. ઉ.૪.૧૦.). પણ ગીતા, મહાભારત અને પુરાણોમાં તે શબ્દ અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખત નજરે પડે છે. આ બધા સ્થળોએ 'પ્રકૃતિ'નો અર્થ 'પરબ્રહ્મ' લેવો જોઈએ તેમ સૂત્રકાર માને છે; 'પરબ્રહ્મ'થી જુદું અથવા ઉતરતું (નીચલી કક્ષાનું) 'તત્ત્વ' એવો 'પ્રકૃતિ'નો અર્થ સૂત્રકારને સંમત નથી. 'પ્રકૃતિ' શબ્દનો આ પ્રમાણે અર્થ કરવા માટેની સૂત્રકારની દલીલો બ્ર.સૂ.૧.૪.૨૩ પછીના સૂત્રોમાં રજૂ થઇ છે.

ખાસ નોંધવાનું કે સૂત્રકાર ગીતાના 'પ્રકૃતિ'તત્ત્વનો ત્યાગ કરતા નથી. પણ 'પ્રકૃતિ' શબ્દનો અર્થ જ બ્રહ્મ કરે છે અને તે રીતે ગીતાની "પ્રકૃતિ"નો અને ગીતાનો સ્વીકાર કરે છે. સામાન્ય માન્યતા મુજબ બ્રહ્મસૂત્ર ૨.૧.માં સાંખ્ય દર્શનનો ત્યાગ સૂત્રકારે કર્યો છે; પણ ડો. મોદીના મત મુજબ આ સૂત્રોમાં બ્રહ્મસૂત્રકાર ગીતાના "પ્રકૃતિ" વગેરે તત્ત્વોનો અર્થ બદલીને, ગીતાના અર્થથી જુદો, ઉપનિષદોને અનુકૂળ અર્થ કરીને, ગીતાનો સ્વીકાર કરે છે. આ રીતે, ઉપર જણાવેલ સૂત્રો ૧.૪.૨૩ ઇત્યાદિના સંદર્ભમાં બ્ર.સૂ. ૨.૧. ૧-૨ નો નવો અર્થ નીચે પ્રમાણે થઇ શકે :-

"(સૂત્ર ૧. ૪. ૨૩ મુજબ 'પ્રકૃતિ' શબ્દનો અર્થ પરબ્રહ્મ કરવામાં આવે તો) (ગીતા)સ્મૃતિને અનવકાશ (સ્થાન ન રહેવાનો) દોષ આવશે (એમ કહો તો) 'ના,' કારણ ગીતાસ્મૃતિને 'અવકાશ આપીએ'-શબ્દશઃ માન્ય રાખીએ તો) બીજી (મનુ, પુરાણો વગેરે) સ્મૃતિઓને અવકાશ ન આપવાના દોષનો પ્રસંગ થશે."

ગીતા, મનુસ્મૃતિ, પુરાણો, વ. 'સ્મૃતિ' કક્ષાનું પ્રમાણશાસ્ત્ર છે. ગીતામાં જગતની ઉત્પત્તિ 'પ્રકૃતિ' માંથી કહી છે. મનુસ્મૃતિ વગેરેમાં જગતની ઉત્પત્તિ હિરણ્યગર્ભ, અંડ (એક મહાન ઇંડુ), વગેરે દ્વારા કહી છે. જો બ્રહ્મસૂત્રકાર ગીતાનો જગત્-ઉત્પત્તિવાદ શબ્દાર્થમાં સ્વીકારે તો મનુસ્મૃતિ વગેરેના જગત-ઉત્પત્તિવાદો—જે મુજબ ઈંડાવગેરેમાંથી જગત ઉત્પન્ન થયું છે તે—ન સ્વીકારવાનો દોષ સૂત્રકાર પર આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(માટે અમે-સૂત્રકાર, ગીતાના 'પ્રકૃતિ' શબ્દનો અર્થ બ્રહ્મ કરીએ છીએ અને પ્રકૃતિતત્ત્વને બ્રહ્મજ માનીએ છીએ.)

ગીતામાં બે પ્રકૃતિનો નિર્દેશ છે: એક 'જડ' અને બીજી 'જીવભૂતા' (ગીતા ૭. ૪–૫). એકને 'અપરા' કહી છે અને બીજીને 'પરા'. હવે જો સૂત્રકાર ગીતાની આ બે પ્રકૃતિઓને માન્ય રાખે, તો મહાભારત, પુરાણો, ઇત્યાદિ અન્ય સ્મૃતિઓ (કે જેમાં એક જ પ્રકૃતિનો નિર્દેશ છે તેમની) સાથે વિરોધ થાય. વસ્તુતઃ તો, જે સ્મૃતિ 'પ્રકૃતિ' શબ્દને અક્ષર અથવા પરબ્રહ્મના અર્થમાં ન સ્વીકારે તે કોઇ સ્મૃતિ સૂત્રકારને સંમત નથી.

શ્રીમદ્ શંકરાચાર્ય વ. ટીકાકારો આ સૂત્રમાં 'સ્મૃતિ'નો અર્થ 'સાંખ્ય' કરે છે. પરંતુ બ્રહ્મસૂત્રમાં જ્યાં જ્યાં 'સ્મૃતિ' શબ્દ વપરાયો છે તે સૂત્રોનો એકસાથે વિચાર કરીએ તો, સૂત્રકાર 'સ્મૃતિ' શબ્દનો પ્રયોગ, ગીતા, મહાભારત કે પુરાણો જેવા ગ્રંથો માટે જ કરે છે તેમ જણાશે. વળી, શ્રી. શંકરાચાર્ય સૂત્રના પહેલા 'સ્મૃતિ' શબ્દનો અર્થ, વેદાન્તમતથી વિભિન્ન પ્રકારની–નાસ્તિક–'સાંખ્યસ્મૃતિ' એવો કરે છે અને બીજા 'સ્મૃતિ' શબ્દનો અર્થ 'મનુસ્મૃતિ' કરે છે જે પણ વિરોધાભાસી લાગે છે.

સૂત્ર ૨. (ગીતાના 'પ્રકૃતિ' શબ્દનો જ અર્થ બ્રહ્મ કરવાનું) બીજું કારણ એ છે કે પ્રકૃતિ સિવાયના (અન્ય) બુદ્ધિ, અહંકાર, મનસ્ વગેરે તત્ત્વોનો નિર્દેશ મૂળભૂત ઉપનિષદો (છાન્દોગ્યબૃહદારણ્યક)માં ઉપલબ્ધ નથી.

તા. ક. બ્ર. સૂ ૨. ૩. ૧૫ માં સૂત્રકાર કહે છે કે 'બ્રહ્મમાંથી આકાશ તત્ત્વ જ સીધું અને પહેલું ઉત્પન્ન થાય છે એમ અમે સૂ. ૨. ૩. ૧–૧૪ માં કહ્યું છે. પણ જો કોઇ પૂર્વપક્ષ કહેશે કે બ્રહ્મ અને આકાશની વચ્ચે વિજ્ઞાન એટલે બુદ્ધિ અને મનસ ઉત્પન્ન થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, પ્રથમ વિજ્ઞાન અને પછી મનસ–એવા ક્રમથી, કેમકે તેવું શાસ્ત્ર-વાક્ય છે; તો અમે કહીએ છીએ કે 'ના, કેમકે બુદ્ધિ–(અહંકાર)–મનસ્ અને બ્રહ્મ પોતે–તેની વચ્ચે અભેદ(અવિશેષ) છે; અર્થાત્ બ્રહ્મ જ બુદ્ધિ–મનસ રૂપે છે.

અધિકરણ ૨ સૂ. ૩. ગીતાના 'પ્રકૃતિ' શબ્દનો જ અર્થ 'બ્રહ્મ' કર્યો છે: તેથી (એતેન) ગીતાના યોગ નો (પાતંજલયોગ નહીં) અમે ત્યાગ કર્યો છે, એમ ફલિત થાય છે.

ગીતાનો યોગ એટલે "પ્રકૃતિતત્ત્વ જ બધાં કર્મો કરી રહ્યું છે, જીવ અકર્તૃ છે" એવી સમજણ. સૂત્રકાર 'પ્રકૃતિ'ને (બ્રહ્મથી જુદું કે બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલું) તત્ત્વ માનતા જ નથી; તેથી ગીતાના યોગ ને પણ સ્વીકારતા નથી. સૂ. ૪. ૨. ૨૧ પ્રમાણે 'યોગીઓ' એટલે ગીતાના 'યોગીઓ' કહેલ છે. માટે સૂ ૨. ૧. ૩ માં યોગ એટલે ગીતાનો યોગ લેવો જોઇએ.

અધિકરણ ૩, સૂત્ર ૪–૬.

સૂત્ર ૪–ગીતાકારપૂર્વપક્ષઃ 'પ્રકૃતિ' શબ્દનો જ અર્થ બ્રહ્મ ન થાય, કારણકે (૧) આ દૃશ્યમાન જગત્ (અસ્ય) ચેતનબ્રહ્મથી વિલક્ષણ અર્થાત્ અચેતન–જડ છે અને આ જગત્નું જડ સ્વરૂપ (તથાત્વં) ગીતાશાસ્ત્ર તેમજ શ્રુતિઓમાં પણ '(શબ્દાત્)' (જગત્) અચર, સ્થાવર, છે, એવા શબ્દોમાં કહ્યું છે (સૂ ૪); જ્યાં ઉપનિષદોમાં 'તત્તેજ ઐક્ષત' 'તે તેજ તત્ત્વે ઇક્ષણ કર્યું',' એમ કહ્યું છે ત્યાં તેજ વગેરેના અભિમાની દેવતાનો નિર્દેશ છે એમ સમજવું કેમકે તે તેજ વગેરે તત્ત્વ અને અભિમાની દેવતા વચ્ચેનો ભેદ (વિશેષ) છાં. ઉ. ૩. ૨. માં કહ્યો છે. અને તત્ત્વો ઉત્પન્ન કરીને તત્ત્વોમાં તે દેવતાએ પ્રવેશ કર્યો (અનુગતિ) એમ પણ કહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂત્રકારનો જવાબઃ ના, ચેતન કરોળીયામાંથી જડ (કરોળીયાનું) જાળું અથવા ચેતન મનુષ્યમાંથી જડ નખ, વાળ વગેરે અને અચેતન છાણમાંથી ચેતન કાનખજૂરો વગેરે ઉત્પન્ન થતા દેખાય છે. (તે રીતે ચેતન બ્રહ્મમાંથી જડ જગત્ ઉત્પન્ન થશે; તેથી 'પ્રકૃતિ'નામનું જડ તત્ત્વ જૂદું સ્વીકારવાની જરૂર નથી.)

અધિકરણ ૪ સૂત્રો ૭-૧૦.

સૂ. ૭. ગીતાપૂર્વપક્ષ : "તમારા કહેવા પ્રમાણે તો, સૃષ્ટિ ઉત્પન્ન થયા પહેલાં જગત બ્રહ્મમાં હતું, એમ સિદ્ધ થશે, પણ શ્રુતિમાં જગતને અસત્ કહ્યું; છે." સૂત્રકારસિદ્ધાન્ત : 'ના, જે શ્રુતિમાં જગતને અસત્ કહ્યું છે તેનો અર્થ જગતનો એક પ્રકારનો (દૃશ્યમાન પ્રકારનો-વ્યાકૃતત્વનો) પ્રતિષેધ જ કરવામાં આવ્યો છે.

સર્વજ્ઞ બ્રહ્મજ જગતનું કારણ છે તેમ જે (પહેલા અધ્યાયમાં) કહ્યું તે બરાબર નથી. શા માટે ? કેટલીક સ્મૃતિઓને સ્થાન ન રહેવાનો (નકામી જવાનો) દોષ લાગશે તેથી. તંત્ર નામની આ સ્મૃતિ (કપિલે રચેલું સાંખ્યાયનશાસ્ત્ર) પરમર્ષિ કપિલે રચેલું છે અને સજ્જનોએ તેને માન્ય રાખેલ છે. વળી તેને અનુસરતી બીજી સ્મૃતિઓ પણ આમ થવાથી નકામી થશે. તે સ્મૃતિઓમાં અચેતન પ્રધાન સ્વતંત્ર રીતે જગતનું કારણ કહ્યું છે. અગ્નિહોત્ર વગેરે પ્રેરણાત્મક કર્તવ્ય-વાળા ધર્મસમૂહથી ઈચ્છિત અર્થનું પ્રતિપાદન કરતી મનુ વગેરે સ્મૃતિઓને તો સ્થાન છે. આ વર્ણને આ સમયે આ પદ્ધતિથી ઉપનયન કરવું, આવો આચાર હોવો જોઇએ, આ પ્રમાણે વેદાધ્યયન કરવું, આ પ્રમાણે સમાવર્તન સ્નાન કરવું, આ પ્રમાણે લગ્ન કરવું, વ.. તેમજ વર્ણ અને આશ્રમના પુરુષોને ઉપયોગી અનેક પ્રકારના ધર્મો તેમાં કહ્યા છે. (પરંતુ) આ પ્રમાણે કપિલ વગેરેની સ્મૃતિઓને કર્તવ્ય (અનુષ્ઠેય) વિષયમાં સ્થાન નથી કારણકે તે સ્મૃતિઓ તો મોક્ષના સાધન રૂપી સમ્યગ્ દર્શન (બ્રહ્મ-પ્રાપ્તિ) ને ધ્યાનમાં રાખીને રચાઈ છે. જો ત્યાં પણ (બ્રહ્મ પ્રાપ્તિનું પ્રતિપાદન કરતા વેદાંતી ગ્રંથોમાં) તેનું સ્થાન ન રહે તો તે (કપિલ વ.એ રચેલી) સ્મૃતિઓ નકામી થશે. તેથી તે સ્મૃતિનો વિરોધ ન રહે તે રીતે વેદાંતના ગ્રંથોને સમજાવવા જોઇએ.

"તે જુએ છે" (બ્ર. સૂ. ૧. ૧. ૫.) વગેરે કારણોથી સર્વજ્ઞ બ્રહ્મ જ જગતનું કારણ છે તે પ્રમાણે નક્કી થયેલો શ્રુતિનો (વેદનો) અર્થ સ્મૃતિના અનવકાશ દોષ-પ્રસંગથી વળી કઈ રીતે ખોટો ઠરે ? જેમની બુદ્ધિ સ્વતંત્ર છે તેવા માણસો માટે (આ આક્ષેપ) અનાક્ષેપ થશે. પરંતુ મોટે ભાગે લોકો પરતંત્ર બુદ્ધિવાળા હોય છે. અને વેદના અર્થને સ્વતંત્ર રીતે નક્કી કરવાને અસમર્થ હોવાથી પ્રખ્યાત રચયિતાઓવાળી સ્મૃતિઓ ઉપર આધાર રાખે અને તેના (સ્મૃતિઓના) બળથી શ્રુતિનો અર્થ જાણવા (તેઓ)પ્રવૃત્ત છે. સ્મૃતિઓનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખકો ઉપરના અતિમાનને કારણે અમે કરેલા વ્યાખ્યાન (ચર્ચા)-માં વિશ્વાસ ન રાખે. કપિલ વગેરે ઋષિઓનું જ્ઞાન અસામાન્ય અને આર્ષ (દિવ્ય) હતું તેમ સ્મૃતિ કહે છે, અને શ્રુતિ પણ છેઃ— "શરૂઆતમાં જન્મેલા ઋષિ કપિલને જે વિચારોથી ધારણ કરે છે અને જન્મતા જુએ છે (શ્વેતાશ્વતર ૫. ૨.)." તેથી તેમનો મત અયથાર્થ છે તેવી કલ્પના કરવી શક્ય નથી. વળી તર્કનો આધાર લઈને આ લોકો અર્થનું સ્થાપન કરે છે. તેથી પણ સ્મૃતિના બધા વેદાંત ગ્રંથોનું વ્યાખ્યાન કરવું જોઈએ એમ ફરીથી આ આક્ષેપ કરવામાં આવે છે.

તેનો જવાબ, "ના, અન્ય સ્મૃતિના અનવકાશ-દોષ-પ્રસંગને કારણે". જો (અમુક) સ્મૃતિના અનવકાશ દોષપ્રસંગથી ઈશ્વર-કારણવાદ સામે આક્ષેપ કરવામાં આવે તો આ પ્રમાણે પણ બીજી ઈશ્વરને (જગતનું) કારણ કહેતી સ્મૃતિઓ નકામી થશે. તેનું અમે ઉદાહરણ આપશું, "જે તે સૂક્ષ્મ, અવિજ્ઞેય છે" એમ પરબ્રહ્મ અંગે જણાવીને (મહા. ૧૨, ૩૪૨, ૩૦), "તે ખરેખર પ્રાણીઓનો અન્તરાત્મા અને ક્ષેત્રજ્ઞ પણ કહેવાય છે (મહા. ૧૨.૩૪૨. ૩૧)" એમ કહીને "હે દ્વિજશ્રેષ્ઠ, તેમાંથી ત્રણ ગુણો વાળું અવ્યક્ત ઉત્પન્ન થયું છે. (મહા. ૧૨.૩૪૨.૩૨)" એમ કહ્યું છે. તે પ્રમાણે અન્ય સ્થળે પણ "હે બ્રહ્મન્, નિર્ગુણ પુરુષમાં અવ્યક્ત લય પામે છે (મહા. ૧૨.૩૪૭.૩૧)' એમ કહ્યું છે. 'આથી આ સંક્ષેપ (સાર) સાંભળો. આ સર્વ (સ્થાવર જંગમ) પ્રાચીન નારાયણ છે. તે ઉત્પત્તિ સમયે બધું ઉત્પન્ન કરે છે અને સંહાર સમયે ફરીથી તેને ખાઇ જાય છે (પોતાનામાં સમાવી લે છે) (મહા. ૧૨.૩૦૭.૧૧૫.)" એમ પુરાણમાં (પણ કહ્યું છે). "હું આખાયે જગતનું ઉત્પત્તિસ્થાન અને પ્રલય-સ્થાન છું (ગીતા. ૭.૬)" એમ ગીતામાં પણ (કહ્યું છે). પરમાત્માને જ અનુલક્ષીને (તેના સંદર્ભમાં) આપસ્તમ્બ ધર્મસૂત્ર (૧.૮.૨૩.૨) કહે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તે(ઈશ્વર)માંથી બધા શરીરો ઉત્પન્ન થાય છે, તે મૂળ છે, શાશ્વત છે, તે નિત્ય છે." આ પ્રમાણે અનેકવખત સ્મૃતિઓમાં ઈશ્વર (જગતના) કારણ તરીકે અને ઉપાદાન તરીકે કહેવામાં આવેલ છે.

'સ્મૃતિબળે વિરોધ કરનારને સ્મૃતિના બળથી જ ઉત્તર હું આપું' તેમ વિચારીને (સૂત્રકારે) આ અન્ય સ્મૃતિના અનવકાશદોષનો પ્રસંગ રજૂ કર્યો છે. શ્રુતિઓનું ઈશ્વરકારણવાદ (જગતનું કારણ ઈશ્વર છે તેવો વેદાંતીનો મત) પ્રત્યેનું તાત્પર્ય બતાવ્યું છે. સ્મૃતિઓમાં વિરોધ હોય ત્યારે, અમુક સ્મૃતિઓનો સ્વીકાર અને બીજી સ્મૃતિઓનો ત્યાગ અવશ્ય કરવો પડે તેમ હોય ત્યારે, શ્રુતિઓને અનુસરતી સ્મૃતિઓ પ્રમાણ છે; બીજી (શ્રુતિઓને ન અનુસરતી સ્મૃતિઓ) નકામી છે. મીમાંસાના 'પ્રમાણ લક્ષણ' (અધ્યાય) માં કહ્યું છે કે; "(શ્રુતિ અને સ્મૃતિનો) વિરોધ હોય ત્યારે (સ્મૃતિની) દરકાર ન કરવી. (જો કોઇ સ્મૃતિ માટે તેવી શ્રુતિ) ન મળતી હોય તો (તેવી શ્રુતિ હશે તેમ) અનુમાન કરવું" (જૈમિનિસૂત્ર ૧.૩.૩). અને વળી અતીન્દ્રિય અર્થો (જેમકે બ્રહ્મ) શ્રુતિ સિવાય કોઇ પ્રાપ્ત કરી શકે તેવી કલ્પના કરવી શક્ય નથી, કારણ તેવું કોઈ કારણ નથી. 'કપિલ વગેરે સિધ્ધોને અસામાન્ય (અમોઘ) જ્ઞાન હોવાથી તે (ઉપર કહેલ અતીન્દ્રિય અર્થોનું જ્ઞાન) તેમને શક્ય છે' એમ કોઇ કહે તો, (અમારો જવાબ છે કે) 'ના' (કારણકે) સિદ્ધિ પણ સાપેક્ષ છે (બીજા ઉપર આધાર રાખે છે.) સિદ્ધિ ધર્મના અનુષ્ઠાન પર આધાર રાખે છે અને તે ધર્મ પ્રેરણા લક્ષણવાળો (પ્રેરણાત્મક) છે અને તેથી, પ્રથમથી જ સિદ્ધ થયેલી કર્મ–પ્રેરણાનો અર્થ પાછળથી સિદ્ધિ પામેલા પુરુષના વચનને કારણે શંકાસ્પદ થશે નહીં (એટલે કે, તે કર્મપ્રેરણાના અર્થમાં શંકા લાવી શકાશે નહીં). સિદ્ધોના વચનનો આશ્રય લઇને, વેદાર્થની કલ્પના (વેદનો અર્થ નક્કી) કરવાની બાબતમાં, પણ સિદ્ધો ઘણા હોવાથી, ઉપર કહેલ પ્રકારે સ્મૃતિઓમાં વિરોધ હોય તેથી, શ્રુતિઓના આશ્રય સિવાય (અર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્ણય માટે) બીજું કોઈ નિર્ણયકારણ નથી. પરતંત્ર બુદ્ધિવાળા મનુષ્યને પણ અકસ્માત (કોઇ પણ કારણ વગર) અમુક (વિશિષ્ટ) સ્મૃતિ માટેનો પક્ષપાત યોગ્ય નથી, કારણ કોઇનો કોઇ ઉપર પક્ષપાત હોય તો, પુરુષોની બુદ્ધિની અનેકપ્રકારતાને કારણે તત્ત્વ (સત્ય) ની અવ્યવસ્થાનો પ્રસંગ આવશે. તેથી તેવા માણસને પણ સ્મૃતિઓનો વિરોધ બતાવીને (શ્રુતિને) અનુસરતી અથવા નહીં અનુસરતી સ્મૃતિઓના વિષયની ચર્ચા કરીને તેવા માણસની બુદ્ધિ પણ સન્માર્ગે દોરવી જોઇએ.

કપિલના અતિશય જ્ઞાનનું પ્રદર્શન કરતી જે શ્રુતિ રજૂ થઈ છે તેના વડે શ્રુતિથી વિરુદ્ધ પણ કપિલના મતનું સમર્થન થાય તે શક્ય નથી. કારણ તેમાં કપિલ આટલું જ માત્ર શ્રુતિમાં સામાન્ય છે અને સગરપુત્રોને બાળનાર વાસુદેવ નામનો બીજો કપિલ પણ સ્મૃતિઓમાં છે તેમજ તે શ્રુતિનો મુખ્ય વિષય બીજો (પર–તત્ત્વનું પ્રતિપાદન) હોવાથી અન્ય વિષય (કપિલના જ્ઞાનની મહત્તા) સાબિત કરવામાં તેની શક્તિ નથી.

અને, મનુનું માહાત્મ્ય જણાવતી એક બીજી શ્રુતિ પણ છે. "જે કંઈ મનુએ કહ્યું છે તે પરમ ઔષધ છે (તૈ. સં. ૨. ૨. ૧૦. ૨)." મનુએ પણ "સર્વભૂતોમાં આત્માને અને સર્વ ભૂતોને આત્મામાં સારી રીતે જોતો, (આ પ્રમાણે) આત્મામાં યજ્ઞ કરનાર મનુષ્ય આત્માના (પોતાના) રાજ્ય (સ્વરાજ્ય)ને પામે છે (મનુ. ૧૨, ૯, ૧.)" આમ સર્વાત્મત્વદર્શનની પ્રશંસા કરીને કપિલના મતની નિંદા કરી છે તેમ સમજાય છે. આત્મભેદની (આત્મબહુત્વની) માન્યતાથી, કપિલ સર્વાત્મત્વદર્શનમાં માનતા નથી. મહાભારતમાં પણ "હે બ્રહ્મન્, પુરુષો ઘણા છે કે અરે, એક જ છે? (૧૨, ૩૬૦, ૧)" એમ વિચાર કરીને, "સાંખ્ય અને યોગના મતોમાં માનનારાઓના મત પ્રમાણે ઘણા પુરુષો છે. મહા. ભા. ૧૨, ૩૬૦, ૨)" એમ પરપક્ષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(વિરોધ પક્ષ)ને જણાવીને તેના ખંડન માટે "જેમ ઘણા પુરુષોની એક યોનિ (પૃથ્વી) કહેવાય છે તેમ, ગુણોથી અધિક, (અનેક ગુણો-યુક્ત) તે વિશ્વ પુરુષને હું કહીશ (મહા. ૧૨, ૩૬૦, ૩)," એમ શરૂ કરીને "મારો અન્તરાત્મા અને તારો પણ, અને જે બીજા દેહમાં રહેલ છે તે બધા જ (મનુષ્યોનો) સાક્ષી બનેલ આ (પરમાત્મા) (કોઇથી કયારેય પણ ગ્રહણ કરી શકાતો નથી. વિશ્વ (બધું જ) તેનું મસ્તક છે, વિશ્વ તેના હાથ છે, વિશ્વ તેના પગો, આંખ, અને નાસિકા છે. મરજી પ્રમાણે ફરનાર તે પ્રાણીઓમાં સુખેથી એકલો વિચરે છે (મ. ભા. ૧૨. ૩૬૧. ૪-૫), એમ સર્વાત્મતા (આત્માનું સર્વમાં વ્યાપકત્વ) નક્કી કરેલ છે અને, 'જ્ઞાની એવા જે (આત્માનો) બધા ભૂતો આત્મા જ બની ગયા છે, ત્યાં એકત્વ જોનાર માટે કયો મોહ અને કયો શોક ? (ઇશ. ૭)"-એ પ્રકારની શ્રુતિ પણ સર્વાત્મતા અંગે છે. તેથી, માત્ર સ્વતંત્ર પ્રકૃતિની જ કલ્પનાથી જ નહીં પરંતુ આત્માના ભેદોની કલ્પનાથી પણ કપિલનું તંત્ર વેદથી વિરુદ્ધ અને વેદને અનુસરતા મનુના વચનથી વિરુદ્ધ છે તેમ સાબીત થયું. રૂપની બાબતમાં જેમ સૂર્યનું, તેમ પોતાના અર્થમાં વેદનું અન્યની અપેક્ષા વગરનું (સ્વતઃ) પ્રામાણ્ય છે. જ્યારે પુરુષોનાં વચનોનું પ્રામાણ્ય તો અન્ય કારણ (મૂલ) ઉપર આધાર રાખે છે અને બોલનારની યાદશક્તિને કારણે (યથાર્થતાથી તેટલું) દૂર રહેલ છે, આ પ્રમાણે (બંનેમાં) ભેદ છે. તેથી વેદથી વિરુદ્ધ વિષયમાં સ્મૃતિ અનવકાશપ્રસંગ દોષ નથી.

અને સ્મૃતિ અનવકાશપ્રસંગ કેમ દોષ થતો નથી ?

"અને બીજા (તત્ત્વો)ની અનુપલબ્ધિ(અપ્રાપ્તિ)થી." (૨)

પ્રધાન (પ્રકૃતિ) સિવાયના મહત્ વગેરે પ્રધાનના પરિણામ તરીકે સ્મૃતિમાં કલ્પ્યા છે, તે વેદમાં કે લોકમાં મળતા નથી. લોક અને વેદમાં પ્રસિદ્ધ હોવાથી ભૂતો અને ઇન્દ્રિયો સ્મૃતિમાં હોય તે શકય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, પરંતુ લોક અને વેદમાં પ્રસિદ્ધ નહીં હોવાથી, મહત્ વગેરેની સ્મૃતિ છઠ્ઠા ઇન્દ્રિયાર્થની જેમ શક્ય નથી. અને જો કયારેક તે અંગેની શ્રુતિ હોય તેવો ભાસ થાય છે, તે પણ બીજા અંગે છે (તે અંગે નથી) તેમ (સૂત્રમાં) સમજાવ્યું છે, જેમકે "કેટલીક શ્રુતિઓમાં અનુમાનથી કલ્પેલું (પ્રધાન) છે તેમ...." (બ્ર. સૂ. ૧.૪.૧). કાર્યસ્મૃતિ (મહત્, અહંકાર, વ. અંગેની સ્મૃતિ)ના અપ્રામાણ્યથી કારણસ્મૃતિ (મહદાદિના–કારણ–પ્રકૃતિ અંગેની સ્મૃતિ)નું અપ્રામાણ્ય યોગ્ય છે તેમ (સૂત્રકારનો) અભિપ્રાય છે. તેથી પણ અમુક સ્મૃતિને સ્થાન ન રહે તે (સ્મૃત્યનવકાશ પ્રસંગ) દોષ રહેતો નથી. (સાંખ્યમતને) તર્કના આધારનું "ના, વિલક્ષણ હોવાથી (બ્ર. સૂ. ૨.૧.૪)" થી શરૂ કરીને ખંડન કરશે.

સ્મૃત્યધિકરણ સમાપ્ત

અધિકરણ ૨—યોગપ્રત્યુક્તત્યધિકરણ

"આ (સાંખ્યમત નિરસન) થી યોગનું પણ ખંડન થયું" (૩).

આ સાંખ્ય સ્મૃતિના ખંડનથી યોગસ્મૃતિ પણ ખંડિત થયેલ માનવી (યોગનું પણ ખંડન થઇ ગયું) એવો અતિદેશ કરે છે, તેમાં પણ શ્રુતિના વિરોધથી સ્વતન્ત્ર જ પ્રધાનને કારણ, અને લોક અને વેદમાં પ્રસિદ્ધ નથી તેવા મહત્ વગેરેને કાર્યો માનવામાં આવે છે. જો એમ હોય તો, સમાન ન્યાયને કારણે, પહેલા (સાંખ્યખંડન) થી જ, આ પણ આવી ગયું, તેથી શા માટે અતિદેશ કરવામાં આવે છે? કારણ, અહીં આ અધિક શંકા થાય. "(આત્માનાં) શ્રવણ મનન અને નિદિધ્યાસન કરવાં જોઇએ (બૃ. ૨, ૪. ૫.)" એમ વેદમાં યોગને સમ્યગ્દર્શનના ઉપાય તરીકે જણાવેલ છે અને "ત્રણ ભાગો ઊંચા રહે તેવી રીતે શરીરને સરખું રાખીને (શ્વે. ૨. ૮.)" ઇત્યાદિથી આસન, વગેરે કલ્પનાયુક્ત અત્યંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિસ્તારયુક્ત યોગવિધાન શ્વેતાશ્વતરોપનિષદ્‌માં દેખાય છે. "તે સ્થિર ઇન્દ્રિય–ધારણાને (તેઓ) 'યોગ' છે તેમ માને છે. (કા. ૨. ૩. ૧૧)," "આ વિદ્યા અને સંપૂર્ણ યોગવિધિ (કા. ૨, ૩, ૧૮)" વગેરે યોગ અંગેના હજારો વૈદિક ચિહ્નો પણ મળે છે. યોગશાસ્ત્રમાં પણ "હવે, તત્ત્વદર્શનનો ઉપાય યોગ"–એમ કહીને સમ્યગ્દર્શનના ઉપાય તરીકે જ યોગનો અંગીકાર કરવામાં આવ્યો છે. આથી "અર્થનો અમુક ભાગ સ્વીકારેલ હોવાથી, અષ્ટકાદિ સ્મૃતિની જેમ યોગસ્મૃતિ પણ સ્વીકૃત થશે (યોગસ્મૃતિની સામે પણ કંઈ કહી શકાશે નહીં)," એ પ્રમાણેની આ પણ અધિક શંકાનું અતિદેશથી નિવારણ દૂર થાય છે કારણ, અર્થના અમુક ભાગનો સ્વીકાર હોવા છતાં પણ, ઉપર કહેલ અર્થના અમુક ભાગનો વિરોધ છે.

અધ્યાત્મકવિષયક ઘણી સ્મૃતિઓ હોવા છતાં સાંખ્ય અને યોગસ્મૃતિઓના જ નિરાકરણ (ખંડન) માં યત્ન કરાયો છે. કારણ સાંખ્ય અને યોગ પરમ પુરુષાર્થના સાધન તરીકે લોકમાં જાણીતા છે, શિષ્ટ પુરુષોથી સ્વીકારાયેલા છે અને સાંખ્ય અને યોગથી પ્રાપ્ત થઈ શકે તેવા તે કારણ–દેવ–ને જાણીને, સર્વ બંધનોથી તે મુક્ત થાય છે. (શ્વે. ૬, ૧૩)" વગેરે વૈદિક ચિહ્નોથી યુક્ત છે. પરંતુ (તેનું) નિરાકરણ (સમાધાન) એ છે કે વેદથી નિરપેક્ષ (સ્વતંત્ર, અલગ) સાંખ્યજ્ઞાનથી કે યોગમાર્ગથી મોક્ષ પ્રાપ્તિ નથી કારણ શ્રુતિ જ વેદમાં કહેલ આત્માના એકત્વના વિજ્ઞાન સિવાય અન્ય (બીજા) મોક્ષપ્રાપ્તિનાં સાધનની મનાઈ કરે છે, "તેને જ જાણીને, તે મૃત્યુની પાર જાય છે; (મૃત્યુની પેલે પાર) જવા માટે બીજો માર્ગ નથી (શ્વે, ૬, ૧૩)." વળી, તે સાંખ્યમત અને યોગમતમાં માનનારા દ્વૈતીઓ છે; આત્માના એકત્વમાં માનતા નથી. "સાંખ્ય અને યોગથી પ્રાપ્ત થઈ શકે તેવા તે કારણ (શ્વે.૬.૧૩)" માં જે દર્શન કહ્યું, ત્યાં સંદર્ભ (સન્નિધિ) ને કારણે સાંખ્ય અને યોગ શબ્દોથી વેદમાં કહેલું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્ઞાન અને ધ્યાન ત્યાં કહેવાયું છે, તેમ સમજવાનું છે. જે અંશથી તેમને (સાંખ્ય અને યોગને) (વેદનો) વિરોધ નથી, તેનાથી (તેટલા પૂરતું) સાંખ્યયોગ સ્મૃતિઓનું પ્રામાણ્ય ઇષ્ટ જ છે. તે જેમકે "આ પુરુષ ખરેખર સંગરહિત છે (બૃ. ૪.૩. ૧૬)" આવી શ્રુતિઓથી પ્રસિદ્ધ થયેલું જ પુરુષનું વિશુદ્ધત્વ સાંખ્યો વડે નિર્ગુણ પુરુષના નિરૂપણ દ્વારા સ્વીકારાય છે. તે પ્રમાણે, યોગમતના અનુયાયીઓથી પણ "હવે વર્ણરહિત (શ્વેત ?) વસ્ત્ર પહેરેલો, મુંડન કરાવેલ, અપરિગ્રહ (સંચય–રહિત) પરિવ્રાજક (જાબા. ૫)" વગેરેથી શ્રુતિમાં પ્રસિદ્ધ નિવૃત્તિનિષ્ઠત્વ જ, પ્રવ્રજ્યા વ.ના ઉપદેશથી સમજાય છે. આ (ચર્ચા) થી બધી જ (વેદથી વિરુદ્ધ) તર્ક પર આધાર રાખતી સ્મૃતિઓને જવાબ અપાઇ જાય છે. તે સ્મૃતિઓ પણ તર્ક અને યુક્તિ દ્વારા તત્ત્વજ્ઞાનમાં મદદરૂપ થાય છે, તેમ જો કોઇ કહે તો ભલે મદદ કરે પરંતુ, "વેદને ન જાણનાર તે મહાન (પુરુષ)ને વિચારી શકતો નથી (તૈ.બ્રા. ૩.૧૨.૯.૭)." "હું તો તે ઉપનિષદ્માં કહેલા પુરુષ વિષે પૂછું છું (બૃ ૩.૯.૨૬); વગેરે શ્રુતિઓમાંથી (જણાય છે કે) તત્ત્વજ્ઞાન તો વેદાન્ત વાક્યોથી જ થાય છે—યોગપ્રત્યુક્તાધિકરણ સમાપ્ત.

અધિકરણ ૩—વિલક્ષણત્વાધિકરણ

"ના, (બ્રહ્મ જગતનું કારણ નથી) કારણ આનાથી (જગતથી) તે વિલક્ષણ (જુદા પ્રકારનું) હોવાથી, અને તેનું તથાત્વ (તેવું હોવું તે) શબ્દ (શ્રુતિ) થી (જણાય છે.)" (૪)

'બ્રહ્મ આ જગતનું નિમિત્ત કારણ અને પ્રકૃતિ કારણ પણ છે.' આ પક્ષ (સિદ્ધાન્ત) સામેનો સ્મૃતિ ઉપર આધારિત આક્ષેપનો પરિહાર થયો; અત્યારે તર્ક પર આધારિત (આ) આક્ષેપનો પરિહાર કરાય છે. આ નક્કી થયેલ વેદના અર્થમાં તર્ક પર આધાર રાખતા આ આક્ષેપને કયાંથી સ્થાન હોય? કારણ, જેમ ધર્મમાં તેમ બ્રહ્મની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાબતમાં પણ શાસ્ત્રને અન્યની અપેક્ષા ન હોવી જોઇએ. (પૂર્વપક્ષી જવાબ આપે છે કે :) અનુષ્ઠેય રૂપ ધર્મની જેમ, આ અર્થ (બ્રહ્મ) પણ અન્ય પ્રમાણોથી ન જાણી શકાય તેવો અને માત્ર શાસ્ત્રથી જ જાણી શકાય તેવો હોય તો આ દૃષ્ટાંત બરાબર થાય. પરંતુ બ્રહ્મ તો, પરિનિષ્પન્ન સ્વરૂપ માનવામાં આવે છે. જેમ પૃથ્વી વ. માં તેમ, પરિનિષ્પન્ન વસ્તુમાં અન્ય પ્રમાણોને સ્થાન છે. અને જેમ, શ્રુતિઓમાં પરસ્પર વિરોધ હોય ત્યારે એક શ્રુતિ પ્રમાણે અન્ય શ્રુતિઓનો અર્થ કરવામાં આવે છે, તેવી રીતે અન્ય પ્રમાણોનો વિરોધ હોય ત્યારે પણ તે પ્રમાણે તે પ્રમાણને બળે જ શ્રુતિનો અર્થ કરવો જોઇએ. દૃષ્ટ અર્થની સરખામણી દ્વારા અદૃષ્ટ અર્થનું સમર્થન કરતી (સમજાવતી) યુક્તિ અનુભવની નજીક છે, પરંતુ માત્ર 'આ પ્રમાણે હતું' એમ કહીને (પરોક્ષરીતે) પોતાનો અર્થ રજૂ કરવાથી શ્રુતિ (અનુભવથી) દૂર છે. આત્મસાક્ષાત્કાર(અનુભવ)માં પરિણમતું બ્રહ્મજ્ઞાન (આ પ્રમાણે અનુભવ રૂપી) પ્રત્યક્ષ ફળ આપતું હોવાથી અવિદ્યાને દૂર કરનાર તરીકે અને મોક્ષનાં સાધન તરીકે મનાયું છે (તે ધર્મની જેમ અદૃષ્ટ ફળ આપતું નથી). અને "(આત્મા) શ્રવણ કરવા યોગ્ય છે, મનન કરવા યોગ્ય છે (બૃ. ૨.૪.૫)" એમ શ્રવણ ઉપરાંત મનનનું વિધાન કરતી શ્રુતિ પણ અહીં તર્કનો પણ આદર કરવો જોઇએ એમ બતાવે છે. આથી "ના, આનાથી તે વિલક્ષણ હોવાથી" એ પ્રમાણે ફરીથી, તર્ક અંગેનો આક્ષેપ કરવામાં આવે છે.

ચેતન બ્રહ્મ જગતનું ઉપાદાન કારણ—પ્રકૃતિ છે એમ જે સિદ્ધાંતીએ કહ્યું તે યોગ્ય નથી. શા માટે ? આ વિકારનું (કાર્યનું) પ્રકૃતિ(કારણ)થી વિલક્ષણત્વ હોવાથી. કારણરૂપે, બ્રહ્મના કાર્ય તરીકે મનાયેલું આ જગત બ્રહ્મથી વિલક્ષણ, અચેતન અને અશુદ્ધ દેખાય છે. જ્યારે બ્રહ્મ જગતથી વિલક્ષણ ચેતન અને શુદ્ધ છે તેમ શ્રુતિ કહે છે. વિલક્ષણત્વમાં (એકથી બીજું જુદું હોય ત્યારે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંનેમાં) પ્રકૃતિ–વિકાર–ભાવ (કાર્યકારણભાવ) જોવાયો નથી. હાર વગેરે વિકારો (કાર્યો) માટી રૂપી પ્રકૃતિ(કારણ)માંથી બનતા નથી અથવા શરાવ (કોડિયું) વગેરે સુવર્ણરૂપી પ્રકૃતિમાંથી બનતા નથી. મૃત્તિકાથી અન્વિત વિકારો માટી વડેજ બનાવાય છે અને સુવર્ણથી અન્વિત વિકારો સુવર્ણ વડે જ. તે પ્રમાણે આ અચેતન, સુખદુઃખ-મોહથી યુક્ત જગત પણ અચેતન સુખદુઃખમોહાત્મક કારણનુંજ કાર્ય થવું યોગ્ય છે, (પરંતુ) (જગતથી) વિલક્ષણ (જુદા પ્રકારનાં) બ્રહ્મનું નહીં. અશુદ્ધિ (અને) અચેતનત્વનાં દર્શનથી (જોવાથી) આ જગતનું બ્રહ્મથી વિલક્ષણત્વ જાણી શકાય છે. કારણ, જગત્ સુખ-દુઃખ–મોહાત્મક હોવાથી પ્રીતિ, સંતાપ અને શોક, વ.નું કારણ હોવાથી તથા સ્વર્ગ, નરક, આદિ ઉચ્ચ-નીચ–પ્રપંચમય હોવાથી અશુદ્ધ છે. અને આ જગત અચેતન છે, કારણ ચેતન પ્રત્યે કાર્યકરણભાવ દ્વારા (તેનાં શરીરો અને ઇન્દ્રિયો રૂપે હોવાથી) (તેને) મદદરૂપ બને છે તેમ જોવામાં આવે છે. જો બે વચ્ચે સામ્ય હોય તો ઉપકાર્ય–ઉપકારક ભાવ થતો નથી. બે દીવાઓ એકબીજાને ઉપકાર કરી શકતા નથી. પરંતુ (જો કોઇ કહે કે) ચેતન કાર્યકરણ (શરીરેન્દ્રિય) પણ સ્વામિભૃત્યન્યાયથી ભોક્તાને ઉપકાર કરી શકે છે. (તો તેનો જવાબ છે કે) "ના," સ્વામી અને નોકરમાં પણ, (નોકરનો અચેતન અંશ જ ચેતન પ્રત્યે ઉપકારક છે. કારણ, જે એક ચેતનનો પરિગ્રહ (અંગ)–બુદ્ધિ વગેરે અચેતન ભાગ છે તે જ બીજા ચેતનનો ઉપકાર કરે છે (ઉપકારક બને છે), પરંતુ ચેતન પોતે બીજા ચેતનનું ઉપકારક કે અપકારક થતું નથી. કારણ, સાંખ્યો માને છે કે ચેતનો નિરતિશય (જેમાં વધઘટ ન થઇ શકે તેવા) અને અકર્તૃ છે. તેથી કાર્ય અને કરણ અચેતન છે. વળી, કાષ્ટ અને લોષ્ટ (ઢેકું) વ.ના ચેતનત્વમાં (તું) કોઇ પ્રમાણ નથી. અને આ ચેતન–અચેતન–વિભાગ લોકમાં પ્રસિદ્ધ છે, તેથી બ્રહ્મથી વિલક્ષણ હોવાથી, આ જગત તે (બ્રહ્મરૂપી), કારણવાળું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો કોઈ પણ કદાચ કહે, ચેતન (બ્રહ્મ) જગતનું કારણ છે તેમ સાંભળીને, તેના કારણે આખાયે જગતને હું ચેતન સમજીશ, કારણ ૩ કૃતિ(કારણ)ના રૂપનો વિકાર(કાર્ય)માં અન્વય જોવામાં આવે છે વિશિષ્ટ પ્રકારના પરિણામને કારણે, (કાર્ય જગતમાં) ચૈતન્યનું અવિભાવન (તિરોભાવ) થશે. જેવી રીતે, સ્પષ્ટ ચૈતન્યવાળા આત્માએ નું ચૈતન્ય નિદ્રા, મૂર્ચ્છા વ. અવસ્થાઓમાં પ્રગટ થતું નથી. એ પ્રમાણે કાષ્ટ, લોષ્ટ, વ.નું પણ ચૈતન્ય પ્રગટ થશે નહીં. અને આ જ વિભાવિતત્વ તથા અવિભાવિતત્વથી થયેલ વિશેષથી તથા રૂપાદિના ભાવ અને અભાવથી, કાર્ય(શરીરો) અને કરણો(ઇન્દ્રિયો) તથા આત્માઓ(જીવો)માં ચેતનત્વ (ચૈતન્ય) સમાનપણે હોવા છતાં, ગુણપ્રધાનભાવ (અંગાંગીભાવ)નો વિરોધ રહેશે નહીં. અને જેવી રીતે માંસ, સૂપ, અને ચોખા વ.માં પાર્થિવત્વ (પૃથિવીવત્ત્વ, પૃથિવીતત્વ) સામાન્ય હોવા છતાં પણ પોતાની અંદર રહેલ વિશેષથી પરસ્પર ઉપકારકત્વ થાય છે, તેમ અહીં પણ થશે. (ચેતન અને અચેતનના) પ્રવિભાગની પ્રસિદ્ધિનો પણ આથી જ વિરોધ રહેશે નહીં. તેનાથી (આ મતથી) કોઇ રીતે (મહામુશ્કેલીથી, કદાચ) ચેતન અને અચેતનત્વ રૂપી વિલક્ષણત્વ દૂર થશે. પરંતુ (કારણની) શુદ્ધિ અને (કાર્યની) અશુદ્ધિથી થયેલું વિલક્ષણત્વ તો દૂર નહીં જ થાય.

અને બીજું (પ્રથમ કહેલું) વિલક્ષણત્વ પણ દૂર કરવું શક્ય નથી. તેથી કહે છે "તેનું તથાત્વ (તેવું હોવું તે) શબ્દથી જણાય છે." લોકમાં સમસ્ત વસ્તુના (કોઇપણ પ્રમાણથી) પ્રાપ્ત નહીં થતા, આ ચેતનત્વની, શ્રુતિમાં ચેતન (બ્રહ્મ) (જગતનું) કારણ કહેલ હોવાથી, તે શ્રુતિના આધારથી જ માત્ર કલ્પના કરાય છે. અને વળી તેનો શ્રુતિથી જ વિરોધ થાય છે, કારણ શ્રુતિથી જ તેનું "તથાત્વ" (તેવું હોવું તે) સમજાય છે. 'તથાત્વ' એટલે કે પ્રકૃતિ(કારણ)થી વિલક્ષણ હોવું તેમ (સૂત્રકાર) કહે છે. "વિજ્ઞાન અને અવિજ્ઞાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(તૈ.૨.૬.)" એમ શ્રુતિમાં જ (જગતના) કોઈ એક વિભાગની અચેતનતા કહીને, (શ્રુતિ) ચેતન બ્રહ્મથી વિલક્ષણ અચેતન જગત છે તેમ કહે છે.

પરંતુ અચેતન તરીકે મનાયેલ ભૂતો અને ઇન્દ્રિયોનું ચેતનત્વ પણ શ્રુતિમાં સંભળાય છે. જેમકે "માટી બોલી, પાણી બોલ્યા (શ.પ.બ્રા. ૬.૧ ૩.૨.૪)." "તે તેજે જોયું, તે પાણીએ જોયું (છા.૬.૨. ૩.૪)" વ. આવી શ્રુતિઓ ભૂતો અંગેના ચેતનત્વની શ્રુતિ છે. ઇન્દ્રિયો અંગેની પણ "તે આ પ્રાણો પોતાની શ્રેષ્ઠતા માટે વિવાદ કરતા બ્રહ્મ પાસે ગયા (બૃ.૬.૧.૭)" "તેઓએ વાણીને કહ્યું—તું અમારે માટે (ગા–ગાન કર) (બૃ.૧.૩.૨.)" આ પ્રમાણેની ઇન્દ્રિયો (ની ચેતનતા) ની શ્રુતિ છે. તેથી જવાબ આપે છે.

"પરંતુ વિશેષ અને અનુગતિ દ્વારા (જણાય છે કે, આ તે અચેતન ભૂતો કે ઇન્દ્રિયોના) અભિમાની દેવતાઓનો (અધિષ્ઠાતાઓનો) નિર્દેશ છે" (૫).

'પરંતુ' શબ્દ શંકાને દૂર કરે છે 'માટી બોલી' વગેરે પ્રકારની શ્રુતિથી ભૂતો અને ઇન્દ્રિયોના ચેતનત્વની શંકા કરવાની જરૂર નથી. કારણ આ અભિમાની (અધિષ્ઠાતા) દેવતાનો નિર્દેશ છે. વદન (બોલવું), સંવદન (વાતચીત) વ. ચેતનને યોગ્ય વ્યવહારોમાં માટી વ.ના અધિષ્ઠાતા દેવો તથા વાણી, વ.ના અધિષ્ઠાતા દેવોનો નિર્દેશ છે, (પરંતુ) ભૂતો કે ઇન્દ્રિયોનો માત્ર નહીં. શા માટે ? વિશેષ અને અનુગતિને કારણે. ચેતન અને અચેતનના પ્રવિભાગ અંગેનો ભોક્તૃઓ અને ભૂતો તથા ઇન્દ્રિયોનો વિશેષ (તફાવત, ભેદ) અગાઉ કહ્યો છે. જો બધું જ ચેતન હોયતો આ વિશેષ શકય નથી. અને વળી, કૌષીતકીઓ પ્રાણસંવાદમાં માત્ર ઇન્દ્રિયોજ છે તેની શંકા દૂર કરવા માટે, અને ચેતન અધિષ્ઠાતાના સ્વીકાર માટે 'દેવતા' શબ્દથી વિશેષ રીતે (સ્પષ્ટ રીતે) જણાવે છે : "આ દેવતાઓ પોતાની શ્રેષ્ઠતા માટે વિવાદ કરતા (કૌ.૨.૧૪)" અને "તે આ સર્વ દેવતાઓ પ્રાણની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રેષ્ઠતા જાણીને (કૌ ૨.૧૪.).” મન્ત્ર, અર્થવાદ, ઇતિહાસ, પુરાણ, વગેરેથી જણાય છે કે (ભૂતો અને ઇન્દ્રિયો સાથે) સર્વ સ્થળે અભિમાની ચેતન દેવતાઓ તેમની સાથે રહેલ છે. “અગ્નિ વાણી બનીને મુખમાં પ્રવેશ્યો (ઐ. આ. ૨.૪,૨૪)” વ આ પ્રકારની શ્રુતિ ઇન્દ્રિયોમાં મદદરૂપ (અનુગ્રાહક) થયેલી દેવતાને તેની સાથે રહેલી (અનુગત) બતાવે છે. પ્રાણસંવાદ અંગેના વાક્યના અંતમાં પણ “તે પ્રાણો પિતા પ્રજાપતિ પાસે જઈને બોલ્યા (છા. પ. ૧. ૭.)”- એ પ્રમાણે શ્રેષ્ઠત્વ નક્કી કરવા માટે પ્રજાપતિ પાસે ગમન, અને તેમના વચનથી એક એકનાં (શરીરમાંથી) ઉત્ક્રમણથી (દૂર થવાથી), અન્વય અને વ્યતિરેક દ્વારા પ્રાણની શ્રેષ્ઠતાની ખાત્રી “તેને બલિ આપવું (બૃ ૬, ૧, ૧૩)” વ આ પ્રકારનો, આપણા (મનુષ્યો) જેવો થયેલો વ્યવહાર તે (પ્રાણોની) સાથે રહેલા અભિમાની દેવતાનો નિર્દેશ દૃઢ કરે છે. “તે તેજે જોયું (છા. ૬. ૨. ૩)” વ. પણ પોતાના વિકારોમાં (વિકારોની) સાથે રહેલી અધિષ્ઠાત્રી પરા દેવતાની આ “ઈક્ષા” (દૃષ્ટિ) કહેવાઇ છે. તેમ જાણવું જોઇએ.

તેથી આ જગત બ્રહ્મથી વિલક્ષણ જ છે. અને વિલક્ષણ હોવાથી બ્રહ્મ તેનું કારણ નથી. એમ આક્ષેપ થાય ત્યારે (સૂત્રકાર) જવાબ આપે છે. “ પરંતુ દેખાય છે (૬). ”

“ પરંતુ” શબ્દ (પૂર્વ–)પક્ષનું ખંડન કરે છે. વિલક્ષણ હોવાથી આ જગત બ્રહ્મરૂપી કારણવાળું નથી એમ જે કહ્યું તે સાચો નિર્ણય નથી. કારણ લોકમાં ચેતન તરીકે પ્રસિદ્ધ થયેલ પુરુષ, વ. માંથી વિલક્ષણ કેશ, નખ, ઈ.ની ઉત્પત્તિ તથા અચેતન તરીકે પ્રસિદ્ધ થયેલ છાણ વ.માંથી વીંછી, વ.ની ઉત્પત્તિ જોવાય છે. પરંતુ, (પૂર્વપક્ષી દલિલ કરે છે કે) પુરુષાદિના અચેતન શરીરો જ અચેતન કેશનખાદિનાં કારણો છે. અને વૃશ્ચિકાદિનાં અચેતન શરીરો જ અચેતન છાણ, વ.ના કાર્યો છે. જવાબ અપાય છે, (અમે)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબ આપીએ છીએ કે) આ પ્રમાણે પણ, કંઈક અચેતન ચેતનના સ્થાન તરીકે છે, કંઈક નહીં એમ વૈલક્ષણ્ય છે જ. સ્વરૂપ વ.નાં ભેદને કારણે, પુરુષાદિનો અને કેશનખાદિનો આ પરિણામ અંગેનો મહાન સ્વાભાવિક ભેદ છે, અને તે પ્રમાણે છાણ, વ. તથા વૃશ્ચિક વ.નો (પણ ભેદ છે). અત્યંત સારુપ્ય (સમાનરૂપ) હોય તો (તે બંનેનો) પ્રકૃતિવિકારભાવ જ નાશ પામે. હવે જે કહેવાય (પૂર્વપક્ષી દલીલ કરે) કે પુરુષાદિનો કેશનખાદિમાં ઊતરી આવેલો અને ગોમયાદિનો વૃશ્ચિકાદિમાં ઊતરી આવેલો કોઈક પાર્થિવત્વ (પૃથિવીવત્ત્વ) આદિ. સ્વભાવ છે, તો (તેનો જવાબ છે કે) બ્રહ્મનો પણ સત્તા (અસ્તિત્વ) લક્ષણ સ્વભાવ આકાશાદિ (કાર્યો)માં ઊતરી આવેલો દેખાય છે. વિલક્ષણત્વ રૂપી કારણથી "બ્રહ્મ જગતનું કારણ છે"-તેનો વિરોધ કરતા (જગતનું બ્રહ્મકારણત્વ દૂષિત કરતા) (પૂર્વપક્ષીએ) "શું સંપૂર્ણ બ્રહ્મસ્વભાવ (કાર્યમાં) ન ઊતરી આવે તે વિલક્ષણત્વ છે, કે બ્રહ્મસ્વભાવનો) અમુક કોઈ ભાગ કે ચૈતન્ય (કાર્યમાં ન ઊતરી આવવું તે વિલક્ષણત્વ છે)" તે કહેવું જોઈએ. પ્રથમ વિકલ્પમાં સમસ્ત પ્રકૃતિવિકારભાવના નાશ થવાનો પ્રસંગ (દોષ) આવશે. કારણ અતિશય ન હોય (એટલે કે, કારણ અને કાર્ય બંને તદ્દન એકરૂપ હોય) તો પ્રકૃતિવિકારભાવ રહેતો નથી બીજા વિકલ્પમાં અસિદ્ધત્વ (દોષ) છે, કારણ સત્તા (અસ્તિત્વ) રૂપી બ્રહ્મસ્વભાવ આકાશાદિ(કાર્યો)માં ઊતરી આવેલ દેખાય છે; તે કહેવાયું છે. ત્રીજા વિકલ્પમાં તો, દૃષ્ટાંતનો અભાવ છે. કારણ, જે કાંઈ ચૈતન્યથા અન્વિત (યુકત) નથી તે બ્રહ્મ સિવાયના કારણવાળું જોવાયું છે, એમ કહીને બ્રહ્મવાદી પાસે (તેને પણ માન્ય એવું) કયું ઉદાહરણ મૂકી શકાશે, કારણ તે (બ્રહ્મવાદી) સમસ્ત વસ્તુસમૂહનું કારણ બ્રહ્મ છે તેમ માને છે. વળી, શાસ્ત્રનો વિરોધ તો પ્રસિદ્ધ જ છે. કારણ, ચેતન બ્રહ્મ જગતનું કારણ અને પ્રકૃતિ છે તે પ્રમાણે શાસ્ત્રનું તાત્પર્ય નક્કી થયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મ સિદ્ધ–પરિપૂર્ણ (પરિનિષ્પન્ન) હોવાથી, તેમાં (શાસ્ત્ર ઉપરાંત) અન્ય પ્રમાણો શકય છે તેમ જે કહ્યું તે પણ માત્ર 'મનોરથ' (માનસિક ઇચ્છા જ) છે કારણ, રૂપાદિના અભાવથી આ વિષય (બ્રહ્મ) પ્રત્યક્ષને ગોચર નથી. લિંગ (અનુમાન માટેનો હેતુ) વ.ના અભાવથી અનુમાનાદિ પ્રમાણોથી પણ ગમ્ય નથી. ધર્મની જેમ આ વિષય પણ માત્ર શાસ્ત્રથી જ પ્રાપ્ત થઇ શકે તેવો છે. અને શ્રુતિ પણ કહે છે "હે સૌથી પ્રિય, આ જ્ઞાન તર્કથી પ્રાપ્ત થઇ શકે તેવું નથી. અન્ય વડે કહેવાય ત્યારે જ તેનું સારી રીતે જ્ઞાન થાય છે. (કા. ૧, ૨, ૯.)" અને "આ સૃષ્ટિ કયાંથી ઉત્પન્ન થઈ તે ખરેખર કોણે જાણ્યું છે અને અહીં કોણ કહે છે? (ઋ સં. ૧૦, ૧૨૯, ૬૭)" આ બંને ઋચાઓ જગત્કારણ (બ્રહ્મ) સિદ્ધ–ઇશ્વરોને પણ દુર્બોધ (ન સમજાય તેવું) છે તેમ કહે છે. સ્મૃતિ પણ છે, "જે અચિન્ત્ય ભાવો છે તેમને તર્ક સાથે જોડવા ન જોઇએ (મહા. ૬, ૫, ૧૨)," અને "આ અવ્યક્ત છે, અચિન્ત્ય છે અને આ અવિકાર્ય કહેવાય છે. (ભ. ગી. ૨, ૨૫.)," અને આ પ્રકારની "દેવસમૂહ કે મહર્ષિઓ મારી ઉત્પત્તિ જાણતા નથી, ખરેખર હું દેવો અને મહર્ષિઓનો સર્વ રીતે આદિ છું (ભ. ગી. ૧૦, ૨)." જો કે શ્રવણ ઉપરાંત મનનનું વિધાન કરતી શ્રુતિ જ તર્કનો પણ આદર કરવો જોઇએ તેમ જણાવે છે તેમ (અમે) કહ્યું, છતાં આ બહાનાથી અહીં શુષ્ક તર્કનો આત્મલાભ સંભવતો નથી. કારણકે અહીં શ્રુતિથી સ્વીકારાયેલો (શ્રુતિને અનુસરતો) જ તર્ક, અનુભવના અંગ તરીકે ગ્રહણ કરાય છે (આશ્રય લેવાય છે). (જેમકે), સ્વપ્નાવસ્થા અને જાગ્રદવસ્થા બંનેનું એકબીજાથી ભિન્નત્વ (વ્યભિચાર) હોવાથી, આત્મા સાથે તે અવસ્થાઓને સંબંધ નથી; સુષુપ્ત અવસ્થામાં પ્રપંચનો પરિત્યાગ હોવાથી સત્–આત્મા સાથે ભળી જવાથી આત્માનું પ્રપંચરહિત સત્–આત્મકત્વ; પ્રપંચ બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલ હોવાથી કાર્યકારણનાં અનન્યત્વ–ન્યાયથી બ્રહ્મથી અભિન્ન છે, વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકારનો (શ્રુતિને અનુસરતો તર્ક માન્ય છે). "તર્કની પ્રતિષ્ઠા ન હોવાથી (બ્ર.સૂ.૨.૧.૧૧.)" એ સૂત્રથી કેવળ (શ્રુતિના આધાર રહિત) તર્કનું ભ્રામકત્વ (છેતરપિંડી) (સૂત્રકાર) દર્શાવશે. જે પણ ચેતન કારણની શ્રુતિના બળથી જ સમસ્ત જગતની ચેતનતાની ઉત્પ્રેક્ષા (કલ્પના) કરે છે તેના વડે પણ "વિજ્ઞાન અને અવિજ્ઞાન (તૈ.૨.૬)" એવી ચેતન અને અચેતનના વિભાગની શ્રુતિને ચૈતન્યની વિભાવના અને અવિભાવના (વ્યક્તત્વ અને અવ્યક્તત્વ) વડે સમજાવવી શક્ય છે. પરંતુ, આ વિરોધી (સાંખ્ય) માટે તો આ 'વિભાગ'ની શ્રુતિ પણ (આમ સમજાવવી) શક્ય નથી. શા માટે ? "તે વિજ્ઞાન અને અવિજ્ઞાન થયું (તૈ.૨.૬.)" એમ અહીં પરમ કારણ(બ્રહ્મ)નું જ સમસ્ત જગત રૂપે સમવસ્થાન(સ્થિતિ) શ્રુતિમાં કહ્યું છે. ત્યાં, જેમ વિલક્ષણ હોવાથી ચેતનનો અચેતનભાવ શક્ય નથી, એ જ પ્રમાણે અચેતનનો પણ ચેતનભાવ શક્ય નથી. પરંતુ (અમારા મત મુજબ તો, અમે) વિલક્ષણત્વનો જવાબ આપ્યો હોવાથી, શ્રુતિ પ્રમાણે જ ચેતન કારણને ગ્રહણ કરવું જોઈએ.

"(ઉત્પત્તિ પહેલાં કાર્ય) અસત્ છે તેમ જો (પૂર્વપક્ષ કહે) તો 'ના', કારણકે માત્ર પ્રતિષેધ હોવાથી (તેમ નથી)." (૭)

'જો ચેતન, શુદ્ધ, શબ્દાદિહીન બ્રહ્મ તેનાથી વિપરીત અચેતન, અશુદ્ધ, શબ્દાદિસહિતના કાર્યનું કારણ માનવામાં આવે, તો ઉત્પત્તિ પહેલા કાર્ય 'અસત્' હોવાનો (કાર્યનું અસ્તિત્વ ન હોવાનો) પ્રસંગ (દોષ) આવશે. અને સત્કાર્યવાદી એવા તારા (વેદાન્તી) માટે આ અનિષ્ટ છે,' એમ જો કહેવામાં આવે તો, આ દોષ નથી. 'માત્ર પ્રતિષેધ હોવાથી.' કારણ, આ માત્ર પ્રતિષેધ છે, આ પ્રતિષેધનું પ્રતિષેધ્ય (પ્રતિષેધનો વિષય) નથી. કારણ, આ પ્રતિષેધ ઉત્પત્તિ પહેલાં કાર્યના અસ્તિત્વનો પ્રતિષેધ કરવા શક્તિમાન નથી. શા માટે ? કારણ, જેવી રીતે અત્યારે પણ કાર્ય કારણ રૂપે જ સત્ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(અસ્તિત્વ ધરાવે છે) તેમ ઉત્પત્તિ પહેલાં પણ (કારણ રૂપે કાર્ય સત્ છે) એમ સમજાય છે. "જે આત્માથી બહાર બધું જાણે છે તેનો સર્વ ત્યાગ કરે છે (બૃ. ૨. ૪. ૬.)" વ. શ્રુતિ ઉપરથી (જણાય છે કે) અત્યારે પણ આ કાર્ય કારણ-સ્વરૂપ વગર સ્વતંત્ર રીતે જ નથી. ઉત્પત્તિ પહેલાં કાર્યનું કારણ-સ્વરૂપે અસ્તિત્વ સ્પષ્ટ છે.

પરંતુ, શબ્દાદિહીન બ્રહ્મ (શબ્દાદિ સહિતના) જગતનું કારણ છે ! હા. પરંતુ, શબ્દાદિસહિતનું કાર્ય ઉત્પત્તિ પહેલાં કે અત્યારે કારણ-સ્વરૂપથી રહિત નથી. તેથી, ઉત્પત્તિ પહેલાં કાર્ય અસત્ છે તેમ કહેવું શક્ય નથી. આ અમે કાર્યકારણ-અનન્યત્વવાદ (બ્ર. સૂ. ૨. ૧. ૧૪) માં વિસ્તારથી કહેશું.

સૂત્ર ૮ : "પ્રલયમાં કારણ પણ કાર્યની જેવું (સ્થૂલ, સાવયવ, અશુદ્ધ, વ.) થઇ જવાનો પ્રસંગ (દોષ) હોવાથી, (આ વેદાન્ત મત) અયથાર્થ છે." (૮).

અહીં કહે છે-જો સ્થૂલ, સાવયવ, અચેતન, પરિચ્છિન્ન, અશુદ્ધિ વ. ધર્મોવાળા (જગતરૂપી) કાર્યનું બ્રહ્મ કારણ માનવામાં આવે તો "અપીતિ" એટલે પ્રલયમાં વિલીન થતું કાર્ય, કારણ સાથે અવિભાગ પામીને, પોતાના ધર્મથી કારણને દૂષિત કરશે, તેથી પ્રલયમાં કાર્યની જેમ કારણબ્રહ્મને પણ અશુદ્ધિ વગેરે રૂપનો પ્રસંગ (દોષ) હોવાથી, સર્વજ્ઞ બ્રહ્મને જગતનું કારણ માનતું આ ઔપનિષદ દર્શન અયોગ્ય છે. વળી સમસ્ત વિભાગનો અવિભાગ થવાથી, ફરીથી ઉત્પત્તિ (પુનરુત્પત્તિ) માં નિયમ-કારણના અભાવથી ભોક્તૃ, ભોગ્ય વ. વિભાગોપૂર્વક ઉત્પત્તિ શક્ય નથી, તેથી પણ આ દર્શન અયોગ્ય છે. વળી પરબ્રહ્મ સાથે અવિભાગ પામેલા ભોક્તાઓના કર્મ વ. કારણોનો નાશ થાય છતાં, પુનરુત્પત્તિ માનેલ હોવાથી, મુક્તોની પણ પુનરુત્પત્તિ થવાનો પ્રસંગ (દોષ) આવે તેમ હોવાથી (આ દર્શન)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરાબર નથી, હવે જો પ્રલયાવસ્થામાં પણ આ જગત પરબ્રહ્મ સાથે વિભાગાવસ્થામાં જ રહે તો, તેમ થવાથી પ્રલય જ શક્ય થતો નથી. અને વળી, કારણથી જુદું કાર્ય શક્ય નથી, તેથી પણ (આ દૃષ્ટાંત) અયોગ્ય છે. અહીં જવાબ અપાય છે.

"પરંતુ (કારણમાં લીન થતું કાર્ય કારણને દૂષિત કરતુ) નથી કારણકે તેવા દૃષ્ટાંતો છે" (૯).

અમારા દૃષ્ટાંતમાં કશો પણ વિરોધ નથી. 'કારણમાં લીન થતું કાર્ય કારણને પોતાના ધર્મથી દૂષિત કરે છે' એમ જે કહ્યું તે પણ દૂષણ (દોષ) નથી, શા માટે? 'દૃષ્ટાંત હોવાથી.' કારણમાં લીન થતું કાર્ય કારણને પોતાના ધર્મથી દૂષિત કરતું નથી તેવા દૃષ્ટાંતો છે. તે જેમકે, માટી રૂપ પ્રકૃતિ(કારણ)માંથી બનેલ શરાવ (શકોરું) વ. વિકારો વિભાગ-અવસ્થામાં ઊંચા-નીચા અને મધ્યમ પ્રકારના ભેદવાળા હોવા છતાં, ફરીથી પ્રકૃતિમાં લીન થાય છે ત્યારે, તે(પ્રકૃતિ-માટી)ને પોતાના ધર્મથી દૂષિત કરતા નથી. અને હાર વ. સુવર્ણના વિકારો પણ (સુવર્ણમાં) લીન થાય ત્યારે સુવર્ણને પોતાના ધર્મથી દૂષિત કરતા નથી. પૃથિવીનો વિકાર-ચાર પ્રકારનો ભૂત સમુદાય (જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ)-પણ લય પામે છે ત્યારે પૃથિવીને પોતાના ધર્મથી દૂષિત કરતો નથી. પરંતુ, તારા પક્ષમાં તો કોઇ જ દૃષ્ટાંત નથી. જો પોતાના ધર્મથી જ કાર્ય કારણમાં રહેતો અપીતિ (લય) જ સંભવી ન શકે. કાર્ય અને કારણનું અનન્યત્વ હોવા છતાં "આરમ્ભણ' શબ્દ વ.થી (બ્ર. સૂ. ૨. ૧. ૧૪) કાર્યનું કારણ-આત્મત્વ છે પરંતુ કારણનું કાર્ય-આત્મત્વ નહીં, એમ અમે જણાવશું. અપીતિ(લય)ની અવસ્થામાં કાર્ય કારણને પોતાના ધર્મથી દૂષિત કરશે તે તમે ઘણું ઓછું કહો છો! કારણકે, કાર્ય અને કારણના અનન્યત્વના મતને કારણે (જગતની) સ્થિતિમાં પણ તેવો જ (લયની જેવો જ) દોષ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવશે. કારણ, "આ બધું જે આત્મા છે (બૃ.૨,૪,૬.)" "આત્મા જ આ બધું સર્વ છે (છા.૭,૨૫,૨.)," "બ્રહ્મ એ જ આ પહેલાનું અમૃત છે (મુ.૨,૨,૧૧.)", "ખરેખર આ બધું બ્રહ્મ છે (છા.૩,૧૪,૧)" વગેરે શ્રુતિ કોઈ પણ પ્રકારના ભેદ (વિશેષ) વગર ત્રણે કાળમાં કાર્યનું કારણથી અનન્યત્વ જણાવે છે. તેમાં જે પરિહાર (દોષમાંથી મુક્તિનો ઉપાય) છે, તે-કાર્ય અને તેનાં ધર્મો અવિદ્યાથી અધ્યારોપિત થયા હોવાથી તેઓ વડે કારણ દૂષિત થતું નથી—તે 'અપીતિ' (લય) માં પણ સમાન છે.

અને આ બીજું દૃષ્ટાંત પણ છે કે જેમ (માયા) અવસ્તુ હોવાથી (ખરેખર વિદ્યમાન ન હોવાથી) પોતે ફેલાવેલી માયાથી જેમ માયાવી ત્રણે કાળમાં સ્પર્શાતો નથી તેમ, સંસારમાયાવડે પરમાત્માને પણ સ્પર્શ થતો નથી. અને જાગ્રદવસ્થા અને (ગાઢ) નિંદ્રાવસ્થામાં સાથે નહીં હોવાથી (તે અનુભવો સાથે રહેતો નહીં હોવાથી) સ્વપ્ન જોનાર એક (આત્મા) સ્વપ્નદર્શનની માયાથી સંબદ્ધ થતો નથી, તેમ ત્રણે અવસ્થાનો સાક્ષી એક ને અવ્યભિચારી છે તે વ્યભિચારી ત્રણે અવસ્થાઓથી સ્પર્શાતો નથી. જેમ રજ્જુનો સર્પાદિભાવથી (આભાસ મિથ્યા છે,) તેમ પરમાત્માનું આ ત્રણે અવસ્થાઓથી અવભાસન માયામાત્ર છે. અહીં વેદાન્તના અર્થનો સંપ્રદાય જાણનાર આચાર્ય ગૌડપાદે કહ્યું છેઃ "અનાદિ માયાથી સૂતેલો જીવ જ્યારે જાગે છે ત્યારે તે અજ, અનિદ્ર, અસ્વપ્ન, અદ્વૈતને જાણે છે." (૧. ૧૬.) તેથી, પ્રલયમાં કાર્યની જેમ કારણને પણ સ્થૂલતા વ. દોષોનો પ્રસંગ આવશે એમ જે કહ્યું તે અયોગ્ય છે. અને જે આ કહ્યું કે બધા વિભાગો જ્યારે અવિભાગ-સ્થિતિને પામ્યા હોય ત્યારે ફરીથી વિભાગ પ્રમાણોની ઉત્પત્તિમાં નિયમકારણ શક્ય નથી તેમાં પણ કંઈ દોષ નથી કારણ કે તેવું દૃષ્ટાન્ત છે જ. જેમ સુષુપ્તિ, સમાધિ, (મૂર્ચ્છા)વ.માં સ્વાભાવિક અવિભાગપ્રાપ્તિ હોવા છતાં પણ, મિથ્યાજ્ઞાન દૂર થયું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હોવાથી પ્રબોધસમયે પ્રથમની જેવો જ ફરીથી વિભાગ થાય છે, તેમ અહીં પણ થશે. અહીં શ્રુતિ પણ છે, "આ બધી પ્રજાઓ બ્રહ્મમાં ભળીને અમે બ્રહ્મમાં એકરૂપ થયા છીએ તેમ જાણતી નથી. અહીં વાઘ કે સિંહ કે વરુ કે વરાહ કે કીડો કે પતંગીયું કે ડાંસ કે મચ્છર–જે જે હોય છે તે તે જ તેઓ બને છે." (છા. ૬,૯.૨–૩)

જે રીતે, વિભાગરહિત પરમાત્મામાં પણ, મિથ્યાજ્ઞાનથી થયેલ વિભાગ–વ્યવહાર, સ્થિતિ(જાગ્રદવસ્થા)માં પણ સ્વપ્નની જેમ સતત રીતે દેખાય છે તે પ્રમાણે પ્રલયાવસ્થામાં પણ મિથ્યા જ્ઞાનથી થયેલી વિભાગશક્તિનું અનુમાન થઇ શકે. આથી, મુક્તોની પુનરુત્પત્તિના દોષનો પણ જવાબ આપી દેવાયો, કારણ સમ્યગ્જ્ઞાનથી મિથ્યાજ્ઞાનનો નાશ થયો હોય છે. હવે, આ જગત પ્રલયાવસ્થામાં પણ પરબ્રહ્મથી વિભક્ત રીતે (જુદુ, સ્વતંત્રરીતે) રહેશે, તેવો જે બીજો વિકલ્પ છેલ્લે કહ્યો તેના અમારા અસ્વીકારથી જ તેનો પણ પ્રતિષેધ થયો. તેથી આ ઔપનિષદ દર્શન (વેદાન્ત દર્શન) યોગ્ય જ છે.

"અને પોતાના પક્ષમાં પણ દોષો હોવાથી." (૧૦).

પ્રતિવાદીના પોતાના પક્ષમાં પણ આ સાધારણ દોષો ઉત્પન્ન થશે. શા માટે ? કારણ, વિલક્ષણ હોવાથી આ જગતનું કારણ બ્રહ્મ નથી એમ જે કહ્યું, તે પ્રધાનને કારણ માનવામાં પણ સરખું જ છે; કારણ શબ્દાદિહીન પ્રધાનમાંથી શબ્દાદિવાળા જગતની ઉત્પત્તિ (તે મતમાં) માનવામાં આવે છે. આથી જ, વિલક્ષણકાર્યની ઉત્પત્તિ માનવાથી ઉત્પત્તિ પહેલાં અસત્કાર્યવાદ (ઉત્પત્તિ પહેલાં કાર્યનું અસ્તિત્વ ન હોવું તે)નો દોષ (બન્ને પક્ષે) સમાન છે. તે પ્રમાણે પ્રલયાવસ્થામાં કાર્યનો કારણ સાથે અવિભાગ થતો હોવાથી (આઠમાં સૂત્રમાં કહેલ) "તદ્-વત્-પ્રસંગ" (કાર્યના ધર્મો પ્રલયાવસ્થામાં કારણને લાગવા તે) નો દોષ પણ સમાન છે. તે પ્રમાણે, જેના સર્વ વિશેષો નાશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામ્યા છે તેવા વિકારો પ્રલયાવસ્થામાં અવિભાગને પામે ત્યારે "આ આ પુરુષનું ઉપાદાન છે, આ આનું," એમ પ્રલય પહેલાં જે દરેક પુરુષ અંગેના ભેદો નક્કી થયેલા હોય છે તે પુનરુત્પત્તિમાં તે જ પ્રમાણે નિયમન થવું શકય નથી, કારણ તે માટે કોઇ કારણ નથી. કારણ વગર જ તેવું નિયમન થવાનું માનવામાં આવે તો કારણના અભાવનું સામ્ય હોવાથી મુકતોને પણ પુનર્બન્ધનો પ્રસંગ આવી જશે. હવે પ્રલયમાં કેટલાક ભેદો (કારણ-પ્રધાનમાં ભળીને, તેની સાથે) અવિભાગને પામે છે અને કેટલાક નહીં એમ માનવામાં આવે તો જે અવિભાગ પામતા નથી તે પ્રધાનના કાર્ય બનશે નહીં. આ અને આવા દોષો (બન્ને પક્ષે) સાધારણ હોવાથી, એક પક્ષ સામે રજૂ ન કરી શકાય, તેથી, આ દોષોને અવશ્ય આશ્રય લેવો પડતો હોવાથી, તે દોષો દોષરૂપ નથી તે જ હકીકતને દૃઢ કરે છે.

"તર્કને સ્થાન ન હોવાથી પણ (અનિર્મોક્ષ થશે). જો બીજી રીતે અનુમાન કરશું એમ કહો તો પણ અનિર્મોક્ષનો પ્રસંગ (દોષ) આવશે." (૧૧).

આથી પણ શાસ્ત્રગમ્ય અર્થમાં માત્ર તર્કથી દલીલ કરવાની નથી, કારણ ઉત્પ્રેક્ષા (કલ્પના) નિરંકુશ હોવાથી શાસ્ત્રોની સહાય વગરના, પુરુષોની કલ્પનામાત્રથી ઉદ્ભવેલા તર્કોને સ્થાન નથી. જેમકે કેટલાક વિદ્વાનોથી પ્રયત્નપૂર્વક કલ્પના કરાયેલા તર્કો બીજા વિદ્વાનોને આભાસરૂપ દેખાય છે, અને તેઓથી કલ્પના કરાયેલા તર્કો બીજાને આભાસરૂપ બને છે. એ પ્રમાણે, પુરુષોની બુદ્ધિના ભેદને કારણે તર્કોના પ્રતિષ્ઠિતત્વ(પ્રામાણ્ય) નો આશ્રય લેવો શકય નથી. હવે, કોઇ પ્રસિદ્ધ માહાત્મ્યવાળા કપિલ ઋષિનો કે અન્યની સંમતિ વાળો તર્ક પ્રતિષ્ઠાવાળો છે તેમ માનીને તેનો આશ્રય લેવામાં આવે તો પણ, અપ્રતિષ્ઠિતત્વ (આધારહીનતા) રહે છે જ. કારણ જેમનું માહાત્મ્ય પ્રસિદ્ધ મનાયું છે તેવા કપિલ, કણાદ, વગેરે તીર્થંકરોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ પરસ્પર વિરોધ જોવામાં આવે છે. હવે એમ કહેવામાં આવે કે, અમે બીજી રીતે અનુમાન કરશું કે જેથી અપ્રતિષ્ઠાદોષ ન આવે, કારણ, પ્રતિષ્ઠિત તર્ક જ નથી એમ નહીં કહી શકાય, કારણ, તર્કોનું આ અપ્રતિષ્ઠિતત્વ પણ તર્કથી જ સ્થપાય છે (નક્કી થાય છે), કારણ કેટલાક તર્કોની અપ્રતિષ્ઠાના દર્શનથી બીજા પણ તેમના જેવા જ તર્કોની અપ્રતિષ્ઠાની કલ્પના થઈ શકે છે. બધા જ તર્કોની અપ્રતિષ્ઠા માનવામાં આવે તો લોકવ્યવહારના નાશ થવાનો દોષ આવશે. ભૂતકાળના અને વર્તમાનકાળના માર્ગના સામ્યદ્વારા, સુખની પ્રાપ્તિ અને દુઃખના ત્યાગ માટે ભવિષ્યના માર્ગમાં પ્રવૃત્ત થતા લોકો દેખાય છે, શ્રુતિના અર્થમાં વિરોધ હોય ત્યારે વાક્યનું તાત્પર્ય નિરૂપણ કરનાર તર્ક વડે જ, અર્થાભાસનું નિરાકરણ કરીને (દૂર કરીને) સાચા અર્થનો નિર્ણય કરાય છે. અને "ધર્મશુદ્ધિને ઇચ્છતા માણસે પ્રત્યક્ષ અનુમાન અને જુદા જુદા ધર્મગ્રંથો સહિતના શાસ્ત્ર–એ ત્રણ–નો સારો અભ્યાસ કરવો જોઇએ. "(૧૨.૧૦૫) અને " ઋષિઓએ જણાવેલા ધર્મોપદેશને જે વેદ અને શાસ્ત્રોથી અવિરોધિ તર્ક સાથે જે ભેળવે છે તે જ ધર્મ જાણે છે, બીજો નહીં "(૧૨. ૧૦૬)." એમ કહેતા મનુ પણ આ જ પ્રમાણે મત ધરાવે છે. જે આ અપ્રતિષ્ઠા છે તે જ તર્કનું આભૂષણ છે. આ પ્રમાણે જ, દોષયુક્ત તર્કના ત્યાગથી, દોષરહિત તર્કનો સ્વીકાર કરવો જોઇએ. પૂર્વજ મૂઢ હતો તેથી પોતે પણ મૂઢ થવું તેવી માન્યતા માટે કંઈ પ્રમાણ નથી. તેથી તર્કની અપ્રતિષ્ઠા તે દોષ નથી એમ કોઈ કહે, તો (અમારો જવાબ છે કે) તો પણ અવિમોક્ષનો પ્રસંગ આવશે. જો કે, કોઇક વિષયમાં તર્કનું પ્રતિષ્ઠિતત્વ દેખાય છે, છતાં પ્રકૃત વિષય (બ્રહ્મ)માં તર્કના અપ્રતિષ્ઠિતત્વના દોષથી અનિર્મોક્ષ પ્રસંગ થશે જ. કારણ, શાસ્ત્ર વગર, આ અત્યંત ગંભીર, મુક્તિના કારણરૂપ, ભાવયાથાત્મ્યની (સત્–સ્વરૂપ–જ્ઞાનની) ઉત્પ્રેક્ષા પણ કરવી શક્ય નથી. રૂપ વ. ના અભાવથી આ અર્થ (બ્રહ્મ) પ્રત્યક્ષનો વિષય નથી અને લિંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(હેતુ) વગેરેના અભાવથી તે અનુમાનાદિનો વિષય નથી, તેમ અમે કહ્યું. વળી, સમ્યગ્જ્ઞાનથી મોક્ષ છે તેમ સર્વે મોક્ષવાદીઓનો સિદ્ધાંત છે. અને તે સમ્યગ્જ્ઞાન વસ્તુતન્ત્ર હોવાથી (વસ્તુ ઉપર આધાર રાખતું હોવાથી) એકરૂપ છે. એક જ રૂપે રહેલો જે અર્થ છે તે પરમ અર્થ છે. લોકોમાં તેને અંગેનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે, જેમકે અગ્નિ ઉષ્ણ છે, વગેરે. તો એમ હકીકત છે. ત્યારે, સમ્યગ્જ્ઞાનમાં પુરુષોની વિપ્રતિપત્તિ (વિરુદ્ધ પ્રકારના મતો હોવા તે) યોગ્ય નથી. તર્કજ્ઞાનોમાં તો એકબીજાના વિરોધથી આવી વિપ્રતિપત્તિ પ્રસિદ્ધ છે. કારણકે કોઇ તાર્કિક આ જ સમ્યગ્જ્ઞાન છે એમ કહીને જે નક્કી કર્યું હોય તે બીજા વડે દૂર કરાય છે, અને તે બીજા વડે સ્થપાયેલું તેનાથી બીજા (ત્રીજા) વડે દૂર કરાય છે, તે હકીકત લોકમાં પ્રસિદ્ધ છે. જેનો વિષય એકરૂપે નક્કી થયો નથી તેવું તર્કમાંથી ઉદ્ભવતું જ્ઞાન સમ્યગ્જ્ઞાન કઇ રીતે બને ? અને વળી, પ્રધાનવાદી(સાંખ્ય) તર્કવેત્તાઓમાં ઉત્તમ છે તેમ માનીને બધા તાર્કિકોએ તેને સ્વીકારેલ નથી કે જેથી તેના મતને આપણે સમ્યગ્જ્ઞાન તરીકે સ્વીકારીએ. અને, ભૂત ભવિષ્ય અને વર્તમાનના તાર્કિકોને એક દેશમાં એક સમયે એકઠા કરવાનું શકય નથી કે જેથી એક અર્થ અંગેની તેમની એકરૂપા મતિને આપણે સમ્યગ્મતિ તરીકે માની શકીએ. જ્યારે વેદ તો નિત્ય અને વિજ્ઞાન(સમ્યગ્જ્ઞાન)ની ઉત્પત્તિનું કારણ હોવાથી વ્યવસ્થિત અર્થવિષયની તેમાં શકયતા છે. અને તેથી તેમાંથી થતાં જ્ઞાનનું સમ્યક્ત્વ(યથાર્થત્વ) ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના બધાજ તાર્કિકોથી પણ દૂર કરવું અશકય છે. આથી આ ઉપનિષદ્ –જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે તે સિદ્ધ થયું. આ સિવાય, સમ્યગ્જ્ઞાનની શકયતા ન હોવાથી, સંસારઅવિમોક્ષનો જ દોષ આવે. આથી, શાસ્ત્રને બળે અને શાસ્ત્રને અનુસરતા તર્કને બળે પણ, ચેતન બ્રહ્મ જગતનું કારણ અને પ્રકૃતિ છે તે સિદ્ધ થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધિકરણ ૪–શિષ્ટાપરિગ્રહાધિકરણ

"આથી શિષ્ટોથી ન સ્વીકારાયેલા મતોનું પણ (પ્રતિષિદ્ધ તરીકે) નિરાકરણ થઈ ગયું." (૧૨).

વૈદિક દર્શનની પાસે હોવાથી, અત્યંત પ્રબલ તર્કબલથી યુક્ત હોવાથી તેમજ વેદને અનુસરતા કેટલાક (મનુ વગેરે) શિષ્ટોથી કેટલાક અંશથી ગ્રહણ થયેલ હોવાથી, પ્રધાનકારણવાદનો આશ્રય લઈને જે તર્ક અંગેનો આક્ષેપ વેદાન્તવાક્યોમાં રજૂ થયો હતો તે દૂર થયો. અત્યારે કેટલાક અણુવાદ આદિ વાદના આશ્રયે કેટલાક મન્દબુદ્ધિવાળાઓથી વેદાન્તવાક્યોમાં ફરીથી તર્ક અંગેના આક્ષેપની શંકા કરાય છે. તેથી 'પ્રધાનમલ્લનિર્મર્દ્દન્યાય'થી સૂત્રકાર અતિદેશ કરે છે. જે સ્વીકારાય તે 'પરિગ્રહ', 'પરિગ્રહ' નહીં તે 'અપરિગ્રહ', શિષ્ટોને પણ જે અપરિગ્રહ તે 'શિષ્ટાપરિગ્રહ' (સજ્જનોથી ન સ્વીકારાયેલ મતો), આ પ્રકૃત પ્રધાનકારણવાદના નિરાકરણના કારણથી, મનુ, વ્યાસ વગેરે શિષ્ટોથી કોઈ પણ અંશમાં નહીં સ્વીકારાયેલા જે અણુ, પ. કારણવાદો છે તે પણ પ્રતિષિદ્ધ તરીકે સમજી લેવા – ખંડિત થયેલા – સમજવા. નિરાકરણ–કારણ (અંશમાં) સરખું હોવાથી, અહીં ફરીથી બીજી કંઈ શંકા કરવાની રહેતી નથી. અત્યંત ગંભીર જગતકારણ તર્કથી સમજી ન શકાય, તર્કની અપ્રતિષ્ઠા, અન્ય રીતે અનુમાન કરવામાં આવે તો પણ અનિર્મોક્ષ, આગમવિરોધ, વગેરે પ્રકારનું નિરાકરણકારણ અહીં પણ સરખું જ છે.

અધિકરણ ૫–ભોક્ત્રાપત્ત્યધિકરણ.

"(ભોગ્ય) ભોક્તા બનવાની મુશ્કેલી આવવાથી, (ભોગ્ય–ભોક્તા) વિભાગનો અભાવ થશે એમ કોઈ કહે તો, અમારો જવાબ છે કે 'લોકની જેમ' તે શક્ય થશે." (૧૩).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મકારણવાદ પર ફરીથી જૂદી રીતે તર્કના બળે જ આક્ષેપ કરવામાં આવે છે. જો કે શ્રુતિ પોતાના વિષયમાં (દા. ત. બ્રહ્મ જગતનું કારણ છે તે કથનમાં) પ્રમાણ છે, તો પણ બીજા પ્રમાણોથી તેનો વિષય છિનવી લેવાય (=બીજા પ્રમાણોથી શ્રુતિના મુખ્યાર્થમાં બાધ આવે) ત્યારે તે શ્રુતિ અન્ય (પ્રમાણો) પર આધાર રાખનારી બને. જેમકે, મંત્રો અને અર્થવાદને (કેટલીકવાર ગૌણ અર્થમાં ઘટાવવા પડે છે). (દા. ત. 'યજ્ઞસ્તમ્ભ સૂર્ય છે' એવું અર્થવાદ–કથન પ્રત્યક્ષથી વિરુદ્ધ હોવાથી, મુખ્યાર્થમાં ન લઈ શકાય. તેમ અહીં પણ સમજવું એવો પૂર્વપક્ષીનો આશય છે). પોતાના વિષય સિવાય બીજે તર્કની પણ પ્રતિષ્ઠા નથી–જેમકે ધર્મ અને અધર્મમાં, (ધર્મ અને અધર્મનું સ્વરૂપ વેદથી જ જાણી શકાતું હોવાથી, તેમાં તર્કને સ્થાન નથી). જો તેમ હોય તો શું છે? જો આમ હોય તો, અન્ય પ્રમાણોથી પ્રસિદ્ધ થયેલ અર્થને શ્રુતિ બાધિત કરે એ અયોગ્ય છે. કઇ રીતે વળી અન્ય પ્રમાણથી પ્રસિદ્ધ થયેલ અર્થ શ્રુતિથી બાધિત થાય છે?

અહીં અમે કહીએ છીએ. આ ભોકતૃભોગ્યવિભાગ લોકમાં પ્રસિદ્ધ છે, કે ભોકતા ચેતન શારીર (શરીરમાં રહેલ આત્મા) છે અને શબ્દાદિ વિષયો ભોગ્ય છે. જેમકે, ભોકતા દેવદત્ત છે અને ભોગ્ય ચોખા. જો ભોકતા ભોગ્યભાવને પામે કે ભોગ્ય ભોકતૃભાવને પામે તો તે વિભાગનો અભાવ થાય. પરમકારણ બ્રહ્મથી અનન્ય હોવાથી, તે બંને (ભોકતૃ અને ભોગ્ય)ની ઇતરેતરભાવ(એકબીજામાં ભળી જવા)ની આપત્તિનો દોષ આવશે. અને આ પ્રસિદ્ધ વિભાગનું બાધન યોગ્ય નથી. જેવી રીતે, વર્તમાનકાળમાં ભોકતૃ અને ભોગ્યનો વિભાગ જોવાય છે તેમ ભૂતકાળ અને ભવિષ્યકાળમાં પણ તેવા વિભાગની કલ્પના કરવી જોઇએ. તેથી, આ પ્રસિદ્ધ ભોકતૃભોગ્ય-વિભાગના અભાવના પ્રસંગ(દોષ)થી આ બ્રહ્મકારણમાં માનવું તે અયોગ્ય છે એમ જો કોઇ કહે તો, તેને કહેવું જોઇએ "લોકની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ થશે." આ પ્રમાણે લોકમાં જોવાયું હોવાથી, અમારા પક્ષમાં પણ આ વિભાગ શક્ય છે જ. જેમકે, જલસ્વરૂપ સમુદ્રથી ભિન્ન ન હોવા છતાં, ફીણ, વીચી, તરંગ અને પરપોટા, વગેરે તેના વિકારોનો એકબીજાથી વિભાગ(ભિન્નતા)-પ્રકારનો તેમ જ એકબીજાના સંયોગાદિલક્ષણાત્મક વ્યવહાર જોવામાં આવે છે. જલસ્વરૂપ સમુદ્રથી અનન્ય હોવા છતાં, ફીણતરંગાદિ તેના વિકારોની ઇતરેતરભાવાપત્તિ (એકબીજામાં ભળી જવું) થતી નથી. તેઓની ઇતરેતરભાવાપત્તિ ન હોવા છતાં તેમનું સમુદ્રથી અન્યત્વ પણ નથી. એ પ્રમાણે અહીં પણ, ભોક્તા અને ભોગ્યની ઇતરેતરભાવાપત્તિ થશે નહીં તેમજ પરબ્રહ્મથી અન્યત્વ પણ રહેશે નહીં. જો કે ભોક્તૃ બ્રહ્મનો વિકાર નથી, કારણ "તેને સર્જીને તેમાં જ તે પ્રવેશ્યા (તૈ.૨.૬)" એમ અવિકૃત સ્રષ્ટાનું કાર્યમાં પ્રવેશથી ભોક્તૃત્વ શ્રુતિમાં કહ્યું છે, તો પણ, જેમ ઘટ, વગેરે ઉપાધિને કારણે આકાશનો (વિભાગ થાય છે) તેમ કાર્યમાં પ્રવેશેલા (બ્રહ્મ)નો ઉપાધિને કારણે વિભાગ થાય છે. તેથી પરમ કારણ બ્રહ્મથી અનન્યત્વ હોવા છતાં, 'સમુદ્રતરંગાદિન્યાય'થી ભોક્તૃ-ભોગ્યવિભાગ શક્ય છે એમ કહ્યું.

અધિકરણ ૬-આરમ્ભણાધિકરણ. ' ' આરંભણ વગેરે શબ્દોથી, તેનું (બ્રહ્મનું જગતથી) અનન્યત્વ છે." (૧૪).

આ વ્યાવહારિક ભોક્તૃભોગ્યલક્ષણવિભાગને સ્વીકારીને, ' લોક પ્રમાણે શક્ય થશે' એમ પરિહાર કહ્યો. પરંતુ, આ વિભાગ પરમાર્થરીતે નથી, કારણ તે બંને કાર્યકારણનું અનન્યત્વ (શ્રુતિથી) સમન્વય છે. આકાશાદિ અનેક પ્રપંચયુક્ત જગત કાર્ય છે, કારણ પરબ્રહ્મ છે. તે કારણથી કાર્યનું પરમાર્થરીતે અનન્યત્વ-વ્યતિરેકથી અભાવ (તેની ગેરહાજરીમાં અનસ્તિત્વ)-સમન્વય છે. કઈ રીતે ! 'આરમ્ભણ' શબ્દ વગેરેથી. 'આરમ્ભણ' શબ્દ અંગે-એક વિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા કરીને, દૃષ્ટાન્તની અપેક્ષામાં શ્રુતિ કહે છે, "હે સૌમ્ય, જેમ એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
ગુરુકુલ કાંગડી
વિશ્વવિદ્યાલય

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટીના પિંડથી બધું જ માટીથી બનેલું જાણી શકાય છે, વિકાર એ માત્ર વાણીથી જ શરૂઆત થયેલ નામ(માત્ર) છે, માટી જ સત્ય છે." તાત્પર્ય આ પ્રમાણે છે. પરમાર્થરીતે મૃદાત્મક એક મૃત્પિંડને જાણવાથી, મૃદાત્મક હોવામાં જરા પણ તફાવત નહીં હોવાથી ઘટ, શરાવ, ઉદંચન, વગેરે બધું જ મૃન્મય (માટીમાંથી બનેલ) વસ્તુ જણાઇ આવે છે, કારણ વિકાર એ માત્ર વાણીથી જ શરૂ થયેલ છે અને માત્ર નામ જ છે. ઘટ, શરાવ, ઉદંચન વિગેરે વિકાર વાણીથી જ માત્ર અસ્તિત્વમાં છે એટલે કે શરૂ થાય છે. વાસ્તવિકરીતે, વિકાર નામનું કંઇજ નથી, જેનું માત્ર નામ જ છે તે આ અસત્ય છે, મૃત્તિકા જ સત્ય છે. આ બ્રહ્મનું દૃષ્ટાંત શ્રુતિમાં રજૂ થયું છે. તેમાં શ્રુતિમાં કહેલ 'વાચારમ્ભણ" શબ્દથી, દાર્ષ્ટાન્તિક (દૃષ્ટાન્તથી સમજાવેલ વિષય–બ્રહ્મ)માં પણ બ્રહ્મ સિવાય કાર્યસમૂહનો અભાવ છે તેમ સમજાય છે. અને વળી, તેજ, પાણી અને અન્ન બ્રહ્મનાં કાર્ય છે એમ કહીને, તેજ અપ્ (પાણી) અને અન્ન–કાર્યો–નો તેજ, પાણી અને અન્નની ગેરહાજરીમાં અનસ્તિત્વ (શ્રુતિ) કહે છે: "અગ્નિનું અગ્નિત્વ ગયું, વિકાર વાણીથી જ શરૂ થયેલ છે અને નામ માત્ર છે, ત્રણ રૂપો એ જ સત્ય છે" (છા. ૬. ૪. ૧.) વગેરે. "આરમ્ભણ" શબ્દ વ. એમ 'વગેરે' શબ્દ દ્વારા, "આ બધું તે આત્મમય છે, તે સત્ય છે, તે આત્મા છે, તે તું છે (છા. ૬. ૮. ૭.)" "જે આ આત્મા છે તે આ બધું છે. (બૃ. ૨. ૪. ૬.)" "બ્રહ્મ એજ આ બધું છે (મુ. ૨. ૨. ૧૧.), " "આત્મા એજ આ બધું છે (છા. ૭. ૨૫. ૨.)" "અહીં કંઇ જ ભેદ નથી (બૃ. ૪. ૪. ૧૯), " વગેરે આત્માનાં એકત્વનું પ્રતિપાદન કરતાં વચનસમૂહો પણ સમજવાનાં છે. નહિંતર, એક વિજ્ઞાનથી સર્વવિજ્ઞાન શકય થશે નહીં. તેથી જેમ ઘટ, કરક (યતિઓ માટેનું જલપાત્ર), વગેરેના આકાશોનું મહાકાશથી અનન્યત્વ છે, અને જેમ મૃગતૃષ્ણિકાજલ વગેરેનું ઊષર (ખારોપાટ) વગેરેથી અનન્યત્વ છે, (કારણકે) તેમનું સ્વરૂપ જોવાઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાશ પામતું હોવાથી (પામે છે) તેમ જ તેમનું સ્વરૂપ ન વર્ણવી શકાય તેવું હોવાથી (છે). આ પ્રમાણે આ ભોગ્યભોક્તૃ-ઇત્યાદિ પ્રપંચસમૂહનું પણ બ્રહ્મ સિવાય અનસ્તિત્વ છે, એમ માનવું જોઇએ.

પરંતુ, બ્રહ્મ અનેકાત્મક છે. જેમ વૃક્ષ અનેક શાખાઓવાળું હોય તેમ બ્રહ્મ પણ અનેક શક્તિપ્રવૃત્તિથી યુક્ત છે. તેથી એકત્વ અને નાનાત્વ–(ભેદ) બન્ને–સત્ય જ છે,–જેમ 'વૃક્ષ' એમ (કહેતાં) એકત્વ છે અને 'ડાળીઓ' (કહેતાં) નાનાત્વ છે, અને જેમ સમુદ્રસ્વરૂપે એકત્વ અને ફીણ તરંગ વગેરે પ્રકારે નાનાત્વ (જુદાઇ) છે, અને જેમ માટી સ્વરૂપે એકત્વ છે અને ઘટ, શરાવ, વગેરે પ્રકારે 'નાનાત્વ' છે. તેમાં, એકત્વ અંશના જ્ઞાનથી મોક્ષવ્યવહાર સિદ્ધ થશે, અને 'નાનાત્વ'ના અંશથી કર્મકાંડને આશ્રયે રહેલ લૌકિક અને વૈદિક વ્યવહાર પણ સિદ્ધ થશે. અને આ પ્રમાણે, મૃત્ વગેરે દૃષ્ટાંતો (પણ) અનુરૂપ થશે. (એમ કોઇ કહેતો) (અમારો જવાબ છે કે) તેમ થશે નહીં, કારણ, મૃત્તિકા એ જ સત્ય છે (છાં. ૬.૧.૧) એમ દૃષ્ટાન્તમાં માત્ર પ્રકૃતિ (કારણ)નાં જ સત્યત્વનો નિશ્ચય કર્યો છે. તેમ જ 'વાચારમ્ભણ' શબ્દથી વિકારસમૂહનું અનૃતત્વ (મિથ્યાત્વ) કહેલ છે, તેમ જ દાર્ષ્ટાન્તિકમાં (જેને માટે દૃષ્ટાન્ત રજુ થયેલ છે તે બ્રહ્મ અંગે) પણ "આ બધાનો તે આત્મા છે, તે સત્ય છે (છા. ૬.૮.૭) એમ એકજ પરમકારણને સત્ય તરીકે નિશ્ચિત કરેલ છે, તેમજ 'તે આત્મા છે, શ્વેતકેતુ! તે તું છે (છા.૬.૯.૭)" એમ શરીરમાં રહેલ આત્મા બ્રહ્મ સાથે એકરૂપ છે તેવો ઉપદેશ કરેલ છે. શારીર (શરીરમાં રહેલ આત્મા)ના આ સ્વાભાવિક બ્રહ્માત્મત્વનો અહીં ઉપદેશ છે, (તે બ્રહ્માત્મત્વ) અન્ય પ્રયત્નોથી પ્રસાધ્ય નથી. તેથી, જેમ રજ્જુ વગેરેની બુદ્ધિ સર્પ વગેરેની બુદ્ધિને બાધક છે તેમ, શાસ્ત્ર દ્વારા ઉત્પન્ન થતું આ બ્રહ્માત્મત્વનું જ્ઞાન સ્વાભાવિક (ભ્રમથી થયેલ) શરીરાત્મત્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ના ખ્યાલ)નું બાધક થાય છે. શરીરાત્મત્વ બાધિત થાય ત્યારે, જેની પ્રસિદ્ધિ માટે બ્રહ્મના બીજા નાનાત્વ (ભેદ) અંશની કલ્પના કરવી પડે, તે તેને(શરીરાત્મત્વને) આશ્રયે રહેલ સમસ્ત સ્વાભાવિક (ભ્રમથી ઉત્પન્ન થયેલ) વ્યવહાર બાધિત થઈ જાય છે. "પરંતુ જ્યાં એનું સર્વ આત્મા જ બની જાય ત્યારે શેના વડે કોને જુએ ? (બૃ. ૪, ૫, ૧૫)" વગેરે દ્વારા શ્રુતિ બ્રહ્માત્મત્વ જોનાર (અનુભવનાર) પ્રત્યે સમસ્ત ક્રિયાકારકફલલક્ષણ વ્યવહારનો અભાવ બતાવે છે. અને આ વ્યવહારનો અભાવ અમુક વિશિષ્ટ પ્રકારની અવસ્થા ઉપર આધાર રાખે છે તેમ કહેવું યોગ્ય નથી કારણ "તે તું છે (છા. ૬, ૮, ૭,)" એમ જણાવતી શ્રુતિ બ્રહ્માત્મભાવ વિશિષ્ટ અવસ્થા ઉપર આધારિત છે તેમ કહેતી નથી. અને ચોરના દૃષ્ટાન્તથી અસત્ય બોલનારને બન્ધન અને સત્ય બોલનારને મોક્ષ દર્શાવતી શ્રુતિ (છાં.૬.૧૬) 'એકત્વ' એ જ એક (માત્ર) પારમાર્થિક (સત્ય) છે તેમ કહે છે. ભેદ દૃષ્ટિ તો મિથ્યા-જ્ઞાનથી ઉત્પન્ન થયેલી છે. જો બંને (એકત્વ અને નાનાત્વ) સત્ય હોય તો વ્યવહારમાં મગ્ન મનુષ્ય પણ કઇ રીતે 'અનૃતાભિસંધ' કહી શકાય ? "જે અહીં ભેદ જેવું જુએ છે તે મૃત્યુથી મૃત્યુમાં ભટકે છે (બૃ.૪,૪,૧૯)," એમ ભેદદૃષ્ટિનો નિષેધ કરીને જ આ કહે છે. અને સમ્યગ્જ્ઞાનથી દૂર થઈ શકે તેવાં કોઇ મિથ્યાજ્ઞાનને સંસારના કારણ તરીકે માન્યું ન હોવાથી, આ દર્શનમાં (ઉપર કરેલ મતમાં, કે જેમાં બંને–એકત્વ અને નાનાત્વ–ના વિકલ્પો સાચા છે) જ્ઞાનથી મોક્ષ શક્ય થશે નહીં. કારણ, બંને (એકત્વ અને નાનાત્વ) સત્ય હોવાથી, એકત્વના જ્ઞાનથી નાનાત્વનું જ્ઞાન દૂર થાય છે તેમ કઈ રીતે કહી શકાય ?

પરંતુ, અત્યંત એકત્વ સ્વીકારવાથી, વિષય નહી હોવાથી, સ્થાણુ (થાંભલો) વગેરેમાં જેમ પુરુષ વગેરેનાં જ્ઞાનોની જેમ પ્રત્યક્ષાદિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લૌકિક પ્રમાણો નકામાં થશે. તેમ જ, વિધિપ્રતિષેધશાસ્ત્ર (મીમાંસા શાસ્ત્ર) પણ ભેદ ઉપર આધાર રાખતું હોવાથી, તેના (ભેદના) અભાવે વ્યર્થ થશે. મોક્ષશાસ્ત્ર પણ શિષ્ય, શાસિતૃ વગેરે ભેદ ઉપર આધાર રાખતું હોવાથી, તેના (ભેદના) અભાવે નકામું થશે. અને વળી, અસત્ય મોક્ષશાસ્ત્ર વડે પ્રતિપાદિત થયેલ આત્મૈકત્વનું સત્યત્વ કઇરીતે શકય થઇ શકશે ? અહીં (અમે) જવાબ આપીએ છીએ કે "આ દોષ નથી. જેમ જાગ્રદવસ્થા પહેલાં સ્વપ્નવ્યવહાર (સત્ય છે) તેમ બ્રહ્માત્મતા-જ્ઞાન પહેલાં બધા જ વ્યવહારોની સત્યતા શકય છે. જ્યાં સુધી સત્ય-આત્મૈકત્વપ્રતિપત્તિ થતી નથી ત્યાં સુધી કોઇને પણ પ્રમાણપ્રમેયફલસ્વરૂપ વિકારોમાં અસત્યત્વની બુદ્ધિ ઉત્પન્ન થતી નથી. પરંતુ (ઊલટું), સ્વાભાવિક બ્રહ્માત્મતાને ત્યજીને, બધા પ્રાણીઓ 'હું' 'મારું' એમ અવિદ્યાથી, આત્મીય ભાવ વડે, વિકારોને જ ગ્રહણ કરે છે તેથી બ્રહ્માત્મતાજ્ઞાન પહેલાં બધો જ લૌકિક અને વૈદિકવ્યવહાર શકય છે. જેમ સ્વપ્નમાં ઊંચાનીચા ભાવોને જોતા સૂતેલા સામાન્ય માણસને, જાગવા પહેલાં નિશ્ચિતપણે જ પ્રત્યક્ષાભિમત જ્ઞાન થાય છે અને તે સમયે તેને, પ્રત્યક્ષના આભાસનો ખ્યાલ હોતો નથી, તેની જેમ (બ્રહ્માત્મતાજ્ઞાન પહેલાં સર્વે લૌકિક-વૈદિક વ્યવહાર શકય છે). પરંતુ કઇ રીતે, અસત્ય વેદાન્તવાકયથી સત્ય બ્રહ્માત્મત્વનું જ્ઞાન થઇ શકે ? રજ્જુ-સર્પથી ડંખાયેલો મરતો નથી. મૃગતૃષ્ણિકાજલ વડે પાન-અવગાહનાદિ પ્રયોજનો સિદ્ધ થઇ શકતા નથી. આ દોષ નથી. શંકાવિષાદિ કારણો દ્વારા મરણાદિ કાર્યો (થતાં) જોઇ શકાય છે. અને સ્વપ્નદર્શનની અવસ્થામાં રહેલ માણસને તો સર્પદંશ, ઉદકસ્નાન વગેરે કાર્યો દેખાય છે જ. તે કાર્ય પણ અનૃત (અસત્ય) છે તેમ કોઇ કહે તો અમે કહીએ છીએ :- જોકે સ્વપ્નદર્શનની અવસ્થામાં રહેલ માણસને સર્પદંશ, ઉદકસ્નાન, વગેરે કાર્ય અસત્ય છે, છતાં તેનું જ્ઞાન (ખ્યાલ) તો સત્ય જ ફલ છે, કારણ જાગેલા (એવા તે)ને પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનો બાધ થતો નથી. સ્વપ્નમાં જોયેલું સર્પદંશ, ઉદકસ્નાન વગેરે કાર્ય મિથ્યા છે તેમ માનતો સ્વપ્નમાંથી ઊભો થયેલો કોઇ પણ માણસ, તેનો અનુભવ પણ મિથ્યા છે એમ માનતો નથી, સ્વપ્નદૃષ્ટાના અનુભવનો આ રીતે બાધ ન થવાથી, માત્ર શરીર જ આત્મા છે તેવા મતનું ખંડન થયેલ માનવું. તે પ્રમાણે શ્રુતિ પણ "જ્યારે કામ્યકર્મોમાં, સ્વપ્નોમાં સ્ત્રીને તે જુએ ત્યારે તે સ્વપ્નદર્શનમાં સમૃદ્ધિ માનવી (છા. પ.૨.૯.)" એમ અસત્ય સ્વપ્નદર્શનથી સત્ય સમૃદ્ધિનું જ્ઞાન બતાવે છે. તે ઉપરાંત, પ્રત્યક્ષ-દર્શનોમાં કેટલાક અપશુકનો થયાં હોય ત્યારે "તે લાંબો વખત જીવશે નહીં એમ જાણવું (ઐ. આ. ૩.૨.૪.૭)" એમ કહીને "હવે સ્વપ્નો. કાળા, કાળાદાંતવાળા પુરુષને તે જુએ છે, તે તેને મારી નાખે છે (ઐ. આ. ૩,૨.૪.૧૫.)" વગેરેથી, તે તે અસત્ય સ્વપ્ન-દર્શનથી જ, સત્ય મરણ સૂચવાય છે એમ શ્રુતિ બતાવે છે આવાં સ્વપ્નદર્શનથી સારા ફળનું સૂચન થાય છે અને આવાં સ્વપ્નદર્શનથી બરાબર ફળ મળે છે તે–આ હકીકત-લોકમાં અન્વયવ્યતિરેકમાં કુશળ મનુષ્યોને પ્રસિદ્ધ છે. તેમ જ, રેખા(લીટી)માં દોરેલ (કે લખેલ) અસત્ય અક્ષરના જ્ઞાનથી અકારાદિ સત્ય અક્ષરનું જ્ઞાન (લોકમાં) જાણીતું છે. અને વળી, આત્મૈકત્વનું પ્રતિપાદક આ અન્ત્ય (સૌથી શ્રેષ્ઠ) પ્રમાણ છે. કારણ આની પછી બીજું કંઈ જ 'આકાંક્ષ્ય' આકાંક્ષા કરવા યોગ્ય) રહેતું નથી. જેમકે, લોકમાં 'યજ્ઞ કરવો જોઇએ' એમ કહેવાય ત્યારે, 'શું' 'શેનાવડે' 'કઇરીતે' વગેરેની આકાંક્ષા રહે છે તેમ, 'તે તું છે (છા. ૬.૮.૭)' 'હું બ્રહ્મ છું (બૃ. ૧.૪.૧૦)' એમ કહેવાય ત્યારે, સર્વઆત્મૈકત્વવિષયનું જ્ઞાન થવાથી બીજું કંઇ જ આકાંક્ષ્ય રહેતું નથી. કારણ બીજે કોઇ બાકી અર્થ રહેતો હોય તો (તે માટે) આકાંક્ષા હોઇ શકે, પરંતુ આત્મૈ ત્વ ઉપરાંત બીજો કોઇ અર્થ બાકી રહેતો નથી કે જેની આકાંક્ષા હોઇ શકે. અને, "પછી તેને જ્ઞાન થયું (છા. ૬, ૧૬.૩)"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે શ્રુતિઓ દ્વારા તેમજ જ્ઞાનપ્રાપ્તિના સાધન રૂપે શ્રવણ (વેદાધ્યયન) આદિ તેમજ વેદાનુવચનાદિનું વિધાન થયેલ હોવાથી આ જ્ઞાન ઉત્પન્ન થતું નથી તેમ કહી શકાશે નહીં. અને આ જ્ઞાન અનર્થક (વ્યર્થ, નકામું) છે કે ભ્રાન્તિ છે તેમ પણ કહેવું શક્ય નથી, કારણ અવિદ્યાનિવૃત્તિ રૂપી (તેનું) ફલ જોઈ શકાય છે તેમજ તે જ્ઞાનને બીજું કોઈ બાધકજ્ઞાન નથી. આત્મૈકત્વજ્ઞાન પહેલાં બધોજ લૌકિક અને વૈદિક સત્યાનૃતવ્યવહાર નિર્વિઘ્ન રીતે ચાલે છે તેમ અમે કહ્યું, તેથી અન્ત્ય(સર્વશ્રેષ્ઠ) પ્રમાણથી આત્મૈકત્વ સિદ્ધ થાય ત્યારે, સમસ્ત પ્રાચીન ભેદવ્યવહાર બાધિત થવાથી, અનેકાત્મક બ્રહ્મ-કલ્પનાને સ્થાન નથી.

અરે 'મૃત્' વગેરે દૃષ્ટાન્ત યોજવાથી, પરિણામી બ્રહ્મ શાસ્ત્રને અભિમત (સ્વીકાર્ય) છે એમ સમજાય છે, કારણ લોકમાં મૃદાદિ અર્થો પરિણામી તરીકે જાણીતા છે. અમારો જવાબ છે કે 'ના', "તે આ મહાન્, અજ આત્મા, અજર, અમૃત, અભય બ્રહ્મ (બૃ. ૪, ૪, ૨૫)" "આ નથી, તે નથી....એમ વર્ણવી શકાય તે આત્મા છે. (બૃ. ૩, ૯, ૨૬)," "અસ્થૂલ, અનણુ (બૃ. ૩. ૮. ૮)" વગેરે સર્વવિક્રિયાઓનો પ્રતિષેધ કરતી શ્રુતિઓ દ્વારા બ્રહ્મ 'કૂટસ્થ' (અવિકારી) છે તેમ સ્વીકારાયું છે. એક જ બ્રહ્મનું પરિણામધર્મવત્ત્વ અને તદ્રહિતત્વ (તે-પરિણામધર્મ-ન હોવા તે)-બંને-માનવું શક્ય નથી. 'સ્થિતિ અને ગતિની જેમ તે શક્ય થશે' એમ કોઈ કહે તો, અમે કહીએ છીએ, 'ના'. કારણ 'કૂટસ્થ' એવું બ્રહ્મનું વિશેષણ છે. કૂટસ્થ બ્રહ્મનું, સ્થિતિ અને ગતિની જેમ, અનેકધર્માશ્રયત્વ શક્ય નથી. બધી જ વિક્રિયાઓનો પ્રતિષેધ થયો હોવાથી બ્રહ્મ કૂટસ્થ અને નિત્ય છે એમ અમે કહ્યું.

અને જેમ બ્રહ્મનું આત્મૈકત્વદર્શન મોક્ષનું સાધન છે એ પ્રમાણે (બ્રહ્મનું) જગદાકારપરિણામિત્વદર્શન પણ સ્વતંત્ર જ, કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફળ આપવા શક્તિમાન છે તેમ કહી શકાશે નહીં, કારણ તેવી માન્યતા માટે કોઇ પ્રમાણ નથી. " આ નથી, તે નથી....એમ વર્ણવી શકાય તે આ આત્મા છે (બૃ. ૪. ૨. ૪.) "થી શરૂ કરીને " હે જનક, તેં મોક્ષને પ્રાપ્ત કર્યો છે (બૃ. ૪. ૨. ૪.)" વગેરે,— આ પ્રકારનું શાસ્ત્ર કૂટસ્થ બ્રહ્માત્મત્વના વિજ્ઞાનથી જ ફલ દર્શાવે છે. તો, આ વસ્તુ સિદ્ધ થાય છે. બ્રહ્મપ્રકરણમાં સર્વધર્મવિશેષરહિત બ્રહ્મદર્શનથી જ ફલસિદ્ધિ થતી હોવાથી, બ્રહ્મનું જગતનાં આકારમાં પરિણમવું વગેરે, જે ત્યાં અફલ (ફલના નિર્દેશ વગરનું) કહ્યું છે, તે " ફલયુક્ત (મુખ્ય વિષય)ના સાન્નિધ્યમાં ફલ વગરનું (ગૌણ વસ્તુ) તે(મુખ્ય વિષય)નું અંગ છે, " એ નિયમ મુજબ, તેનો બ્રહ્મ દર્શનના ઉપાય તરીકે જ વિનિયોગ થવો જોઇએ; સ્વતંત્ર ફલ (પ્રદાન કરવા) માટે તે (આવી ગૌણ વસ્તુ, બ્રહ્મનું જગદાકાર પરિણામિત્વાદિ) શક્તિમાન નથી. મોક્ષ કૂટસ્થ અને નિત્ય હોવાથી, પરિણામવત્ત્વજ્ઞાનથી આત્માનું પરિણામવત્ત્વ ફલ થશે તેમ પણ કહી શકાશે નહીં. (કારણ, આવા પરિણામી અને વિકારી આત્માને નિત્યકૂટસ્થ મોક્ષ સંભવી શકે નહીં). કૂટસ્થબ્રહ્માત્મત્વવાદી બ્રહ્મના અત્યંત એકત્વમાં માનતો હોવાથી, ઇશિતૃ (નિયામક) અને ઇશિતવ્યનો અભાવ થશે, તેમજ ઇશ્વર જગતનું કારણ છે તે (વેદાન્તીની પોતાની) પ્રતિજ્ઞાનો પણ વિરોધ થશે એમ કોઇ કહે, તો અમારો જવાબ છે, ' ના '; કારણ (જગત સાથેના સંબંધથી પ્રાપ્ત થતું ઇશ્વરનું) સર્વજ્ઞત્વ અવિદ્યાત્મક—નામરૂપબીજને પ્રગટ કરવા પર આધાર રાખે છે.

"તે આ આત્મામાંથી આકાશ ઉત્પન્ન થયું છે (તૈ. ૧.૧.)" વગેરે વાક્યો ઉપરથી નિત્યશુદ્ધબુદ્ધમુક્તસ્વરૂપ સર્વજ્ઞ સર્વશક્તિ ઇશ્વર દ્વારા જગતનાં જન્મ, સ્થિતિ અને લય છે, અચેતન પ્રધાન કે કોઇ બીજા પાસેથી નથી, તે અર્થ "આ (જગત)નો જન્મ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગેરે જેમાંથી થયાં છે (બ્ર. સૂ. ૧.૧.૨.)"—આ સૂત્રમાં જણાવ્યો છે. તે પ્રતિજ્ઞા તે જ પ્રમાણે (અત્યારે પણ) રહેલી છે જ, તેથી વળી વિરુદ્ધ અર્થ અહીં કહ્યો નથી. આત્માનું અત્યન્ત એકત્વ અને અદ્વિતીયત્વ રજૂ કરતા (તારાવડે) કેમ (અત્યારે, પ્રથમથી વિરુદ્ધ) નથી કહેવાતું? જે રીતે (અત્યારે વિરુદ્ધ) નથી કહેવાતું તે સાંભળ. સર્વજ્ઞ ઈશ્વરનાં આત્મભૂત હોય તેવા, અવિદ્યાથી કલ્પિત થયેલા, તત્ત્વ કે અન્યત્વથી અનિર્વચનીય (સત્ છે કે અસત્ છે તે ન કહી શકાય તેવા) સંસારપ્રપંચના બીજ બનેલ, નામ અને રૂપ, સર્વજ્ઞ ઈશ્વરની માયા, શક્તિ, પ્રકૃતિ તરીકે શ્રુતિ અને સ્મૃતિ દ્વારા કહેવાય છે. "આકાશ તે ખરેખર નામ અને રૂપને સ્પષ્ટ કરનાર છે. તે એ જેની અંદર છે તે બ્રહ્મ (બ્રહ્મ તે બંનેથી પર છે) (છા. ૮. ૧૪.૧)." આ શ્રુતિ પરથી સર્વજ્ઞ ઈશ્વર તે બંનેથી અન્ય છે તેમ જણાય છે. તેમજ "હું નામ અને રૂપ સ્પષ્ટ કરું (છા. ૬. ૩.૨.)," "ધીર પુરુષ બધા રૂપોનો વિભાગ કરીને નામ પાડીને, (નામ) બોલતો બેસે છે (તૈ. આ. ૩. ૧૨.૭)," "એક બીજને જે અનેક પ્રકારે કરે છે (શ્વે. ૬.૧૨)" વગેરે શ્રુતિ ઉપરથી પણ (નામરૂપથી ઈશ્વર અન્ય છે તેમ જણાય છે). એ પ્રમાણે, જેમ આકાશ (ઘટાકાશ) વગેરે ઘટ, કરક, ઇ. ઉપાધિ પર આધાર રાખે છે તેમ ઈશ્વર પણ અવિદ્યાથી થયેલ નામરૂપ ઉપાધિ પર આધાર રાખે છે. અને તે (ઈશ્વર) પોતાના આત્મભૂત જ, ઘટાકાશ જેવા અવિદ્યાથી થયેલ નામરૂપ દ્વારા કરાયેલ કાર્યકરણ(શરીરેન્દ્રિય)સંમૂહ પર આધાર રાખતા જીવ નામના વિજ્ઞાનાત્માઓનું વ્યવહારવિષયમાં શાસન કરે છે. તેથી આ પ્રમાણે, ઈશ્વરનું ઈશ્વરત્વ, સર્વજ્ઞત્વ અને સર્વશક્તિત્વ અવિદ્યાત્મક-ઉપાધિ-પરિચ્છેદ (વ્યાપ્તા-સંકુચિતતા) પર આધાર રાખે છે; વિદ્યાથી જેના સર્વ ઉપાધિ-સ્વરૂપ નષ્ટ થયા છે તેવા આત્મામાં બોધિતૃ-બોધિતવ્ય-સર્વજ્ઞત્વ આદિ વ્યવહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમાર્થ (સત્ય)રીતે શક્ય નથી. અને તે જ "જ્યાં તે બીજું કંઈ જોતો નથી, બીજું કંઈ સાંભળતો નથી, બીજું કંઈ જાણતો નથી તે ભૂમા (મહાન્–બ્રહ્મ) છે (છા. ૭. ૨૪.૧)", "પરંતુ, જ્યાં આનું સર્વ આત્મા જ બની ગયું ત્યારે શું કોનાથી જોવાય ? (બૃ. ૪. ૫. ૧૫)," વગેરેથી કહેવાયું છે. આ પ્રમાણે પરમાર્થ અવસ્થામાં બધા વેદાન્તો સર્વ–વ્યવહારનો અભાવ જણાવે છે. તે પ્રમાણે, ઈશ્વરગીતામાં પણ, પ્રભુ લોકનું કર્તૃત્વ કે કર્મો કે કર્મફલસંયોગ સર્જતા નથી, પરંતુ સ્વભાવ જ પ્રવૃત્તિશીલ છે. વિભુ કોઈનું પાપ કે પુણ્ય લેતા નથી. જ્ઞાન અજ્ઞાનથી ઢંકાયેલું છે. તેથી મનુષ્યો મોહ પામે છે (ગીતા ૫. ૧૪. ૧૫)" એમ પરમાર્થ અવસ્થામાં ઈશિતૃ–ઈશિતવ્યાદિ વ્યવહારનો અભાવ રજૂ થયો છે. વ્યવહારાવસ્થામાં તો શ્રુતિમાં પણ ઈશ્વરાદિ વ્યવહાર કહ્યો છે, "આ સર્વેશ્વર, આ ભૂતાધિપતિ, આ ભૂતપાલ, આ લોકોમાં ગૂંચવાડો ન થાય તેટલા માટે જૂદો પાડનાર પૂલ છે (બૃ. ૪.૪.૨૨.)." તે પ્રમાણે ઈશ્વરગીતામાં પણ, "હે અર્જુન, યન્ત્ર ઉપર ચડેલા સર્વ પ્રાણીઓને માયા વડે ભમાવતો ઈશ્વર સર્વ પ્રાણીઓના હૃદયસ્થાનમાં રહેલો છે (ગીતા. ૧૮, ૬૧)" એમ કહ્યું છે. પરમાર્થ અભિપ્રાયે, સૂત્રકારે પણ 'તેનું (બ્રહ્મનું, જગતથી) અનન્યત્વ છે' એમ કહ્યું છે. પરંતુ, વ્યવહારાભિપ્રાયે, 'લોક મુજબ્ય શક્ય થશે' એમ, મહાસમુદ્ર જેવું બ્રહ્મ છે તેમ, કાર્યપ્રપંચનો વિશેષ કર્યા સિવાય, કહે છે. અને સગુણ ઉપાસનાઓમાં મદદરૂપ થશે એમ માનીને, (બ્રહ્મની) પરિણામની પ્રક્રિયાનો પણ (સૂત્રકાર) આશ્રય લેછે.

" (કારણના) અસ્તિત્વમાં જ (કાર્યની) ઉપલબ્ધિ હોવાથી (કાર્ય–કારણનું અનન્યત્વ છે)"(૧૫).

આથી પણ કારણથી કાર્યનું અનન્યત્વ છે, કારણકે કારણના અસ્તિત્વમાં જ કાર્ય જોવા મળે છે, અભાવમાં નહીં. તે જેમકે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃત્તિકા હોય ત્યારે જ ઘટ મળે છે અને તન્તુઓ હોય ત્યારે જ પટ (મળે છે). નિયમ મુજબ, એકની હાજરીમાં બીજા કોઇ (તેનાથી અસંબદ્ધ)ની હાજરી (સામાન્ય રીતે) જોવામાં આવતી નથી માયથી અન્ય અશ્વ, ગાયની હાજરીમાં જ ઉપલબ્ધ થતો નથી. અને કુંભારની હાજરીમાં જ ઘડો મળતો નથી. કારણ તે બન્ને વચ્ચે નિમિત્તનૈમિત્તિક સંબંધ હોવા છતાં, તે બન્ને જુદા (અન્ય) છે. (પૂર્વપક્ષઃ) ખરેખર, અન્યની હાજરીમાં પણ અન્ય (તેનાથી અસંબદ્ધ)ની હાજરી ચોક્કસ રીતે દેખાય છે, જેમકે અગ્નિની હાજરીમાં ધૂમની. અમે કહીએ છીએ કે 'ના'. અગ્નિ ઓલવી નાખ્યા છતાં પણ, ગોપાલધુટિકા વગેરેમાં રાખેલ ધૂમાડો દેખાય છે. હવે, 'ધૂમાડાને કોઇ અવસ્થાથી વિશિષ્ટ કરવો કે આવો ધૂમાડો અગ્નિ ન હોય ત્યારે નહીં હોય' એમ કહો તો, આ પ્રમાણે પણ કોઈ દોષ આવશે નહીં. કારણ, તે ભાવથી અનુરક્ત બુદ્ધિને જ અમે કાર્ય-કારણના અનન્યત્વમાં કારણરૂપ (હેતુરૂપ) કહીએ છીએ, અને તે (બુદ્ધિ) અગ્નિ અને ધૂમમાં નથી.

અથવા તો "भावात् च उपलब्धेः–" "પ્રત્યક્ષોપલબ્ધિથી પણ (કાર્યકારણનું અનન્યત્વ છે," એ પ્રમાણે સૂત્ર છે. કાર્યકારણનું અનન્યત્વ માત્ર શબ્દથી જ નથી, પ્રત્યક્ષ–ઉપલબ્ધિ–ભાવથી પણ તે બંનેનું અનન્યત્વ છે, તેમ (સૂત્રનો) અર્થ છે. કાર્યકારણનાં અનન્યત્વમાં પ્રત્યક્ષોપલબ્ધિ છે. તે જેમકે, તન્તુઓના સમૂહ રૂપી પટમાં, તન્તુ સિવાય 'પટ' નામનું કાર્ય ઉપલબ્ધ થતું નથી જ; આતાન–વિતાનવાળા માત્ર તન્તુઓ જ પ્રત્યક્ષરીતે જોવામાં આવે છે. તેવી રીતે તન્તુઓમાં અંશુઓ (ઝીણા રેસા) અને અંશુઓમાં તેના અવયવો. આ પ્રકારની પ્રત્યક્ષ ઉપલબ્ધિદ્વારા લોહિત (લાલ), શુક્લ અને કૃષ્ણ–ત્રણ રૂપો, પછી વાયુમાત્ર, અને પછી આકાશમાત્ર, એમ અનુમાન થઈ શકે. ત્યારબાદ, એક અને અદ્વિતીય પરબ્રહ્મ, કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં સર્વ પ્રમાણોની નિષ્ઠા (સમાપ્તિ) થાય છે, તે એમ કહ્યું.

"(ઉત્પત્તિ પહેલાં) (કારણ સ્વરૂપે) પછીનાંની (કાર્યની) હાજરીથી (પણ, કાર્યકારણનું અનન્યત્વ છે)"(૧૬).

અને આથી પણ, કારણથી કાર્યનું અનન્યત્વ છે, કારણ કે ઉત્પત્તિ પહેલાં, કારણસ્વરૂપે જ કારણમાં અવરકાલીન કાર્યની હાજરી શ્રુતિમાં કહી છે, "હે સૌમ્ય, પહેલાં આ સત્ જ હતું (છા. ૬.૨.૧.)" " પહેલાં, આત્મા એ જ આ એક માત્ર હતું (ઐ. આ.૨.૪.૧.૧.)", વગેરેમાં " આ " એ શબ્દથી ગ્રહણ થયેલ કાર્યનું કારણ સાથે સામાનાધિકરણ્ય છે. અને જે જે સ્વરૂપે જેમાં હોતું નથી, તે તેમાંથી ઉત્પન્ન થતું નથી, જેમકે, રેતીમાંથી તેલ. તેથી ઉત્પત્તિ પહેલાં, અનન્ય હોવાથી, ઉત્પન્ન થયેલું છતાં પણ કાર્ય કારણથી અનન્ય જ છે, એમ સમજાય છે. અને જેમ કારણ બ્રહ્મ ત્રણે કાળમાં સત્ત્વનો વ્યભિચાર કરતું નથી (એટલે, સત્ત્વ જ હોય છે ને રહે છે), એ પ્રમાણે કાર્ય જગત્ પણ ત્રણે કાળમાં સત્ત્વનો વ્યભિચાર કરતું નથી. અને સત્ત્વ તો વળી, એક જ છે. તેથી પણ કારણથી કાર્યનું અનન્યત્વ છે.

" 'અસત્' શબ્દના નિર્દેશથી (ઉત્પત્તિ પહેલાં કાર્ય અસ્તિત્વમાં) ન હતું એમ જો કહો તો, 'ના'. બીજા ધર્મથી (આ નિર્દેશ છે) તેમ બાકીના વાક્ય ઉપરથી જણાય છે."(૧૭)

"અસત્ એ જ આ શરૂમાં હતું (છા. ૩.૧૯.૧.)" અને "અથવા આ પહેલાં અસત્ હતું (તૈ. ૨.૭.૧.)"–એમ શ્રુતિ કોઇ સ્થળે ઉત્પત્તિ પહેલાં કાર્યના અસત્ત્વનો વ્યપદેશ કરે છે. તે અસદ્–વ્યપદેશ ઉપરથી, ઉત્પત્તિ પહેલાં કાર્યનું સત્ત્વ નથી એમ કોઇ કહે, તો 'ના' એમ અમે જવાબ આપીએ છીએ. કારણ, ઉત્પત્તિ પહેલાં કાર્યનો આ અસદ્–વ્યપદેશ અત્યન્ત અસત્ત્વના અભિપ્રાય(આશય)થી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. તો શું છે? વ્યાકૃત નામરૂપ ધર્મથી અવ્યાકૃત નામરૂપત્વ જૂદો ધર્મ છે. તે ધર્માન્તરથી જ, ઉત્પત્તિ પહેલાં, કારણસ્વરૂપથી અનન્ય, સત્ એવા કાર્યનો આ અસદ્‌વ્યપદેશ છે. કઇ રીતે જાણી શકાય છે? વાક્યશેષ(બાકીના વાક્ય) ઉપરથી. જે વાક્ય શરૂઆતમાં સન્દિગ્ધ અર્થવાળું હોય તે શેષ(બાકીના) વાક્ય ઉપરથી નિશ્ચિત કરી શકાય છે. અને અહીં તો, "અસત્ એ જ આ શરૂમાં હતું (છા. ૩. ૧૯. ૧)" એમ શરૂઆતમાં 'અસત્' શબ્દથી જેનો નિર્દેશ થયો છે તેને જ ફરીથી 'તત્' (તે) શબ્દથી વિચારીને, 'સત્' એવું વિશેષણ આપે છે: "તે સત્ હતું (છા. ૩. ૧૯. ૧.)." અને 'અસત્' ને પૂર્વ અને અવર કાલનો સંબંધ નહીં હોવાથી, 'આસીત્' (હતું) એ શબ્દની પણ (અન્યથા) અનુપપત્તિ થાય. અથવા, "અસત્ આ પહેલાં હતું (તૈ. ૨.૭.૧.)"—અહીં પણ "તેણે પોતાનો જાતને પોતે જ કરી (તૈ. ૨.૭.૧.)" એમ બાકીના વાક્યમાં, વિશેષણ હોવાથી, અત્યન્ત અસત્ત્વ નથી. તેથી, ઉત્પત્તિ પહેલાં કાર્યનો આ અસત્-વ્યપદેશ ધર્માન્તરથી જ છે. કારણ, નામ અને રૂપથી વ્યક્ત થયેલી વસ્તુ 'સત્' શબ્દને લાયક છે એમ લોકમાં પ્રસિદ્ધ છે. તેથી, નામરૂપદ્વારા પ્રકટ થયા પહેલાં તે જાણે કે 'અસત્' હતું એમ ગૌણ અર્થમાં સમજવાનું છે.

"યુક્તિથી અને અન્ય શબ્દથી ('અસત્'થી જુદા 'સત્' શબ્દથી) પણ (ઉત્પત્તિ પહેલાં કાર્યનું સત્ત્વ અને કારણ સાથે અનન્યત્વ સમજાય છે.)" (૧૮).

યુક્તિથી અને અન્ય શબ્દથી પણ ઉત્પત્તિ પહેલાં કાર્યનું સત્ત્વ અને કારણ સાથે અનન્યત્વ સમજાય છે. પ્રથમ યુક્તિનું વર્ણન થાય છે. લોકમાં દહીં, ઘટ, અને રૂચક વગેરેના અર્થીઓ દરેક માટે નક્કી થયેલ દૂધ, માટી અને સુવર્ણ વગેરે ગ્રહણ કરતાં જોવામાં આવે છે. દહીંની ઇચ્છાવાળાઓથી માટી, કે ઘડાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇચ્છાવાળાઓથી દૂધ ગ્રહણ થતું નથી. તે અસદ્-કાર્યવાદમાં શકય નથી. ઉત્પત્તિ પહેલાં સર્વત્ર સર્વનું અસત્ત્વ (અભાવ) અવિશિષ્ટ (એકસરખું) હોય તો, શા માટે દૂધમાંથી જ દહીં ઉત્પન્ન થાય છે, માટીમાંથી જ નહીં, અને માટીમાંથી જ ઘડો બને છે, દુધમાંથી નહીં ? હવે, '(ઉત્પત્તિ) પહેલાંનું અસત્ત્વ (અભાવ) અવિશિષ્ટ હોવા છતાં પણ, દૂધમાં જ દહીંનો કોઇ અતિશય (અત્યંત સૂક્ષ્મ ગુણ કે વધારો) છે, માટીમાં નહીં, અને માટીમાં જ ઘડાનો કોઈ અતિશય છે, દૂધમાં નહીં, ' —એમ જો કહેવાય, તો (ઉત્પત્તિ) પહેલાંની અવસ્થા 'અતિશય'વાળી હોવાથી, અસત્-કાર્યવાદહાનિ અને સત્કાર્યવાદની સિદ્ધિ થાય છે. નિયમ પ્રમાણે (અમુક જ) કાર્ય ઉત્પન્ન કરવા માટેની કારણની શક્તિની કલ્પના કરવામાં આવે તો, (તેવી શક્તિ) કાર્યથી અન્ય હોય કે ' અસતી ' હોય (તેનું અસ્તિત્વ જ ન હોય) તો, કાર્ય કરી શકે નહીં, કારણ અસત્ત્વ અને અન્યત્વમાં વિશેષ નહીં હોવાથી (બધે એકસરખું હોવાથી) (તે શક્તિવડે અમુક વિશિષ્ટ કાર્યની ઉત્પત્તિ થઈ શકશે નહીં). તેથી શક્તિ કારણની આત્મભૂતા છે અને કાર્ય શક્તિનું આત્મભૂત (અંદર રહેલ) છે. (એટલે કે કારણ અને કાર્ય વચ્ચે કોઈ ભેદ રહેતો નથી). અને વળી અશ્વ અને મહિષની જેવો ભેદબુદ્ધિનો અભાવ હોવાથી, દ્રવ્ય અને ગુણ વગેરેનું, તેમજ કાર્ય અને કારણનું તાદાત્મ્ય માનવું જોઇએ. સમવાય કલ્પનામાં પણ, સમવાયનો સમવાયીઓ સાથે સંબંધ માનવામાં આવે ત્યારે, તેનો તેનો અન્યોન્ય સંબંધ કલ્પવો પડશે, તેથી અનવસ્થાનો દોષ આવશે. અને તેવો (અન્યોન્યસંબંધ) ન માનો તો (સંબંધ)ના વિચ્છેદ(નાશ)નો દોષ થશે. હવે, સમવાય પોતે સંબંધરૂપ હોવાથી બીજા સંબંધની અપેક્ષા વગર જ, (સમવાયીઓ સાથે) સંબંધમાં આવી શકશે (એમ કહો તો), સંયોગ પણ પોતે સંબન્ધરૂપ હોવાથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમવાયની અપેક્ષા વગર જ (દ્રવ્યો સાથે) સંબંધમાં આવી શકશે. (પણ વૈશેષિકો તેમ માનતા નથી. તેમના મતે, સંયોગ 'ગુણ' હોવાથી તેમ જ ગુણ-ગુણિન્ વચ્ચે સમવાય સંબંધ હોવાથી સંયોગને 'સમવાય'ની આવશ્યકતા રહે છે). દ્રવ્ય-ગુણ વગેરેની તાદાત્મ્ય-પ્રતીતિને કારણે, સમવાયની કલ્પના નિરર્થક છે.

વળી કારણ-અવયવ દ્રવ્યો-માં રહેલું કાર્ય-અવયવીદ્રવ્ય-કઈ રીતે રહે છે? શું તે બધા જ અવયવોમાં રહે છે અથવા (વારા ફરતી) દરેક અવયવમાં? જો (કાર્ય) સમસ્ત (અવયવોમાં) રહેતું હોય તો સમસ્ત અવયવોનો ઇન્દ્રિય સાથે સન્નિકર્ષ અશક્ય હોવાથી, અવયવી(કાર્ય)ની અનુપલબ્ધિ(અપ્રત્યક્ષતા)નો દોષ આવશે. વળી, સમસ્ત આશ્રયોમાં રહેતું બહુત્વ, અમુક આશ્રયોના ગ્રહણથી ગ્રહણ થઇ શકશે નહીં. હવે જો (કાર્ય) ક્રમપૂર્વક બધા અવયવોમાં રહે તો પણ, આરમ્ભક અવયવો ઉપરાંતના અવયવીના અવયવો માનવા જોઇએ, જેનાથી આરમ્ભક અવયવોમાં ક્રમપૂર્વક અવયવી રહી શકે. કારણ, ન્યાનના અવયવોથી વધારાના અવયવોથી જ તલવાર ન્યાનમાં સમાઈ શકે છે. અને તે તે અવયવોમાં રહેવા માટે, બીજા બીજા અવયવોની કલ્પના કરવાની હોવાથી, આ પ્રમાણે અનવસ્થાનો પ્રસંગ આવશે. હવે જો તે (કાર્ય) એક જ અવયવમાં રહે તો, એક સ્થળે કાર્ય કરવાથી અન્ય સ્થળે તેનું કાર્ય થઇ શકશે નહીં, કારણ, સુઘ્નમાં હાજર રહેલો દેવદત્ત તે જ દિવસે પાટલિપુત્રમાં પણ હાજર રહી શકે નહીં. એકી સાથે અનેક સ્થળે રહેવામાં, સુઘ્ન અને પાટલિપુત્રમાં રહેતા દેવદત્ત અને પદ્મદત્તની જેમ, અનેકત્વનો દોષ આવશે. 'ગોત્વની જેમ દરેક અવયવમાં સંપૂર્ણરીતે રહેશે' તેથી દોષ નહીં થાય એમ જો કહો તો 'ના', તેવી પ્રતીતિ ન થવાથી (આમ શક્ય નથી). જો ગોત્વ વગેરેની જેમ, અવયવી દરેક અંગમાં સંપૂર્ણ-પણે રહેતો હોય તો, જેમ ગોત્વ દરેક (ગો-)વ્યક્તિમાં પ્રત્યક્ષ-રીતે ગ્રહણ કરાય છે તેમ અવયવી પણ દરેક અવયવમાં (સંપૂર્ણત:)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત્યક્ષ-રીતે ગ્રહણ થાય. પરંતુ, નિયમ પ્રમાણે, આમ ગ્રહણ થતો નથી. જો અવયવી દરેક અંગમાં સંપૂર્ણરીતે રહેતો હોય તો, અવયવી એક હોવાથી અને તેને કાર્યમાં અધિકાર હોવાથી, શીંગડાવડે પણ રતનકાર્ય અને છાતીથી પીઠનું કાર્ય તે કરી શકે. પરંતુ, આમ દેખાતું નથી.

ઉત્પત્તિ પહેલાં કાર્યનું અસત્ત્વ (અભાવ) હોય તો ઉત્પત્તિ કર્તા વગરની અને આત્મા વગરની થશે. અને ઉત્પત્તિ તે ખરેખર ક્રિયા છે, 'ગતિ' આદિની જેમ તે કર્તાવાળી જ હોવી જોઇએ. ક્રિયા હોય અને તેનો કર્તા ન હોય એ વિરોધી કથન છે. ઘટની ઉત્પત્તિ જ્યારે કહેવાય ત્યારે જો તેનો કર્તા (વિષય) 'ઘટ' ન હોય તો તો, કોઈ બીજો (દા. ત. કપાલ) તેનો કર્તા છે તેમ કલ્પવું પડે. તેવી રીતે 'કપાલ' આદિની ઉત્પત્તિ કહેવાય ત્યારે પણ, તેનો કોઈ બીજો કર્તા છે એમ કલ્પવું પડે. અને તેમ હોય તો તો, 'ઘડો' ઉત્પન્ન થાય છે' એમ કહેવાય ત્યારે "કુંભાર વગેરે કારણો ઉત્પન્ન થાય છે" એમ કહ્યા બરાબર થાય. અને, લોકમાં, ઘડાની ઉત્પત્તિ એમ કહેવાય છે ત્યારે કુંભાર વગેરે ઉત્પન્ન થાય છે એવી પ્રતીતિ થતી નથી, કારણ તેઓ (કુંભાર વગેરે) તો (અગાઉ) ઉત્પન્ન થયેલાં જ છે તેવી પ્રતીતિ હોય છે.

હવે, પોતાનાં કારણ અને સત્તા સાથેનો (સમવાય) સંબંધ એ જ કાર્યની ઉત્પત્તિ અને આત્મ-લાભ છે એમ કહો તો, જેણે પોતાનું અસ્તિત્વ (સત્તા) મેળવેલ નથી તેવું કાર્ય કઇ રીતે સંબંધમાં આવી શકે તે કહેવું જોઈએ. કારણ, બે સત્ (વિદ્યમાન) પદાર્થો વચ્ચે સંબંધ સંભવી શકે છે, સત્ અને અસત્ વચ્ચે કે બે અસત્ વચ્ચે નહીં, અભાવ નિરુપાખ્ય (અવ્યાખ્યેય) હોવાથી, ઉત્પત્તિ પહેલાં એવું મર્યાદાકરણ યોગ્ય નથી, કારણ, લોકમાં ક્ષેત્ર, ગૃહ, વગેરે સત્ (વિદ્યમાન) વસ્તુઓની જ મર્યાદા જોવામાં આવે છે, અભાવની નહીં. 'પૂર્ણવર્માના અભિષેક પહેલાં વન્ધ્યાપુત્ર રાજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયેા હતેા '—આ પ્રકારની મર્યાદા કરવાથી નિરુપાખ્ય વન્ધ્યાપુત્ર રાજા થયેા હતેા, છે કે થશે એમ વિશિષ્ટ રીતે કહી શકાશે નહીં. અને જો, કારકવ્યાપાર પછી વન્ધ્યાપુત્ર અસ્તિત્વમાં આવી શકે તેા, કાર્યાભાવ પણ કારકવ્યાપાર પછી અસ્તિત્વમાં આવે તેમ કહી શકાશે. પરંતુ આપણે જોઇએ છીએ કે, વન્ધ્યાપુત્રમાં અને કાર્યાભાવમાં અભાવ તરીકે કોઇ વિશેષ (તફાવત) નહીં હેાવાથી, જેમ કારકવ્યાપાર પછી વન્ધ્યાપુત્ર થઈ શકે નહીં તેમ, કાર્યાભાવ પણ કારકવ્યાપાર પછી થઇ શકશે નહીં.

પરંતુ એમ હેાય તેા (એટલે, ઉત્પત્તિ પહેલાં કાર્યનું અસ્તિત્વ હેાય તેા), કારકવ્યાપાર અનર્થક થવાનેા પ્રસંગ (દોષ) આવશે. જેમ, પ્રથમથી જ સિદ્ધ હેાવાથી કારણના સ્વરૂપની સિદ્ધિ માટે કોઇ પ્રયત્ન કરતું નથી, એમ, પ્રથમથી સિદ્ધ હેાવાથી અને (કારણ સાથે) અનન્ય હેાવાથી, કાર્યના સ્વરૂપની સિદ્ધિ માટે પણ કોઇ પ્રયત્ન કરશે નહીં. પરંતુ, પ્રયત્ન કરે છે જ. આથી કારકવ્યાપારની સાર્થકતા (અર્થવત્ત્વ) માટે ઉત્પત્તિ પહેલાં કાર્યનેા અભાવ છે એમ આપણે માનીએ. (આમ કોઇ કહે તેા, અમારેા જવાબ છે), ' આ દોષ નથી. કારણ કે કાર્યના આકારમાં કારણની વ્યવસ્થા થવામાં (જોડવામાં) કારકવ્યાપારની સાર્થકતા શકય છે. કાર્યનેા આકાર પણ, કારણનેા આત્મભૂત જ છે. કારણ જે આત્મભૂત ન હેાય તે શરૂ જ ન થઈ શકે (અનારબ્ધ છે) એમ અમે કહ્યું છે. વિશેષ દર્શન માત્રથી વસ્તુનું અન્યત્વ થઇ જતું નથી. વાંકાચેલા હાથપગવાળેા અને લંબાવેલા હાથપગવાળેા દેવદત્ત વિશેષ રીતે જોવાતા છતાં પણ, અન્ય વસ્તુ બનતેા નથી, કારણ (બંને રીતે) તે (દેવદત્ત) જ છે એમ પ્રત્યભિજ્ઞાન (ઓળખ) થાય છે. તેવી રીતે, રોજ અનેક જુદી જુદી સ્થિતિમાં હેાવા છતાં પણ, પિતા વગેરે, અન્ય (જુદી) વસ્તુ બની જતા નથી. કારણ ' મારા પિતા ' ' મારા ભાઇ ' ' મારા પુત્ર ' એવું પ્રત્યભિજ્ઞાન રહે છે. ' જન્મમરણથી ઢંકાયેલ નહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવાથી, ત્યાં આ (આવું જ્ઞાન) યોગ્ય છે, બીજે નહીં' એમ કહો, તો 'ના' કારણ દૂધ, વગેરેનું પણ દહીં, વગેરે આકારમાં બદલાવું પ્રત્યક્ષ દેખાય છે. અને, અદૃશ્ય એવા વડના બી વગેરે, સમાનજાતીય અન્ય અવયવોમાં વૃદ્ધિ પામીને, અંકુરાદિભાવથી જ્યારે દૃષ્ટિગોચર થાય છે, ત્યારે તેને 'જન્મ' કહેવામાં આવે છે. અને તે જ અવયવોના અપચય(હાનિ)થી જ્યારે અદર્શનતા પ્રાપ્ત કરે છે (દેખાતાં બંધ થાય છે) ત્યારે તેને ઉચ્છેદ (નાશ) એમ કહેવાય છે. આ પ્રકારના જન્મ અને ઉચ્છેદમાં આવવા છતાં પણ, જે અહીં અસત્માંથી સત્ જન્મે છે તેવો દોષ (અસત્કાર્યવાદી) બતાવે તો તો, ગર્ભમાં રહેલ અને ચત્તા સૂતેલા બાળકમાં પણ ભેદ પડવાનો પ્રસંગ આવશે, અને વળી, બાલ્યાવસ્થા-યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં રહેલ એક જ માણસનો ભેદ પડશે, અને 'પિતા,' વગેરે વ્યવહારના લોપનો પ્રસંગ આવશે. આનાથી (બૌદ્ધોના) ક્ષણભંગવાદને પણ જવાબ અપાયો તેમ માનવું.

જેના મતમાં ઉત્પત્તિ પહેલાં કાર્ય અસત્ છે તેનો કારક-વ્યાપાર અભાવ વિષય બની શકે તેમ ન હોવાથી, આકાશને હણવા માટે તલવાર વગેરે અનેક આયુધોના ઉપયોગની જેમ, નિર્વિષય (વિષય વગરનો) થશે. 'કારકવ્યાપારનો વિષય સમવાયિ-કારણ (જેમકે માટી) થશે' એમ કહો તો 'ના,' અન્ય વિષયના (માટી અંગેના) કારકવ્યાપારથી અન્યની (ઘડાની) ઉત્પત્તિ થવાનો અતિપ્રસંગ આવશે. સમવાયિકારણનો આત્માતિશય કાર્ય છે એમ કહો તો 'ના,' (તમારા માટે) સત્કાર્યવાદનો પ્રસંગ આવશે. તેથી દૂધ વગેરે જ દ્રવ્યો, દહીં વગેરેના સ્વરૂપમાં રહેતાં હોય ત્યારે, 'કાર્ય'ની સંજ્ઞા મેળવે છે. માટે કારણથી જુદું (વધારાનું) કાર્ય સો વર્ષે પણ નિશ્ચિત કરવું શક્ય નથી. તે પ્રમાણે, મૂલકારણ (બ્રહ્મ) જ, અન્ત્ય કાર્ય સુધી, તે તે કાર્યના આકારથી, નટની જેમ સર્વ-વ્યવહારનું સ્થાન પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે, યુક્તિથી, ઉત્પત્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં કાર્યનું સત્ત્વ(ભાવ) અને કારણથી અનન્યત્વ સમજાય છે.

અને 'શબ્દાન્તર (અન્ય શબ્દ)'થી પણ આ સમજાય છે. પહેલાંના સૂત્રમાં 'અસત્'નો નિર્દેશ કરતા શબ્દનું ઉદાહરણ આપ્યું હોવાથી, તેથી બીજો 'સત્' વ્યપદેશી શબ્દ તે 'શબ્દાન્તર'– "સૌમ્ય, આ પહેલાં સત્, એક અને અદ્વિતીય જ હતું (છા. ૬. ૨. ૧)" વગેરે. "તેને કેટલાક કહે છે. શરૂઆતમાં અસત્ એ જ એક હતું (છા. ૬. ૨. ૧.)" એમ અસત્પક્ષનો ઉપક્ષેપ કરીને, "કઈ રીતે અસત્માંથી સત્ જન્મે (છા. ૬. ૨. ૨.)?" એમ આક્ષેપ કરીને, "હે સૌમ્ય, શરૂઆતમાં આ સત્ જ હતું (છા. ૬. ૨. ૩.)" એમ નિર્ણય કરે છે, તેમાં 'આ' શબ્દથી વાચ્ય કાર્યનું ઉત્પત્તિ પહેલાં, 'સત્' શબ્દથી વાચ્ય કારણ સાથેનું સામાનાધિકરણ્ય શ્રુતિમાં કહ્યું હોવાથી, (ઉત્પત્તિ પહેલાં, કાર્યનું) સત્ત્વ અને (કારણ સાથેનું) અનન્યત્વ સિદ્ધ થાય છે. જો ઉત્પત્તિ પહેલાં કાર્ય અસત્ હોય અને પછીથી ઉત્પન્ન થઈને તે કારણ સાથે સમવાયસંબંધથી જોડાય તો, તે કારણથી જુદું બને. ત્યાં (તેવા સંજોગોમાં) "જેનાથી નહીં સંભળાયેલું સંભળાયેલું બને છે (છા. ૬. ૧. ૩)" આ પ્રતિજ્ઞાનો ભંગ થશે. (ઉત્પત્તિ પહેલાં કાર્યનું) સત્ત્વ અને (કારણથી) અનન્યત્વ માનવાથી જ આ પ્રતિજ્ઞાનું સમર્થન થશે.

"અને પટની જેમ, (કારણથી કાર્ય અનન્ય છે)." (૧૯).

જેવી રીતે, વીંટેલું વસ્ત્ર સ્પષ્ટ રીતે ગ્રહણ થતું નથી કે શું આ વસ્ત્ર છે કે બીજું દ્રવ્ય છે, પણ તેને જ ફેલાવવામાં આવે તો, જે વીંટળાયેલું દ્રવ્ય તે વસ્ત્ર જ છે એમ પ્રસારણથી સ્પષ્ટ રીતે ગ્રહણ થઈ શકે છે. અને જેવી રીતે, સંવેષ્ટન સમયે (વીંટળાયેલું હોય ત્યારે) 'વસ્ત્ર (છે)' એમ ગ્રહણ કરાય તો પણ, વિશિષ્ટ લંબાઈ–પહોળાઈ સહિતનું તે ગ્રહણ થતું નથી અને તે જ વસ્ત્ર, પ્રસારણ સમયે (ફેલાવાય ત્યારે) વિશિષ્ટ લંબાઈ–પહોળાઈ સહિતનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્રહણ થાય છે કે સંવેષ્ટિત રૂપથી આ અન્ય ભિન્ન પટ નથી. આ પ્રમાણે તન્તુ વગેરે કારણની અવસ્થામાં રહેલું પટ આદિ કાર્ય અસ્પષ્ટ હોવાથી, તુરી–વેમ–કુવિન્દ આદિ કારકવ્યાપારોથી તે વ્યક્ત થઈને, સ્પષ્ટ રીતે ગ્રહણ કરાય છે. આથી 'સંવેષ્ટિતપ્રસારિતપટ–ન્યાય' (વીંટળાયેલા અને ફેલાવેલા વસ્ત્રના ન્યાય)થી કારણથી કાર્ય અનન્ય જ છે એમ અર્થ નીકળે છે.

" અને જેમ, પ્રાણ વગેરે(ના ભેદો પ્રાણથી અનન્ય છે, તેમ કારણથી કાર્યનું અનન્યત્વ છે)" (૨૦).

અને જેમ લોકમાં પ્રાણ, અપાન, વગેરે પ્રાણભેદો પ્રાણાયામથી અટકાવવામાં આવ્યા હોય અને કારણમાત્રના રૂપથી રહેતા હોય ત્યારે જીવન માત્ર કાર્ય થાય છે, પરંતુ આકુંચન (સંકોચાવું), પ્રસારણ (ફેલાવું), વગેરે અન્ય કાર્ય થતાં નથી. તે જ પ્રાણભેદો (પ્રાણ, અપાન, વ્યાન વગેરે) ફરીથી શરૂ થાય ત્યારે જીવનથી અધિક, આકુંચન, પ્રસારણ વગેરે અન્ય કાર્ય પણ થાય છે. સમીરણ (વાયુ) સ્વભાવ સામાન્ય હોવાથી, પ્રાણભેદો, ભેદવાળા પ્રાણથી અન્ય નથી. આ પ્રમાણે કાર્યનું કારણથી અનન્યત્વ છે અને આથી સંપૂર્ણ જગત બ્રહ્મકાર્ય હોવાથી અને તેનાથી (બ્રહ્મથી) અનન્ય હોવાથી " જે વડે ન સંભળાયેલું સંભળાયેલું બને છે. ન મનન થયેલું મનન થયેલું અને ન જાણેલું જાણેલું થાય છે (છા. ૬. ૧. ૩.) "—આ શ્રુતિમાં કહેલી પ્રતિજ્ઞા સિદ્ધ થાય છે.

અધિકરણ ૭–ઇતરવ્યપદેશાધિકરણ.

" બીજા (શારીર)નો (બ્રહ્મ તરીકે) (અથવા, બ્રહ્મનો શારીર તરીકે) વ્યપદેશ હોવાથી, હિત–અકરણ આદિ દોષનો પ્રસંગ આવશે " (૨૧).

વળી, જુદીરીતે ચેતનકારણવાદ પર આક્ષેપ કરવામાં આવે છે. ચેતનકારણમાંથી જગતની પ્રક્રિયા(સૃષ્ટિ)નો આશ્રય કરવામાં હિત–અકરણ વગેરે દોષોનો પ્રસંગ આવશે. શા માટે ? ' બીજા 'ના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યપદેશથી. શ્રુતિ 'બીજા' (એટલે) શારીરના બ્રહ્માત્મત્વનો વ્યપદેશ કરે છે—" તે આત્મા છે, હે શ્વેતકેતુ, તે તું છે (છા. ૬. ૮. ૭.)" એમ કહીને, પ્રતિબોધન કરે છે (ઉપદેશ આપે છે).

અથવા તો, " તેને સર્જીને તેમાં જ તે પ્રવેશ્યા (તૈ. ૨. ૬.)" એમ સ્રષ્ટા-અવિકૃત બ્રહ્મ—નું કાર્યમાં અનુપ્રવેશ દ્વારા શારીરાત્મત્વ દર્શાવ્યું હોવાથી, 'બીજા' (એટલે) બ્રહ્મના શારીરાત્મત્વનો શ્રુતિ વ્યપદેશ કરે છે. " આ જીવ-આત્મા વડે અનુપ્રવેશ કરીને નામ અને રૂપને હું પ્રગટ કરું (છા. ૬. ૩. ૨)" એમ જીવને 'આત્મ' શબ્દથી વ્યપદેશ કરતી પરા દેવતા, બ્રહ્મથી ભિન્ન શારીર નથી એમ બતાવે છે, તેથી જે બ્રહ્મનું સ્રષ્ટૃત્વ છે તે શારીરનું જ છે. આથી તે સ્વતંત્ર કર્તા હોવાથી, પોતાનું સુખકર હિત જ કરે, જન્મ-મરણ-જરા-રોગ આદિ અનેક અનર્થના સમૂહ રૂપ અહિત ન કરે કારણ, કોઇપણ સ્વતંત્ર માણસ પોતાને માટે કેદખાનું બનાવીને, તેમાં પ્રવેશ કરતો નથી. અને પોતે અત્યંત નિર્મલ હોવાથી, અત્યંત મલિન દેહને પોતાના તરીકે તે ગ્રહણ કરે નહીં. અને ગમે તેમ, તે કર્યું હોય તો પણ જે દુઃખકર હોય તેનો પોતાની ઇચ્છાથી તે ત્યાગ કરે અને સુખકરને ગ્રહણ કરે. અને ' મારા વડે આ વિચિત્ર જગત્-બિમ્બ રચાયું છે' તે યાદ રાખે. કારણ સર્વ લોક સ્પષ્ટ કાર્ય કરીને 'મારા વડે આ થયું છે' તેમ યાદ રાખે છે. અને જેમ માયાવી પોતે ફેલાવેલી માયાને, (પોતાની) ઇચ્છાથી, વગર તકલિફે જ સંકેલી શકે છે એ પ્રમાણે, શારીર પણ આ સૃષ્ટિને સંકેલી શકે. પરંતુ પોતાનું શરીર પણ અનાયાસે સંકેલી શકવા શારીર શક્તિમાન નથી. આ પ્રમાણે હિત-ક્રિયા વગેરે નહીં જોવાથી, ચેતનમાંથી જગતની પ્રક્રિયા (સૃષ્ટિનિર્માણ) યોગ્ય નથી, એમ સમજાય છે.

" પરંતુ (બ્રહ્મ શારીરથી) અધિક છે, કારણ (શ્રુતિમાં કર્તૃકર્માદિ) ભેદનો નિર્દેશ છે " (૨૨).

'પરંતુ' શબ્દ (પૂર્વ)પક્ષનું ખંડન કરે છે. જે સર્વજ્ઞ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વશક્તિ, નિત્યશુદ્ધબુદ્ધમુક્તસ્વભાવ, બ્રહ્મ શારીરથી અધિક, અન્ય છે, તેને અમે જગતનું સર્જક તત્ત્વ કહીએ છીએ. તેનામાં 'હિત-અકરણ' આદિ દોષોનો પ્રસંગ આવશે નહીં. તેનો નિત્યમુક્તસ્વભાવ હોવાથી, તેનું હિત કંઈ કરવાનું કે અહિત ત્યજવાનું હોતું નથી. સર્વજ્ઞ અને સર્વશક્તિ હોવાને લીધે, કયારેય પણ તેને જ્ઞાનમાં પ્રતિબંધ કે શક્તિમાં પ્રતિબન્ધ નથી. પરંતુ શારીર (જીવાત્મા) આ પ્રકારનો નથી. તેનામાં 'હિત-અકરણ' આદિ દોષોનો પ્રસંગ (શકય) છે. પરંતુ તેને અમે જગતનો સર્જક કહેતા નથી. એમ શા માટે ? કારણ, (શ્રુતિમાં, બંનેનો) ભેદનિર્દેશ છે.

" આત્માનું દર્શન કરવું જોઈએ, શ્રવણ કરવું જોઈએ. મનન કરવું જોઈએ અને નિદિધ્યાસન કરવું જોઈએ (બૃ. ૨. ૪. ૫.)," " તેનું અન્વેષણ કરવું જોઈએ, તેની વિજિજ્ઞાસા કરવી જોઈએ. (છા. ૮. ૭. ૧.)", " હે સૌમ્ય, ત્યારે સત્ સાથે તે સંપન્ન થાય છે (એકરૂપ થાય છે) (છા. ૬. ૮. ૧.)" " શારીર—આત્મા પ્રાજ્ઞાત્માવડે અન્વારૂઢ થયેલ છે (બૃ. ૪. ૩. ૩૫)"—એમ, આ પ્રકારનો કર્તૃકર્માદિભેદનિર્દેશ, બ્રહ્મ જીવથી અધિક છે તેમ દર્શાવે છે. પરંતુ, "તે તું છે (છા. ૬. ૮. ૬)", એ પ્રકારનો અભેદનિર્દેશ પણ શ્રુતિમાં કહ્યો છે. કઈરીતે, (બંને) વિરુદ્ધ-ભેદ અને અભેદ શકય થશે ? આ દોષ નથી. કારણ તે બંને શકય છે તેમ (મહા-) આકાશ અને ઘટાકાશના દૃષ્ટાન્તથી તે તે સ્થળોએ અમે બતાવ્યું છે. અને વળી જ્યારે " તે તું છે" એવા પ્રકારના અભેદનિર્દેશથી અભેદનો સાક્ષાત્કાર થાય છે ત્યારે, મિથ્યા-જ્ઞાનથી ઉત્પન્ન થયેલો સમસ્ત ભેદવ્યવહાર સમ્યક્જ્ઞાનથી બાધિત થવાથી જીવનું સંસારિત્વ અને બ્રહ્મનું સર્જકત્વ નાશ પામે છે. તેવી સ્થિતિમાં સૃષ્ટિ કર્યાથી હોય અને હિત-અકરણ વગેરે દોષો કર્યાથી હોય ? હિત-અકરણાદિ લક્ષણ સંસાર તે અવિદ્યાથી ઉત્પન્ન થયેલ નામરૂપથી થયેલ શરીર, ઇન્દ્રિય ઇત્યાદિના સમૂહની ઉપાધિના અવિવેકથી ઉત્પન્ન થયેલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભ્રાન્તિ જ છે અને પરમાર્થરીતે નથી તેમ અમે વારંવાર કહ્યું. જન્મ, મરણ, છેદન, ભેદન, વગેરેના અભિમાનની જેમ (આ છે). (જેમ જન્મ, મરણ, વગેરે ખરીરીતે આત્માને નથી, માત્ર દેહને જ છે, તેમ હિત-અકરણાદિલક્ષણસંસાર પણ આત્માને નથી, માત્ર ભ્રાન્તિ જ છે). પરંતુ જ્યાં સુધી ભેદવ્યવહારનો બાધ ન થયો હોય ત્યાં સુધી, 'તેની શોધ કરવી જોઇએ, તેનું જ્ઞાન કરવું જોઇએ' એ પ્રમાણેના ભેદનિર્દેશથી પ્રાપ્ત થતું બ્રહ્મનું અધિકત્વ હિત-અકરણાદિ દોષના પ્રસંગનું નિવારણ કરે છે.

"અને પત્થર, વગેરેની જેમ તેની (પરપરિકલ્પિત દોષની) અનુપપત્તિ છે" (૨૩).

અને જેમ લોકમાં, પૃથિવીત્વ સામાન્યથી યુક્ત હોવા છતાં, (તેવા) પત્થરોમાં કેટલાક વજ્ર, વૈડૂર્ય, વગેરે અન્યંત કિમતી મણિઓ, કેટલાક સૂર્યકાન્ત વગેરે મધ્યમ કિંમતવાળા અને કેટલાક કૂતરા, કાગડા તરફ ફેંકવા યોગ્ય, હલકી કોટિના પથરા હોય છે, તેમ અનેક પ્રકારનું વૈચિત્ર્ય જોવામાં આવે છે. અને જેમ એક જ પૃથિવીને આશ્રયે રહેલા બીજોનું પત્ર, પુષ્પ, ફળ, ગંધ, રસાદિ, અનેક પ્રકારનું વૈચિત્ર્ય ચંદન, કિંપાક, વગેરેમાં જોવાય છે, અને જેમ એક જ અન્નરસનાં લોહી વગેરે અને કેશલોમાદિ વિચિત્ર કાર્યો બને છે, તે પ્રમાણે, એક જ બ્રહ્મનું પણ જીવ અને પ્રાજ્ઞનાં પૃથક્ત્વ રૂપી કાર્યવૈચિત્ર્ય શક્ય છે, તેથી તેની અનુપપત્તિ છે, પરપરિકલ્પિત-દોષની અનુપપત્તિ છે તેવો અર્થ છે. શ્રુતિના પ્રામાણ્યને કારણે, વિકાર માત્ર વાણીથી જ શરૂ થયેલ હોવાથી અને સ્વપ્નમાં જોવાતી વસ્તુઓના વૈવિધ્યની જેમ—આ વધારાની દલીલો 'च' (અને) શબ્દથી સમજવાની છે.

અધિકરણ ૮ – ઉપસંહારદર્શનાધિકરણ.

"સાધનસામગ્રીના દર્શનથી (એકલું બ્રહ્મ જગતનું કારણ થઈ શકે) નહીં, તેમ કોઈ કહે તો, 'ના' કારણ કે દૂધની જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(તે શક્ય છે).” (૨૪)

એક અને અદ્વિતીય ચેતન બ્રહ્મ જગતનું કારણ છે તેમ જે કહ્યું તે શક્ય નથી. શા માટે? સાધનસામગ્રીના દર્શનથી. કારણ અહીં લોકમાં, ઘટપટાદિનાં કર્તા કુંભાર વગેરે, માટી, દંડ, ચક્ર, સૂત્ર વગેરે અનેક સાધનસામગ્રી વડે સાધનયુક્ત થઇને જ, તે તે કાર્ય કરતાં જોવામાં આવે છે. અને તારા મતે બ્રહ્મ અસહાય માનેલું છે અને તેને બીજાં સાધનોની મદદ ન હોય તો કઇ રીતે સ્રષ્ટૃત્વ શક્ય થશે? તેથી બ્રહ્મ જગતનું કારણ નથી. એમ કહો તો, આ દોષ નથી. કારણ, દૂધની જેમ, દ્રવ્યના વિશિષ્ટ સ્વભાવને કારણે, આ શક્ય થશે. જેમ, લોકમાં દૂધ કે પાણી, બાહ્ય સાધનની અપેક્ષા વગર જ, પોતે જ દહીં કે હિમ રૂપે પરિણમે છે, તે પ્રમાણે અહીં પણ થશે.

પરંતુ, દહીં વગેરે રૂપમાં પરિણમતું દૂધ, વગેરે પણ ગરમી, ઇત્યાદિ બાહ્ય સાધનની અપેક્ષા રાખે છે જ. તો પછી, શા માટે કહ્યું, “કારણ, દૂધની જેમ”? આ દોષ નથી. દૂધ પોતાની મેળે જે અને જેટલી પરિણામમાત્રાને અનુભવે છે તેટલી જ માત્રાને દહીં થવા માટે, ગરમી ઇ.થી ત્વરા અપાય છે. જો દૂધમાં પોતાનામાં દધિભાવશીલતા ન હોત તો, ગરમી ઇ.થી તે પરાણે દધિભાવને પામી ન શકે. કારણ વાયુ કે આકાશ ગરમી ઇ.થી પરાણે દધિભાવને પ્રાપ્ત કરતાં નથી. સાધનસામગ્રીથી તેની પૂર્ણતા થાય છે. પરંતુ બ્રહ્મ તો પરિપૂર્ણ શક્તિવાળું છે. કોઇ બીજા વડે તેની પૂર્ણતા સંપાદન કરવાની નથી. અને શ્રુતિ પણ છે:—“ તેને શરીર નથી કે ઇન્દ્રિયો નથી. તેની સમાન કે અધિક કોઇ દેખાતો નથી. તેની શક્તિ શ્રેષ્ઠ અને વિવિધ છે તેમ સંભળાય છે. સ્વાભાવિક જ્ઞાન, બળ અને ક્રિયા (પણ તેનામાં છે) (શ્વેતા. ૬.૨.).” તેથી વિચિત્ર શક્તિ હોવાથી એક જ હોવા છતાં, બ્રહ્મનું, દૂધ વ.ની જેમ અનેક પ્રકારનું પરિણામ શક્ય છે.

“અને લોકમાં, દેવ વ.ની જેમ પણ (બ્રહ્મ બાહ્ય સાધન વગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકલું જ જગતનું સર્જન કરી શકશે).” (૨૫)

આ પ્રમાણે કહેવાયઃ “દૂધ વગેરે અચેતન વસ્તુઓનો દધ્યાદિ-ભાવ, બાહ્ય સાધનની અપેક્ષા વગર શકય છે, કારણ તેવું જોવામાં આવે છે. પરંતુ કુંભાર વગેરે ચેતન પ્રાણીઓ તો સાધનસામગ્રીની અપેક્ષા વડે જ તે તે કાર્ય માટે પ્રવૃત્ત થતાં જોવામાં આવે છે. બ્રહ્મ ચેતન હોવાથી (સાધનસામગ્રીની) સહાય વગર કઇ રીતે પ્રવૃત્તિ કરી શકશે?” અમે કહીએ છીએ કે “દેવ વગેરેની જેમ.” મન્ત્ર, અર્થવાદ, ઇતિહાસ અને પુરાણના પ્રામાણ્યથી, જેમ લોકમાં દેવો, પિતૃઓ, ઋષિઓ વગેરે અત્યંત પ્રભાવશાળી, ચેતન હોવા છતાં પણ, કોઇ પણ બાહ્ય સાધનની અપેક્ષા વગર જ, ઐશ્વર્યવિશેષને કારણે, માત્ર સંકલ્પથી, પોતાનામાંથી જ ઘણા જુદા જુદા આકારોવાળા શરીરો, પ્રાસાદાદિ, અને રથાદિનું નિર્માણ કરતાં જોવામાં આવે છે. અને કરોળીયો પોતાનામાંથી જ તન્તુઓને ઉત્પન્ન કરે છે. શુક્ર વગર જ હંસી ગર્ભ ધારણ કરે છે. અને કોઇ પણ પ્રસ્થાનસાધનની અપેક્ષા વગરજ પદ્મિની એક સરોવરમાંથી બીજા સરોવરમાં જાય છે, આ પ્રમાણે ચેતન બ્રહ્મ પણ, બાહ્ય સાધનની અપેક્ષા વગર જ, પોતાનામાંથી જ જગતનું સર્જન કરશે.

તે (પૂર્વપક્ષી) જો એમ કહે કે “જે આ દેવાદિ બ્રહ્મના દૃષ્ટાન્ત તરીકે રજૂ કર્યા છે તે દાર્ષ્ટાન્તિક બ્રહ્મ સાથે સમાનતા ધારણ કરતાં નથી. કારણ દેવ, વગેરેનાં અચેતન શરીર જ અન્ય શરીરાદિ વિભૂતિનાં સર્જનમાં કારણરૂપ છે, (તેમનો) ચેતન આત્મા નહીં. હલકા જંતુઓનું ભક્ષણ કરવાથી કરોળીયાની લાળ કઠણ બનતાં તન્તુ બને છે. હંસી મેઘગર્જનાના શ્રવણથી ગર્ભ ધારણ કરે છે. અને ચેતન વડે પ્રેરાયેલી કમલિની જેમ વેત્ર વૃક્ષને તેમ, અચેતન શરીરથી જ. એક સરોવરમાંથી બીજા સરોવરમાં સરે છે, પરંતુ ચેતન હોવાથી પોતે જ બીજા સરોવરમાં સરવાનું કાર્ય કરે છે તેમ નહીં. તેથી આ બ્રહ્મના દૃષ્ટાંતો નથી. “તેને જવાબ આપવો જોઇએ કે આ દોષ નથી, કારણ કુંભાર વગેરે દૃષ્ટાંતોનું માત્ર વૈલક્ષણ્ય જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાનો આશય છે." જેવી રીતે કુલાલાદિ અને દેવાદિનું ચેતનત્વ સમાન હોવા છતાં, કુલાલાદિ કાર્યની શરૂઆતમાં બાહ્ય સાધનની અપેક્ષા રાખે છે, દેવાદિ નહીં; તેમ બ્રહ્મ, ચેતન હોવા છતાં, બાહ્ય સાધનની અપેક્ષા રાખશે નહીં—આમ આટલું જ અમે દેવાદિના ઉદાહરણથી કહેવા માગીએ છીએ. તેથી જેમ એકનું સામર્થ્ય જોવાયું તેમ બધાનું જ હોવું જોઇએ તેવો દૃઢ સિદ્ધાંત હોઇ શકે નહીં તેવો અભિપ્રાય અહીં છે.

અધિકરણ ૯—કૃત્સ્નપ્રસક્ત્યધિકરણ.

દૂધ વગેરેની જેમ તેમ જ દેવ, વગેરેની જેમ, બાહ્ય સાધનની અપેક્ષા વગર, પોતે જ પરિણમતું, એક અદ્વિતીય ચેતનબ્રહ્મ જગતનું કારણ છે તે નક્કી થયું. પરંતુ, શાસ્ત્રાર્થની પરિશુદ્ધિ માટે ફરીથી આક્ષેપ કરે છે.

"કાંતો સંપૂર્ણ બ્રહ્મના પરિણામનો દોષ આવશે અથવા 'નિરવયવત્વ' શ્રુતિમાં મુશ્કેલી આવશે." (૨૬).

બ્રહ્મ નિરવયવ હોવાથી, કૃત્સ્નપ્રસક્તિ—સંપૂર્ણ બ્રહ્મનો કાર્ય-રૂપથી પરિણામ થશે. જો બ્રહ્મ પૃથિવી વગેરેની જેમ સાવયવ હોય તો તેનો એક ભાગ પરિણામ પામ્યો હોત અને એક ભાગ બાકી રહ્યો હોત પરંતુ બ્રહ્મ નિરવયવ છે તેમ શ્રુતિઓ દ્વારા સમજાય છે; "ભાગરહિત, નિષ્ક્રિય, શાંત, દોષરહિત, ક્રિયારહિત, (શ્વે. ૬. ૧૯)," "પુરુષ ખરેખર દિવ્ય, અમૂર્ત, બાહ્ય અને અભ્યંતર યુક્ત અને અજ છે. (મું. ૨. ૧, ૨,)," "આ મહદ્-ભૂત અનન્ત, અપાર અને વિજ્ઞાનઘન જ છે (બૃ. ૨. ૪. ૧૨)." "તે આ આત્મા નથી, નથી (બૃ. ૩, ૯, ૨૬)," "અસ્થૂલ અનણુ (બૃ ૩, ૮, ૮,)" વગેરે બ્રહ્મના સર્વ વિશેષોનો પ્રતિષેધ કરતી શ્રુતિઓ દ્વારા (બ્રહ્મ નિરવયવ છે તેમ સમજાય છે). અને તેથી એક ભાગનું પરિણામ થવું અશક્ય હોવાથી, સંપૂર્ણ પરિણામ પામવાનો પ્રસંગ થતાં, મૂલોચ્છેદ (બ્રહ્મનો નાશ) થવાનો પ્રસંગ થશે. અને કાર્ય (જગત)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(કે જેમાં આખું યે બ્રહ્મ રહેલું છે તે) પ્રયત્ન વગર જ દેખાવાથી, (બ્રહ્મના) દર્શન અંગેનો ઉપદેશ પણ (કારણબ્રહ્મ નહીં રહેવાથી) નકામો થવાનો દોષ લાગશે. અને તે (કાર્ય) ઉપરાંત બ્રહ્મ(નું અસ્તિત્વ) અસંભવ થવાથી (બ્રહ્મ અંગેના) અજત્વાદિ શબ્દ પણ ખોટા ઠરશે. હવે આ દોષને દૂર કરવાની ઇચ્છાથી જો બ્રહ્મ સાવયવ જ માનવામાં આવે તો, જે નિરવયવત્વ પ્રતિપાદક શ્રુતિઓ ટાંકી છે તેમાં મુશ્કેલી આવે. અને સાવયવત્વમાં (બ્રહ્મમાં) અનિત્યત્વનો દોષ આવશે. તેથી દરેક રીતે આ પક્ષ ટકાવવો શક્ય નથી તેમ આક્ષેપ કરે છે.

"પરંતુ શ્રુતિને કારણે, કારણ બ્રહ્મ શબ્દમૂલ છે" (૨૭).

'તુ' (પરંતુ) શબ્દથી આક્ષેપનો પરિહાર કરે છે. ખરેખર અમારા પક્ષમાં કોઈ પણ દોષ નથી. (બ્રહ્મના) સંપૂર્ણ પરિણામનો દોષ પણ નથી. કેવી રીતે? શ્રુતિને કારણે. જેવી રીતે, બ્રહ્મમાંથી જગતની ઉત્પત્તિ શ્રુતિમાં કહી છે એમ વિકાર ઉપરાંત બ્રહ્મની સ્થિતિ પણ શ્રુતિમાં કહેલ છે. કારણ "તે આ દેવતાઓ વિચાર કર્યો: અરે, આ જીવ-આત્મા વડે, હું આ ત્રણે દેવતાઓ (પૃથ્વી, અપ અને તેજ)માં પ્રવેશ કરીને નામ અને રૂપ પ્રગટ કરું (છા. ૬. ૩. ૨.)" "તેટલો આનો મહિમા છે અને પુરુષ તેથી પણ મોટો છે. બધાં પ્રાણીઓ (અથવા વસ્તુઓ) તેનો એક ભાગ છે અને આકાશમાં અમૃત છે તે તેના ત્રણ ભાગ છે (છા. ૩. ૧૨. ૬.)," વગેરે શ્રુતિઓમાં પ્રકૃતિ (કારણ-બ્રહ્મ) અને વિકાર (કાર્ય-જગત) નો ભેદથી નિર્દેશ છે. તે ઉપરાંત શ્રુતિમાં, તેનું (બ્રહ્મનું) સ્થાન હૃદયમાં છે તેવું વચન હોવાથી તેમજ સુષુપ્તિ સમયે જીવ બ્રહ્મમાં લીન (એકરૂપ) થયા હોવાનું વચન હોવાથી પણ (બંનેનો ભેદથી નિર્દેશ છે). જો સંપૂર્ણ બ્રહ્મ કાર્યભાવમાં વપરાઇ ગયું હોત તો, "હે સૌમ્ય, ત્યારે તે સત્ (બ્રહ્મ) સાથે એકરૂપ થઈ જાય છે" એમ સુષુપ્તિ અંગેનું વિશેષણ અયોગ્ય થાત, કારણ વિકૃત બ્રહ્મ સાથે તે (જીવ) નિત્યસંપન્ન જ છે અને અવિકૃત બ્રહ્મનો અભાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તે ઉપરાંત શ્રુતિમાં બ્રહ્મ ઇન્દ્રિયગોચર હોવાનો પ્રતિષેધ છે જ્યારે વિકાર તો ઇન્દ્રિયગોચર હોવાનું શકય છે. તેથી અવિકૃત બ્રહ્મ છે જ.

અને શ્રુતિમાં જ કહેલ હોવાથી 'નિરવયવત્વ'ને પણ સ્વીકારવાનું હોવાથી, 'નિરવયવત્વ' શ્રુતિમાં કંઇ મુશ્કેલી નહીં આવે, કારણ બ્રહ્મ શ્રુતિ ઉપર આધાર રાખે છે; તેને માટે શ્રુતિ પ્રમાણ છે, ઇન્દ્રિયાદિ પ્રમાણ નથી. તેથી શ્રુતિ પ્રમાણે જ તેને સ્વીકારવું જોઇએ. અને શ્રુતિ, બ્રહ્મની બંને બાજુનો—અકૃત્સનપ્રસક્તિ અને નિરવયવત્વ—નું પ્રતિપાદન કરે છે. લૌકિક મણિ, મન્ત્ર, ઔષધિ, વગેરેની દેશ કાલ વગેરે અનેક કારણોથી થયેલી શક્તિઓ, અનેક વિરુદ્ધ કાર્યો કરતી પણ જોવામાં આવે છે. અને ઉપદેશ વગર, માત્ર તર્કવડે જ, તે શક્તિઓને જાણવી પણ શકય નથી કે આ વસ્તુની આટલી, આ સહાયોવાળી, આ વિષયો અંગેની અને આ પ્રયોજનોવાળી શક્તિઓ છે. તો પછી, અચિન્ત્ય સ્વભાવવાળા બ્રહ્મનું રૂપ શ્રુતિ વગર જાણી ન શકાય તેમાં શું આશ્ચર્ય? તે પ્રમાણે, પૌરાણિકોએ પણ કહ્યું છે, "જે પદાર્થો ખરેખર અચિન્ત્ય છે તેમને તર્ક સાથે જોડવા ન જોઇએ. પ્રકૃતિઓથી (પ્રત્યક્ષદષ્ટ પદાર્થના સ્વભાવોથી) જે પર (વિલક્ષણ) છે તે 'અચિન્ત્ય'નું લક્ષણ કહી શકાય." તેથી અતીન્દ્રિય અર્થની યથાર્થતાનું જ્ઞાન શ્રુતિ પર જ આધાર રાખે છે.

પરંતુ શ્રુતિથી પણ વિરુદ્ધ અર્થનું પ્રતિપાદન થઇ શકે નહીં—નિરવયવ બ્રહ્મ પરિણમે છે અને છતાં સંપૂર્ણ નહીં! બ્રહ્મ નિરવયવ હોત તો કાંતો ન જ પરિણામ પામત અથવા સંપૂર્ણપણે જ પરિણામ પામત. હવે, કોઇકિ રૂપથી તે પરિણામ પામશે અને કોઇકથી તે રહેશે (પરિણામ પછી પણ તેની સ્થિતિ રહેશે) એમ રૂપભેદની કલ્પનાથી બ્રહ્મ સાવયવ થવાનો પ્રસંગ આવશે. ક્રિયા અંગેના વિષયમાં "અતિરાત્રયજ્ઞમાં તે षોડશી પ્યાલાને ગ્રહણ કરે છે; અતિરાત્રમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પોઠશી–પ્યાલાને ગ્રહણ કરતો નથી" (જૈ. ૧૦. ૮. ૬.) એવી વિરોધપ્રતીતિમાં પણ, વિકલ્પનો આશ્રય વિરોધના પરિહારનું કારણ થઇ શકે છે કારણ ક્રિયા પુરુષની ઇચ્છા પર આધાર રાખે છે. જ્યારે અહીં તો વિકલ્પના આશ્રયથી પણ વિરોધનો પરિહાર શક્ય નથી, કારણ વસ્તુ(નો સ્વભાવ) પુરુષ(ની ઇચ્છા) પર આધાર રાખતો નથી. તેથી આ સમજાવવું મુશ્કેલ છે. (આમ કોઇ કહેતો–) આ દોષ નથી. કારણ (બ્રહ્મમાં) અવિદ્યાથી કલ્પેલાં રૂપભેદ માનવામાં આવ્યાં છે. અવિદ્યાથી કલ્પિત રૂપભેદથી વસ્તુ સાવયવ બની જતું નથી. તિમિરદોષયુક્ત આંખથી જાણે અનેક હોય તેમ દેખાતો ચંદ્ર કંઇ ખરેખર અનેક બની જતો નથી. અવિદ્યાથી કલ્પિત, નામ અને રૂપના પ્રકારના, વ્યાકૃત અને અવ્યાકૃત, તત્ત્વ અને અન્યત્વથી અનિર્વચનીય, રૂપભેદ દ્વારા બ્રહ્મ પરિણામાદિ સર્વવ્યવહારનું સ્થાન ધારણ કરે છે. અને પારમાર્થિક રૂપથી, સર્વવ્યવહારથી પર અને પરિણામ પામ્યા વગરનું રહે છે. અવિદ્યાથી કલ્પિત નામરૂપભેદ માત્ર વાણીથી જ શરૂ થયેલ હોવાથી, બ્રહ્મના નિરવયત્વમાં વિઘ્ન આવતું નથી.

અને આ પરિણામશ્રુતિનો મુખ્ય ઉદ્દેશ પરિણામનું પ્રતિપાદન કરવાનો નથી, કારણ તેના જ્ઞાનથી કંઇ પણ ફળ કહ્યું નથી. પરંતુ, આ શ્રુતિ(પરિણામ શ્રુતિ) તો સર્વવ્યવહારરહિત બ્રહ્માત્મભાવનું પ્રતિપાદન કરવા માટે છે કારણ તેના જ્ઞાનથી, ફળ કહેલું છે. "તે આ આત્મા નથી, નથી" એમ શરૂ કરીને કહે છે, "હે જનક, તેં અભયને પ્રાપ્ત કર્યું છે (બૃ. ૪. ૨. ૪.)." તેથી અમારા પક્ષમાં કોઇ પણ દોષનો પ્રસંગ નથી.

"અને આ પ્રમાણે (જીવ–)આત્મામાં (સ્વપ્નદર્શનસમયે અનેકવિધ સૃષ્ટિનું દર્શન છે) અને (લોકમાં દેવાદિમાં) પણ અનેક પ્રકારની (વિચિત્ર, સૃષ્ટિઓ જોવામાં આવે છે)" (૨૮).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જ બ્રહ્મમાં સ્વરૂપનો નાશ થયા વગર જ, અનેક આકારની સૃષ્ટિ કઈ રીતે થઈ શકે તેમ અહીં વિવાદ ન જ કરવો જોઈએ. કારણ, એક જ આત્મામાં–સ્વપ્નદૃષ્ટામાં–પણ, સ્વરૂપનો નાશ થયા વગર જ, અનેક આકારની સૃષ્ટિ કહી છે–"ત્યાં રથ નથી, રથના અશ્વો નથી, માર્ગો નથી, અને છતાં, તે રથોને, રથના અશ્વોને અને માર્ગોને ઉત્પન્ન કરે છે (બૃ. ૪. ૩. ૧૦)" વગેરેથી. અને લોકમાં પણ, દેવો, વગેરેમાં અને માયાવીઓ વગેરેમાં સ્વરૂપનો નાશ થયા વગર જ, અનેક પ્રકારની હસ્તિ, અશ્વ ઇત્યાદિની સૃષ્ટિઓ જોવામાં આવે છે. તેવી રીતે, એક જ બ્રહ્મમાં પણ, સ્વરૂપનો નાશ થયા વગર જ, અનેક આકારોવાળી સૃષ્ટિ થઈ શકશે.

"અને પોતાના પક્ષમાં પણ (આ) દોષ હોવાથી." (૨૯)

વિરોધિઓને પણ, પોતાના પક્ષમાં આ દોષ સમાન છે. પ્રધાનવાદીના પક્ષમાં (સાંખ્યમતમાં) પણ, નિરવયવ, અપરિચ્છિન્ન, શબ્દાદિહીન પ્રધાન સાવયવ, પરિચ્છિન્ન અને શબ્દાદિયુક્ત કાર્યનું કારણ મનાયું છે. નિરવયવ હોવાથી, ત્યાં પણ પ્રધાનની કૃત્સ્નપ્રસક્તિનો દોષ આવે છે અથવા તો, નિરવયવત્વની માન્યતામાં વિઘ્ન આવે છે.

પરંતુ, (પૂર્વપક્ષી કહે છે કે) તેઓ (સાંખ્યો) પ્રધાનને નિરવયવ માનતા નથી. સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણે ગુણો નિત્ય છે, તેઓની સામ્યાવસ્થા તે પ્રધાન અને તે જ અવયવોથી તે (પ્રધાન) સાવયવ છે. આ પ્રકારના સાવયવત્વથી પ્રકૃત દોષનો પરિહાર કરવો શક્ય નથી. કારણ સત્ત્વ, રજસ્ અને તમસ્–એ દરેકનું સમાન નિરવયવત્વ છે. બાકીના બન્નેથી અનુગૃહીત થયેલું જ તે દરેક (સત્ત્વ, રજસ્, તમસ્) સજાતીય પ્રપંચનું કારણ છે. તેથી પોતાને પક્ષે પણ દોષનો પ્રસંગ સમાન જ છે. (જો સત્ત્વ રજસ્ અને તમસ્ સંયુક્તરીતે કાર્ય ઉત્પન્ન કરતા હોય તો આ મુશ્કેલી ન આવે પરંતુ તો કાર્યોની પારસ્પરિક અસમાનતા ન સમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાવી શકાય).

તર્કને પ્રતિષ્ઠા નહીં હોવાથી (તર્ક અસ્થિર હોવાથી) જો (તમે કહેશો કે પ્રધાનને) સાવયવત્વ છે તો આ પ્રમાણે પણ અનિત્યત્વાદિ દોષનો પ્રસંગ આવશે (કારણ જે સાવયવ હોય તે અનિત્ય હોય). હવે કાર્યના વૈચિત્ર્યથી સૂચિત થતી (કારણની) શક્તિઓ જ અવયવો છે તેમ (તમારો) અભિપ્રાય હોય તો, તે તો (તેવી શક્તિઓની માન્યતા) બ્રહ્મવાદી માટે પણ સમાન જ છે.

તે પ્રમાણે, અણુવાદીનું અણુ પણ જ્યારે બીજા અણુ સાથે જોડાશે ત્યારે, તે (અણુ) નિરવયવ હોવાથી, જો પૂર્ણ રીતે જોડાશે તો કદમાં વધારો નહીં થતાં, અણુમાત્ર જ રહેવાનો દોષ આવશે. હવે જો (એક અણુ બીજા અણુ સાથે) એક ભાગથી જોડાય તો પણ 'નિરવયવત્વ' માન્યતા ખોટી ઠરે, તેથી પોતાના મતમાં પણ આ દોષ સમાન છે. અને (આ દોષ) (બંને પક્ષે) સમાન હોવાથી, માત્ર એક જ પક્ષ સામે તે રજૂ કરવો જોઇએ નહીં. છતાં બ્રહ્મવાદીએ તો પોતાના પક્ષમાં આ દોષનો પરિહાર કર્યો છે.

અધિકરણ ૧૦—સર્વોપેતાધિકરણ

અનેક પ્રકારની શક્તિ હોવાથી, એક જ બ્રહ્મમાં અનેકવિધ વિકારપ્રપંચ શક્ય છે તેમ કહ્યું. પરંતુ, પરબ્રહ્મ અનેકવિધ શક્તિથી યુક્ત છે તેમ કઈ રીતે જાણી શકાય છે ? તેનો જવાબ અપાય છે.

" અને, (પરાદેવતા) સર્વ (શક્તિ) યુક્ત છે. કારણકે તે શ્રુતિમાં કહ્યું છે " (૩૦).

પરા દેવતા સર્વશક્તિથી યુક્ત છે તેમ માનવું જોઇએ. શા માટે ? તે શ્રુતિમાં કહ્યું છે તેથી. કારણ, સર્વકર્મોવાળો, સર્વકામવાળો, સર્વગંધવાળો, સર્વરસવાળો, આ સર્વને વ્યાપીને રહેલો, વાણી વગરનો, નિષ્કામ (છા. ઉ. ૩ ૧૪. ૪.) ", " સત્યકામ, સત્યસંકલ્પ (છા. ૮. ૭. ૧.) ", " જે સર્વજ્ઞ અને સર્વવિત્ છે (મુંડક. ૧. ૧. ૮.) ", " હે ગાર્ગિ, આ અક્ષરના પ્રશાસનથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર્ય અને ચંદ્ર સ્થિર રહ્યા છે (બૃ. ૩. ૮. ૯.) ", વગેરે—આ પ્રકારની શ્રુતિઓ પરા દેવતાનો સર્વશક્તિયોગ બતાવે છે.

" (પરા દેવતા) 'ઇન્દ્રિયરહિત હોવાથી, નહીં' એમ કહો તો, તેનો જવાબ અપાઇ ગયો છે " (૩૧).

કોઈ કહેશે:—" આંખ વગરનું, કાન વગરનું, વાણીરહિત, મનરહિત (બૃ. ૩. ૮. ૮.) " વગેરે પ્રકારની શ્રુતિઓ પરા દેવતા ઇન્દ્રિયરહિત છે તેમ કહે છે. સર્વશક્તિયુક્ત હોવા છતાં પણ તે કઇ રીતે કાર્ય કરવા શક્તિમાન થશે ? દેવ વગેરે ચેતન પણ, સર્વ-શક્તિયુક્ત હોવા છતાં પણ, આધ્યાત્મિક શરીરો અને ઇન્દ્રિયોથી યુક્ત હોય ત્યારે જ, તે તે કાર્ય કરવા સમર્થ બને છે તેમ જાણી શકાય છે. અને ' નેતિ નેતિ' (બૃ. ૩. ૯. ૨૬)થી જેના બધા વિશેષો પ્રતિષિદ્ધ થયા છે તેવી દેવતાને સર્વશક્તિયોગ કઇ રીતે સંભવી શકે ? એમ જો કહો તો, (અમારો જવાબ છે કે) જે અહીં કહેવું જોઇએ તે આગળ જ (અમારાથી) કહેવાયું છે. આ અતિગંભીર બ્રહ્મ શાસ્ત્રથી જ જાણી શકાય છે, તર્કથી જાણી શકાતું નથી. અને એકનું સામર્થ્ય જે રીતે જોવામાં આવ્યું હોય, તેમ બીજાનું સામર્થ્ય પણ તે જ રીતે હોવું જોઇએ તેવો નિયમ નથી. જેના સર્વ વિશેષનો પ્રતિષેધ થયો છે તેવા બ્રહ્મને સર્વશક્તિ-યોગ શક્ય છે તે પણ અવિદ્યાકલ્પિત રૂપભેદની રજૂઆતથી કહ્યું છે. તેમ, શાસ્ત્ર પણ, " હાથ-પગ વગરનો છતાં ઝડપી અને ગ્રહણ કરનાર, આંખ વગરનો તે જુએ છે અને કાન વગરનો તે સાંભળે છે (શ્વે. ૩. ૧૯) " એમ ઇન્દ્રિયરહિત બ્રહ્મનો સર્વસામર્થ્યયોગ દર્શાવે છે.

અધિકરણ ૧૧—પ્રયોજનવત્ત્વાધિકરણ

ફરીથી જુદી રીતે, જગતના ચેતનકર્તૃત્વ સામે આક્ષેપ કરે છે :-

" (ચેતન બ્રહ્મ જગતનું કારણ થઈ શકશે) નહીં, કારણ (ચેતનની પ્રવૃત્તિઓ) પ્રયોજનવાળી હોય છે." (૩૨).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેતન પરમાત્મા ખરેખર આ જગદ્-બિમ્બની રચના કરી શકે નહીં. શા માટે ? પ્રવૃત્તિઓનાં પ્રયોજન હોવાથી. કારણ લોકમાં, બુદ્ધિપૂર્વક કાર્ય કરનાર ચેતન પુરુષ, પ્રવૃત્તિ કરતો હોય ત્યારે પોતાના પ્રયોજનને ઉપયોગી ન હોય તેવી, ઓછા પ્રયત્ને સાધ્ય હોય તેવી પ્રવૃત્તિને પણ શરૂ કરતો જોવામાં આવતો નથી. તો પછી, અત્યંત મોટી શરૂઆતવાળી પ્રવૃત્તિને તો કેમ જ શરૂ કરે? અને, આ લોક-પ્રસિદ્ધ અનુભવને સાબીત કરતી શ્રુતિ પણ છે, "આ સર્વ સર્વના હિત માટે પ્રિય થતું નથી પરંતુ (પોતાના) આત્માના હિત માટે, સર્વ પ્રિય થાય છે (બૃ. ૨. ૪. ૫.)." ઊંચી, નીચી (અનેક પ્રકારની) વિગતોવાળા જગદ્-બિમ્બની રચના કરવાની છે તે આ અત્યંત મહાન શરૂઆતવાળી પ્રવૃત્તિ છે. જો આ પણ પ્રવૃત્તિ, ચેતન પરમાત્માના પોતાના પ્રયોજનમાં ઉપયોગી કલ્પવામાં આવે તો પરમાત્માના શ્રુતિમાં કહેલા 'પરિતૃપ્તત્વ'નો બાધ થાય. નહિતર, પ્રયોજનના અભાવે, પ્રવૃત્તિનો પણ અભાવ થાય, હવે, ચેતન હોવા છતાં પણ જેમ ઉન્મત્ત, બુદ્ધિના અપરાધથી આત્મપ્રયોજન વગર જ પ્રવૃત્તિ કરતો જોવામાં આવે છે તેમ પરમાત્મા પણ પ્રવૃત્તિ કરશે એમ જો કહેવાય તો તેમ હોવાથી, પરમાત્માના શ્રુતિમાં કહેલા સર્વજ્ઞત્વનો બાધ થશે. તેથી, ચેતનમાંથી સૃષ્ટિ થાય છે તે મત અયોગ્ય છે.

" પરંતુ જેમ લોકમાં હોય છે તેમ, તે માત્ર લીલા જ હોઈ શકે " (૩૩).

'પરંતુ' શબ્દથી આક્ષેપનો પરિહાર કરે છે. જેમ લોકમાં, જેની ઇચ્છાઓ તૃપ્ત થયેલી છે તેવા કોઈ રાજાની કે રાજાના મંત્રીની, કોઇ વિશિષ્ટ પ્રયોજનને લક્ષ્યમાં રાખ્યા સિવાય, માત્ર લીલારૂપી પ્રવૃત્તિઓ ક્રીડાવિહારોમાં જોવામાં આવે છે, અને જેમ ઉચ્છ્વાસ, પ્રશ્વાસ, વગેરે કોઈક બાહ્ય પ્રયોજનને લક્ષમાં રાખ્યા વગર જ, સ્વભાવથી થાય છે, તે પ્રમાણે કોઇક અન્ય પ્રયોજનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લક્ષમાં રાખ્યા વગર જ, સ્વભાવથી જ, ઈશ્વરની માત્ર લીલારૂપી પ્રવૃત્તિ થશે. કારણ, ઈશ્વર માટે કોઇ અન્ય પ્રયોજન રજૂ કરાશે તો ન્યાયથી કે શ્રુતિથી તે શક્ય થશે નહીં. અને (કોઈના પણ) સ્વભાવ સામે વાંધો ઉઠાવી શકાશે નહીં, જો કે, આપણને આ જગદ્વિચિત્રની રચના અત્યંત મહાન કાર્ય જેવું લાગે છે તોપણ, અપરિમિત શક્તિ હોવાથી, પરમેશ્વરની તો આ માત્ર લીલા જ છે. જો કે કદાચ લોકમાં, રમતોમાં પણ કંઇક (સૂક્ષ્મ) પ્રયોજનની કલ્પના થઇ શકે છતાં અહીં તો, 'આપ્તકામ' શ્રુતિને કારણે, કંઇ પણ પ્રયોજનની કલ્પના કરવી શક્ય નથી. અને વળી, અપ્રવૃત્તિ કે ઉન્મત્તપ્રવૃત્તિ પણ નથી, કારણ સૃષ્ટિની અને સર્વજ્ઞ તરીકેની શ્રુતિઓ છે. (સૃષ્ટિશ્રુતિ હોવાથી 'અપ્રવૃત્તિ' નથી અને સર્વજ્ઞશ્રુતિ હોવાથી, 'ઉન્મત્તપ્રવૃત્તિ' પણ નથી.) અને, અવિદ્યા કલ્પિત નામરૂપ વ્યવહારને અનુલક્ષીને હોવાથી, અને તેનો આશય અદ્વૈતાત્મભાવ પ્રતિપાદન કરવાનો હોવાથી, આ સૃષ્ટિશ્રુતિ પરમાર્થ વિષયા નથી, એ પણ આપણે ન જ ભૂલવું જોઇએ.

અધિકરણ ૧૨-વૈષમ્યનૈર્ઘૃણ્યાધિકરણ

નક્કી કરેલ અર્થને દૃઢ કરવા માટે, સ્થૂણાનિખનનન્યાયથી ઈશ્વરના જગતના જન્માદિના હેતુ સામે ફરીથી આક્ષેપ કરે છે.

"(ઈશ્વરને) વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય(ના દોષો લાગશે) નહીં, કારણ (તે ધર્માધર્મ ઉપર) સાપેક્ષ છે. કારણ શ્રુતિ તે પ્રમાણે દર્શાવે છે" (૩૪).

ઈશ્વર જગતનું કારણ હોવાનું શક્ય નથી. શા માટે? વૈષમ્ય (વિષમતા) અને નૈર્ઘૃણ્ય (ક્રૂરતા)ના દોષોને કારણે. તે (ઈશ્વર) દેવો વગેરે કેટલાકને અત્યન્ત સુખ ભોગવનારા કરે છે, કેટલાક પશુઓ વગેરેને અત્યન્ત દુઃખ ભોગવતા કરે છે અને કેટલાક મધ્યમ ભોગ ભોગવતા મનુષ્યો વગેરેને બનાવે છે. આ પ્રમાણે વિષમ સૃષ્ટિની રચના કરતા ઈશ્વરને સામાન્ય માણસની જેમ, રાગદ્વેષ થવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકયતા છે. અને તેથી, શ્રુતિ અને સ્મૃતિમાં નક્કી થયેલ સ્વચ્છત્વ, વગેરે ઈશ્વરના સ્વભાવનો નાશ થવાનો દોષ આવશે. તે ઉપરાંત, (લોકોનો) દુઃખ સાથે યોગ કરવાથી (દુઃખ આપવાથી) અને (પ્રલયમાં) બધી પ્રજાઓના વિનાશથી, તેને (ઈશ્વરને) દુષ્ટજનોથી પણ નિંદાયેલું નિર્ઘૃણત્વ—અતિક્રૂરતા—નો દોષ લાગશે. તેથી, વૈષમ્ય અને નૈર્ઘૃણ્યના દોષને લીધે, ઈશ્વર (જગતનું) કારણ નથી. એમ કહેવાય તો અમે જવાબ આપીએ છીએ. 'ઈશ્વરને વૈષમ્ય અને નૈર્ઘૃણ્યના દોષો લાગશે નહીં. શા માટે? કારણ, તે સાપેક્ષ છે. જો માત્ર નિરપેક્ષ ઈશ્વર આ વિષમ સૃષ્ટિનું નિર્માણ કરે તો આ વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય દોષો તેને લાગે. પરંતુ નિરપેક્ષ ઈશ્વર જગતનો રચયિતા નથી. સાપેક્ષ (અન્ય ઉપર આધાર રાખતો) ઈશ્વર વિષમસૃષ્ટિની રચના કરે છે. 'તે શેની પર આધાર રાખે છે' એમ કહો તો, અમે કહીએ છીએ કે 'ધર્માધર્મ' પર તે આધાર રાખે છે. આથી ઉત્પન્ન થતાં પ્રાણીઓના ધર્મ અને અધર્મ પર આ વિષમ સૃષ્ટિ આધાર રાખે છે, તેથી આ ઈશ્વરનો અપરાધ નથી. પરંતુ ઈશ્વરને તો, પર્જન્યની જેમ માનવાનો છે. જેવી રીતે પર્જન્ય, ડાંગર, જવ, વગેરેની ઉત્પત્તિમાં સાધારણ કારણ બને છે પરંતુ ડાંગર-જવ વગેરેની વિષમતા(તફાવત)માં તો તે તે બીજમાં જ રહેલી અસાધારણ શક્તિઓ કારણરૂપ બને છે, તે પ્રમાણે દેવ, મનુષ્ય, વગેરેની સૃષ્ટિમાં ઈશ્વર સાધારણ કારણ હોય છે પરંતુ દેવ, મનુષ્ય, વગેરેની વિષમતામાં તો, તે તે જીવમાં જ રહેલાં અસાધારણ કર્મો કારણરૂપ બને છે. આ પ્રમાણે ઈશ્વર સાપેક્ષ હોવાથી, વૈષમ્ય અને નૈર્ઘૃણ્યના દોષોથી દૂષિત થતો નથી. એમ કઈ રીતે જાણ્યું કે નીચ, મધ્યમ અને ઉત્તમ પ્રકારના સંસારની રચના ઈશ્વર સાપેક્ષ રહીને કરે છે? કારણકે, તે પ્રમાણે શ્રુતિ દર્શાવે છે: "આ લોકોમાંથી જેને ઊંચે લઈ જવાની તેને ઇચ્છા હોય તેને આ જ ખરેખર સારા કર્મો કરાવે છે અને જેને નીચે લઈ જવાની ઇચ્છા હોય તેને આ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરાબ કર્મો કરાવે છે (કૌ. બ્રા. ૩. ૮.),” અને “ પુણ્યકર્મથી (માણસ) પુણ્યશાળી થાય છે અને પાપકર્મથી પાપી થાય છે (બૃ. ૩, ૨, ૧૩.).” સ્મૃતિ પણ, ઈશ્વરનાં અનુગ્રહ(કૃપા) અને નિગ્રહ (શિક્ષા) પણ પ્રાણીઓનાં કર્મવિશેષને આધારે છે તેમ કહે છે, “ જેઓ જેવી રીતે મારે શરણે આવે છે તેમને તેવી રીતે હું ભજું છું. (ભ. ગી. ૪, ૧૧).”

“ (પ્રથમ સૃષ્ટિની પહેલાં, શરીરાદિનો) વિભાગ ન હોવાથી, કર્મ નહીં હોય એમ જો કહો તો, ના, (સંસાર) અનાદિ હોવાથી (તે શક્ય છે).” (૩૫).

“ હે સૌમ્ય, આ શરૂઆતમાં એક અને અદ્વિતીય સત્ જ હતું (છા. ૬. ૨. ૧.)” એમ સૃષ્ટિ પહેલાં વિભાગ ન હોવાનું નક્કી થયેલું હોવાથી, જેની પર આધાર રાખીને વિષમ સૃષ્ટિ (ની રચના) થઈ શકે તેવું કર્મ ન હોઈ શકે. શરીરાદિ વિભાગ પર આધાર રાખતું કર્મ સૃષ્ટિની પછીને જ સમયે છે અને શરીરાદિ વિભાગ કર્મ પર આધાર રાખે છે તેથી ‘ ઇતરેતરાશ્રયત્વ ’નો દોષ ઉપસ્થિત થશે. તેથી કર્મ પર આધાર રાખતો ઈશ્વર, વિભાગ પછી જ ભલે પ્રવૃત્તિ કરે, પરંતુ વિભાગ પહેલાં તો, વૈચિત્ર્યના કારણરૂપ કર્મનો અભાવ હોવાથી પ્રથમ સૃષ્ટિ તો સમાન જ થશે ’—એમ જો કહો તો, આ દોષ નથી, કારણ સંસાર અનાદિ હોવાથી. જો સંસાર આદિ-યુક્ત હોય તો આ દોષ થાય. પરંતુ સંસાર અનાદિ હોવાથી, બીજ અને અંકુરની જેમ, કર્મ અને ઉત્પત્તિની વિષમતાના કાર્યકારણભાવથી પ્રવૃત્તિમાં વિરોધ આવતો નથી.

પરંતુ, આ સંસાર અનાદિ છે તેમ કઈ રીતે જાણ્યું ? તેથી જવાબ આપે છે :—

“ (સંસારનું અનાદિત્વ દલીલોથી) શક્ય થાય છે અને વળી (શ્રુતિસ્મૃતિમાં પણ) તે જોવામાં આવે છે” (૩૬).

સંસારનું અનાદિત્વ દલીલોથી શક્ય છે. કારણ સંસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરૂઆતવાળો હોય તો, એકાએક ઉત્પત્તિ થતાં, મુક્તોની પણ ફરીથી સંસારમાં ઉત્પત્તિ થવાનો દોષ આવશે. અને સુખદુઃખાદિ વિષમતાનું કોઈ કારણ નહીં હોવાથી, ' અકૃતાભ્યાગમ 'નો (નહીં કરેલા દોષોનાં ફળ અનુભવવાનો) દોષ આવશે. ઈશ્વર વિષમતાનું કારણ હોઇ શકે નહીં તે કહેવાયું. અને એકરૂપ હોવાથી કેવળ અવિદ્યા (પણ) વૈષમ્યનું કારણ બની શકે નહીં. પરંતુ રાગાદિ ક્લેશોની વાસનાથી પ્રેરાયેલાં કર્મો પર આધાર રાખતી અવિદ્યા આ વૈષમ્ય ઉત્પન્ન કરનારી થઇ શકે. પરંતુ, કર્મ વગર શરીર શક્ય નથી અને શરીર વગર કર્મ શક્ય નથી. તેથી ઇતરેતરાશ્રય દોષ થશે. પરંતુ જો (સંસાર) અનાદિ હોય તો, બીજ અને અંકુરના ન્યાયથી આ શક્ય થશે અને તેથી કોઈ દોષ રહેશે નહીં. શ્રુતિ અને સ્મૃતિમાં સંસારનું અનાદિત્વ જોવામાં આવે છે. હવે શ્રુતિમાં તો, " આ જીવ-આત્માથી (છા. ૬. ૩. ૨.)" એમ ઉત્પત્તિની શરૂઆતમાં (પહેલાં) જ શારીર-આત્માને પ્રાણુધારણના કારણરૂપ 'જીવ' શબ્દથી નિર્દેશ કરતી શ્રુતિ, સંસાર અનાદિ છે તેમ દર્શાવે છે. જો સંસાર આદિવાળો હોય તો, ઉત્પત્તિની શરૂઆતમાં પહેલાં નહીં ધારણ કરાયેલ પ્રાણવાળો હોવા છતાં, પ્રાણધારણના કારણરૂપ જીવ શબ્દથી, તેનો શા માટે નિર્દેશ કરવામાં આવે ? (ભવિષ્યમાં) તે પ્રાણ ધારણ કરશે એમ માનીને તે નિર્દેશ ન હોઇ શકે. કારણ અભિનિષ્પન્ન (સિદ્ધ) હોવાથી ભૂતકાળનો સંબંધ અનાગત (ભવિષ્યના) સંબંધ કરતાં બળવાન હોય છે. " વિધાતાએ સૂર્ય અને ચંદ્રને પહેલાંની જેમ જ રચ્યા (ઋ. સં. ૧૦, ૧૯૦. ૩.)" એમ મંત્ર(સંહિતા)ના શબ્દો પણ પહેલાંના કલ્પનું અસ્તિત્વ દર્શાવે છે. " અહીં તેનું રૂપ તે પ્રમાણે જણાતું નથી, અંત નહીં, આદિ નહીં અને સ્થિતિ પણ નહીં(ગીતા ૧૫. ૩)", એમ સ્મૃતિમાં પણ સંસારનું અનાદિત્વ જોવા મળે છે. ભૂતકાળનાં અને ભવિષ્યનાં કલ્પોનું કોઇ પરિમાણ (માપ) નથી તેમ પુરાણમાં નક્કી થયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધિકરણ ૧૩–સર્વધર્મોપપત્ત્યધિકરણ

ચેતન બ્રહ્મ જગતનું કારણ અને પ્રકૃતિ છે એ નક્કી થયેલ વેદાર્થમાં વિરોધીઓએ બતાવેલા 'વિલક્ષણત્વ' વગેરે દોષોનો આચાર્યે પરિહાર કર્યો. હવે સામા પક્ષનો પ્રતિષેધ જેમાં મુખ્ય છે તેવું પ્રકરણ શરૂ કરવા ઇચ્છતા આચાર્ય, સ્વપક્ષનો સ્વીકાર જેમાં મુખ્ય છે તેવું પ્રકરણ સમાપ્ત કરે છે.

"અને સર્વ (કારણ)ધર્મોની (બ્રહ્મમાં) શક્યતા હોવાથી પણ" (૩૭).

જેથી આ બ્રહ્મને કારણ તરીકે સ્વીકારવાથી, ઉપર કહેલ પ્રકારે, બધા કારણ ધર્મો શક્ય બને છે, જેમકે 'બ્રહ્મ સર્વજ્ઞ, સર્વશક્તિ અને મહામાય છે,—તેથી આ ઔપનિષદ દર્શન વિષે જરા પણ વાંધો ઉઠાવી શકાય તેમ નથી (સર્વધર્મોપપત્ત્યધિકરણ સમાપ્ત).

ઇતિશ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યગોવિન્દભગવત્પૂજ્યપાદશિષ્ય-શ્રીમત્ શંકરાચાર્યભગવદ્વિરચિતશારીરકમીમાંસાભાષ્યમાં બીજા અધ્યાયનો પહેલો પાદ સમાપ્ત.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીશાંકરભાષ્ય ૨. ૧ (સ્મૃતિપાદ)

ટિપ્પણ

શ્રીમદ્ શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન સમજવા માટે બ્રહ્મસૂત્ર પરના શાંકરભાષ્યમાં ચતુઃસૂત્રી, સ્મૃતિપાદ અને તર્કપાદ મહત્ત્વના છે. આ ત્રણેમાં પણ સ્મૃતિપાદને વિશિષ્ટ સ્થાન છે, કારણ તેમાં શાંકરવેદાન્તના સિદ્ધાન્તો સામે પૂર્વપક્ષીઓએ ઉપસ્થિત કરેલ મુદ્દાઓનું વિસ્તારપૂર્વક ખંડન કરવામાં આવ્યું છે. તે સાથે, અમુક, અમુક સૂત્રોમાં, શ્રી શંકરાચાર્યે સૂત્રાર્થથી આગળ જઈને પણ પોતાના સિદ્ધાન્તોની વિશદ છણાવટ કરવાની તક ઝડપી લીધી છે. શ્રી શંકરાચાર્યના ભાષ્ય પ્રમાણે, આ સ્મૃતિપાદમાં કુલ ૧૩ અધિકરણો છે. આપણે ક્રમપૂર્વક દરેક અધિકરણની તથા સૂત્રની ચર્ચા અહીં સંક્ષેપમાં કરીશું, કારણ ભાષાંતરમાં પણ આપણે શક્ય તેટલા સ્થળે શબ્દો, વાક્યો અને વિચારોને સ્પષ્ટ કરતી નોંધ આપેલી છે.

સ્મૃતિપાદનું પ્રથમ અધિકરણ 'સ્મૃત્યધિકરણ' છે જે પ્રથમ બે સૂત્રોનું છે. અમુક સ્મૃતિઓને બળે, પૂર્વપક્ષી બ્રહ્મના જગત્કારણત્વ પર આક્ષેપ કરે છે. પરમર્ષિ કપિલપ્રણીત સાંખ્યશાસ્ત્રમાં અચેતન પ્રધાન સ્વતંત્રરીતે જગતનું કારણ છે તેમ કહ્યું છે, કપિલઋષિના અસામાન્ય અને દિવ્ય જ્ઞાન વિષે શાસ્ત્રમાં જ કથન છે.

'તંત્ર નામની સ્મૃતિ'—કપિલરચિત સાંખ્યશાસ્ત્ર (ભાષાંતરમાં પૃષ્ટ ૨, પંક્તિ ૪ માં સાંખ્યશાસ્ત્રને બદલે શાંખાયનશાસ્ત્ર ભૂલથી છપાયેલ છે.) 'તંત્ર' નામનો કોઈ વિશિષ્ટ ગ્રંથ હશે તેવું પણ અનુમાન થઈ શકે છે. આ તંત્ર નામના ગ્રંથનો પંચશિખે વિસ્તાર કર્યો હતો એમ ઈશ્વરકૃષ્ણરચિત સાંખ્યકારિકા (૭૦) માં નિર્દેશ છે. 'ષષ્ઠિતન્ત્ર' નામની કૃતિનો ઉલ્લેખ પણ આ સાંખ્યકારિકા (૭૨) માં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ઈશ્વરકૃષ્ણ જણાવે છે કે તેણે રજૂ કરેલી ૭૦ કારિકાઓમાં જે વિષયો છે તે સંપૂર્ણ 'ષષ્ઠિતન્ત્ર'માં છે. ડૉ. શાહર એ ષષ્ઠિતન્ત્ર હશે તેમ માને છે–એક ગદ્યમાં અને બીજું પદ્યમાં. શ્રી શંકરાચાર્ય પાસે, કપિલરચિત સાંખ્યશાસ્ત્ર–સાંખ્યપ્રવચન સૂત્ર–ને બદલે 'તંત્ર' નામની કોઈ વિશિષ્ટ કૃતિ કે કૃતિઓ હશે તેમ અનુમાન થઈ શકે.

કપિલરચિતસાંખ્યસ્મૃતિને 'અનવકાશ' (સ્થાન—અપ્રાપ્તિ) દોષ લાગવાથી, બ્રહ્મ જગતનું કારણ થઈ શકશે નહીં તેવો આક્ષેપ પૂર્વપક્ષી કરે છે. સિદ્ધાન્તી આનો જવાબ આપે છે કે જો અચેતન પ્રધાનને જગતનું કારણ માનીએ, તો બીજી(અન્ય) સ્મૃતિઓનો 'અનવકાશ-દોષ' લાગશે, કારણ ગીતા, મહાભારત, ઇ. અન્ય સ્મૃતિઓ બ્રહ્મ અથવા ઈશ્વરને જગતનું કારણ સ્પષ્ટરીતે કહે છે.

આ રીતે સ્મૃતિઓનો જ્યારે એકબીજા સાથે વિરોધ હોય ત્યારે, શ્રુતિઓને અનુસરતી જ સ્મૃતિઓ પ્રમાણ છે, અન્ય નહીં. આના સંદર્ભમાં, શ્રી. શંકરાચાર્ય પૂર્વમીમાંસાના પ્રમાણલક્ષણ-અધ્યાયમાંથી એક અવતરણ ટાંકે છે. "(શ્રુતિ અને સ્મૃતિનો) વિરોધ હોય ત્યારે (સ્મૃતિની) દરકાર ન કરવી. (જો કોઈ સ્મૃતિ માટે તેવી શ્રુતિ) ન મળતી હોય તો (તેવી શ્રુતિ હશે તેમ) અનુમાન કરવું. (જૈ. સૂ. ૧. ૨. ૩.)."

વળી, કપિલના જ્ઞાનાતિશયને પ્રદર્શિત કરતી જે શ્રુતિ પૂર્વપક્ષે ટાંકી છે તેમાં 'કપિલ' એવો જ માત્ર નામનિર્દેશ છે. આટલાથી, તે કયા કપિલ માટે હશે તેમ ચોક્કસપણે કહી શકાય નહીં. કારણ એકથી વધારે 'કપિલ' સ્મૃતિઓમાં છે. માટે (શ્રુતિકથિત) ઈશ્વરકારણવાદમાં માનતી સ્મૃતિઓને જ પ્રમાણ માનવી જોઈએ, અન્યને નહીં. આમ કરવાથી, સ્મૃત્યનવકાશદોષ લાગશે નહીં.

બીજા સૂત્રમાં, સ્મૃત્યનવકાશદોષ ન લાગવાનું એક બીજું કારણ સૂત્રકાર આપે છે : "અને બીજા (તત્ત્વો)ની અનુપલબ્ધિથી" (૨).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રધાનના પરિણામ તરીકે, સાંખ્યોએ જે મહત્, વગેરેની કલ્પના કરી છે તે વેદમાં કે લોકમાં કયાંય પણ પ્રાપ્ત થતા નથી. કાર્ય–સ્મૃતિનું અપ્રામાણ્ય બતાવીને સૂત્રકાર, કારણ–સ્મૃતિનું (મહદાદિનું કારણ–પ્રકૃતિ–અંગેની સ્મૃતિનું) અપ્રામાણ્ય સિદ્ધ કરે છે.

આ સૂત્ર (બ્ર. સૂ. ૨. ૧. ૨.)નો અર્થ જુદા જુદા ટીકાકારોએ જુદો જુદો કર્યો છે. શંકર, વલ્લભ અને ભાસ્કરે 'બીજાની અનુપલબ્ધિ' એટલે 'સાંખ્યશાસ્ત્રના મહત્, વ. બીજાં' તત્ત્વોની અનુપલબ્ધિ એવો અર્થ કર્યો છે જ્યારે રામાનુજ, નિમ્બાર્ક અને શ્રીકંઠે 'મનુ, વ. સ્મૃતિકારોની સાંખ્યમતની અસ્વીકૃતિ' એમ સમજાવ્યું છે. ડો. બેલવેલકર માને છે કે 'બીજાઓ'નો અર્થ (૧) 'સ્મૃતિઓ' અથવા (૨) 'દોષો' એમ કરવો જોઇએ. પરંતુ (તેઓશ્રી ઉમેરે છે કે) પહેલો અર્થ વ્યાકરણની દૃષ્ટિએ યોગ્ય નથી. બીજા અર્થ પ્રમાણે, સૂત્રનો અર્થ "(વેદાન્તમત સામે) સાંખ્યોએ ઉપસ્થિત કરેલ બીજા દોષો પ્રાપ્ત થશે નહીં," એમ થાય. ડો. બેલવેલકર કહે છે તેમ આ અત્યંત મારીમચડીને કાઢેલ અર્થ છે તેમ સહેજે જણાય છે.

બીજું અધિકરણ 'યોગપ્રત્યુક્તત્વાધિકરણ' છે, જે એકજ સૂત્ર (૩)નું છે. ઉપરના સાંખ્યસ્મૃતિનાં ખંડનથી યોગસ્મૃતિનું ખંડન પણ થઈ જાય છે તેવો અતિદેશ આ અધિકરણમાં સૂત્રકાર કરે છે. યોગમાં પણ અચેતન પ્રધાનને જગતના કારણ તરીકે અને મહત્ વ.ને તેનાં કાર્ય તરીકે માનવામાં આવ્યાં છે. જો કે, યોગસ્મૃતિનો અમુક ભાગ–યોગવિધાન, ઇ, સિદ્ધાન્તપક્ષે પણ માન્ય રખાયો છે તેમજ યોગ અંગેનાં અનેક વૈદિક ચિહ્નો પણ જોવા મળે છે છતાં 'અર્થ'નો અમુક ભાગ સ્વીકારેલ હોવાથી, અષ્ટકાદિસ્મૃતિની જેમ યોગસ્મૃતિ પણ સ્વીકૃત થશે એવી શંકા થાય તે સ્વાભાવિક છે. તેવી શંકાનું નિવારણ સૂત્રકાર આ અતિદેશથી કરે છે; કારણ, યોગસ્મૃતિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થના અમુક ભાગનો સ્વીકાર થયો હોવા છતાં, તેના અમુક ભાગનો (અને ઘણા જ મહત્ત્વના ભાગનો) સિદ્ધાન્તીને વિરોધ છે જ.

અષ્ટકાદિસ્મૃતિઃ—ડૉ. પોલ ડૉઇસને 'અષ્ટકાદિસ્મૃતિ'નો અર્થ ભૂલથી 'પાણિનિની અષ્ટાધ્યાયી' એમ કર્યો છે. માગશર માસની પૂનમ પછી આવતી કૃષ્ણપક્ષની ત્રણ આઠમને દિવસે પિતૃઓને જે શ્રાદ્ધ અપાય છે તેને 'અષ્ટકા' કહે છે. મનુસ્મૃતિમાં ૪. ૧૫૦માં તેનો નિર્દેશ છે. આ અષ્ટકા-શ્રાદ્ધ અંગે વેદમાં કોઈ વિધિ કે નિષેધ નથી; માત્ર સ્મૃતિઓમાં તેનો નિર્દેશ છે. આ સ્મૃતિનિર્દેશને બળે, અષ્ટકા અંગેના શ્રુતિવિધાનની કલ્પના કરી શકાય છે. અષ્ટકાદિસ્મૃતિનો 'અનપવદનીયત્વ'નું આ દૃષ્ટાન્ત યોગસ્મૃતિને લાગુ પાડી શકાશે નહીં, એમ શ્રી શાંકરાચાર્ય જણાવે છે.

અધ્યાત્મકવિષયક ઘણી સ્મૃતિઓ હોવા છતાં, સાંખ્ય અને યોગ-સ્મૃતિનાં જ ખંડનનો સૂત્રકારે આગ્રહ રાખ્યો છે, કારણ આ બંને સ્મૃતિઓ લોકોમાં પરમપુરુષાર્થના સાધન તરીકે જાણીતી છે, શિષ્ટોથી સ્વીકારાયેલી છે અને કેટલાંક વૈદિક ચિહ્નોથી યુક્ત પણ છે. અન્ય સ્થળે (બ્ર. સૂ. ૨. ૧. ૧૨.) શ્રી શાંકરાચાર્ય સાંખ્યને 'પ્રધાનમલ્લ' જણાવીને, અન્ય મતોના ખંડન માટે સાંખ્યના ખંડનનો 'પ્રધાનમલ્લનિબર્હણન્યાય'થી અતિદેશ કરે છે. જેમ મુખ્ય મલ્લને હરાવવાથી અન્ય (તેનાથી ઓછી શક્તિવાળા અથવા તેનાથી હારેલા) મલ્લો આપોઆપ હાર પામે, તેમ સાંખ્યનું ખંડન કર્યા પછી, અન્ય મતોના ખંડનની આવશ્યકતા જ રહેતી નથી, તેમ શ્રી શાંકરાચાર્ય માને છે, વાસ્તવમાં તો વેદથી નિરપેક્ષ સાંખ્યજ્ઞાન કે યોગજ્ઞાનથી મુક્તિ નથી. આ સાંખ્યયોગમતાનુયાયીઓ તો દ્વૈતીઓ છે, આત્માના એકત્વમાં માનતા નથી, જ્યારે શ્રુતિ (ઋ્વે. ૬. ૧૩.) તો આત્માના એકત્વના જ્ઞાન સિવાય મોક્ષપ્રાપ્તિ શક્ય નથી એમ સ્પષ્ટ જણાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ પહેલા બે અધિકરણોમાં સૂત્રકારે, બ્રહ્મના જગત્કારણત્વ સામેના, સ્મૃતિ પર આધારિત, આક્ષેપનો પરિહાર કર્યો. ત્રીજા વિલક્ષણત્વાધિકરણમાં સૂત્રકાર, બ્રહ્મના જગત્કારણત્વ સામેના તર્ક પર આધારિત આક્ષેપનો જવાબ આપે છે. આ અધિકરણ સૂત્રો ૪ થી ૧૧ એમ આઠ સૂત્રોનું બનેલું છે.

પૂર્વપક્ષી દલીલ કરે છે કે, બ્રહ્મ જગતથી વિલક્ષણ હોવાથી, જગતનું કારણ થઇ શકે નહીં. બ્રહ્મ ચેતન અને શુદ્ધ છે જ્યારે જગત અચેતન અને અશુદ્ધ છે. કારણ અને કાર્ય—બંને, એકબીજાથી વિલક્ષણ હોય ત્યારે, તેમની વચ્ચે પ્રકૃતિવિકારભાવ (કાર્યકારણભાવ) સંભવી શકે નહીં. માટીનું કોડિયું સુવર્ણરૂપી પ્રકૃતિમાંથી કે સોનાનો હાર માટીમાંથી બની શકે નહીં. તે જ પ્રમાણે, આ સુખદુઃખ-મોહાત્મક અચેતન અશુદ્ધ જગત, કોઇ તેવા જ પ્રકારના કારણનું કાર્ય હોવું જોઇએ, તેનાથી વિલક્ષણ પ્રકારના બ્રહ્મનું નહીં.

અહીં પૂર્વપક્ષી એક એવા પૂર્વપક્ષ(મત)ની કલ્પના કરે છે જે શ્રીમદ્ વલ્લભાચાર્યના ચૈતન્યના આવિર્ભાવતિરોભાવવાદને મળતો આવે છે. શ્રી વલ્લભાચાર્ય માને છે કે જગત પણ બ્રહ્મસ્વરૂપ જ છે, પરંતુ બ્રહ્મના ચિત્ અને આનંદ અંશો જગત્સ્વરૂપે તિરોહિત થયેલા હોય છે. પૂર્વપક્ષીએ રજૂ કરેલો આ મત પણ સમસ્ત જગતને ચેતન સમજે છે અને કોઇ વિશિષ્ટ પ્રકારના પરિણામને કારણે, કાર્યજગતમાં ચૈતન્યનું અવિર્ભાવન (તિરોભાવ) થયેલ માને છે. જેમ સ્પષ્ટ ચૈતન્યવાળા આત્માઓનું ચૈતન્ય નિદ્રા, મૂર્ચ્છા વ. અવસ્થાઓમાં પ્રગટ થતું નથી તેમ કાષ્ઠ, લોષ્ટ. વ.નું ચૈતન્ય પણ પ્રગટ થશે નહીં, તેમ આ મત માને છે. આ પ્રમાણે, શ્રી વલ્લભાચાર્યના આવિર્ભાવ–તિરોભાવ મતને મહદંશે મળતો આવે તેવો મત શ્રી શંકરાચાર્યના સમય પહેલાં પણ જાણીતો હતો તેમ આ ઉપરથી સ્પષ્ટ જણાય છે. અલબત્ત, પૂર્વપક્ષી આ મતને ઉચિત જવાબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે છે. તે કહે છે તેમ આ પ્રમાણે માનવાથી કદાચ, ચેતનત્વ અને અચેતનત્વ રૂપી વિલક્ષણત્વ દૂર થશે, પરંતુ (કારણની) શુદ્ધિ અને (કાર્યની) અશુદ્ધિથી થયેલ વિલક્ષણત્વ તો દૂર નહીં જ થાય.

અને, પ્રથમ કહેલ (ચેતન–અચેતનત્વ રૂપી) વિલક્ષણત્વ પણ દૂર નહીં જ થાય. કારણ શ્રુતિ જ 'વિજ્ઞાન અને અવિજ્ઞાન' (તૈ.૨.૬.) કહીને, જગતના કોઇ એક વિભાગની અચેતનતા કહીને, ચેતનબ્રહ્મથી વિલક્ષણ અચેતન જગત છે તેમ કહે છે.

પરંતુ આ પૂર્વપક્ષ સામે કોઇ દલીલ કરે કે "માટી બોલી, પાણી બોલ્યાં," એમ અચેતન ભૂતો અને ઇન્દ્રિયોનું ચેતનત્વ શ્રુતિ જ જણાવે છે ! ભૂતો અને ઇન્દ્રિયોનું ચેતનત્વ સિદ્ધ કરતી આવી અન્ય શ્રુતિઓ પણ છે. તો પછી, તેમને અચેતન કેમ કહેવાય ? પૂર્વપક્ષી તેનો પરિહાર પાંચમાં સૂત્ર દ્વારા કરે છે. " વિશેષ અને અનુગતિ દ્વારા(જણાય છે કે આ અચેતન ભૂતો અને ઇન્દ્રિયોના) અભિમાની દેવતાઓનો નિર્દેશ છે." 'માટી બોલી' વ. શ્રુતિથી તેમનાં ચેતનત્વની શંકા કરવાની જરૂર નથી, કારણ અહીં તેમના અભિમાની દેવતાઓનો નિર્દેશ છે, ભૂતો કે ઇન્દ્રિયોનો નહીં. પ્રાણસંવાદમાં તો, ઇન્દ્રિયોની શંકા દૂર કરવા માટે અને ચેતન અધિષ્ઠાતાના સ્વીકાર માટે શ્રુતિ 'દેવતા' શબ્દથી વિશેષરીતે જણાવે છે :– "આ દેવતાઓ પોતાની શ્રેષ્ઠતા માટે વિવાદ કરતા (કૌ. ૨. ૧૪)." ભૂતો અને ઇન્દ્રિયો સાથે સર્વત્રથળે તેમના અભિમાની દેવતાઓ રહેલ છે તે મન્ત્ર, અર્થવાદ ઇ. પરથી જણાય છે. "અગ્નિ વાણી બનીને, મુખમાં પ્રવેશ્યો (ઐ. આ. ૨.૪.૨૪)" વ. શ્રુતિ ઇન્દ્રિયોમાં અનુગ્રાહક થયેલી દેવતાને તેની સાથે રહેલી (અનુમત) બતાવે છે. શ્રી શંકરાચાર્યે આ સૂત્રના 'વિશેષ' શબ્દને બે રીતે સમજાવ્યો જણાય છે : (૧) (ભોક્તૃ અને ભોગ્ય વચ્ચેનો) ભેદ અને (૨) (દેવતાશબ્દથી) વિશિષ્ટ નિર્દેશ. આમ જગત બ્રહ્મથી વિલક્ષણ હોવાથી, બ્રહ્મનું કાર્ય હોઇ શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહીં તેવો આક્ષેપ પૂર્વપક્ષી કરે છે. આ આક્ષેપનો જવાબ સૂત્રકાર છઠ્ઠા સૂત્રમાં આપે છે "પરંતુ દેખાય છે" (૬).

વિલક્ષણોત્પત્તિ લોકમાં દેખાય છે! લોકમાં, ચેતન તરીકે પ્રસિદ્ધ થયેલ પુરુષમાંથી વિલક્ષણ કેશનખાદિની ઉત્પત્તિ અને અચેતન તરીકે જાણીતા ગોમય(છાણ)માંથી ચેતન વૃશ્ચિક(વીંછી), વ.ની ઉત્પત્તિ દેખાય છે. અને જેમ, ગોમયાદિનો પાર્થિવત્વ (પૃથિવીતત્ત્વ) આદિ સ્વભાવ વૃશ્ચિકાદિમાં ઊતરી આવ્યો છે તેમ બ્રહ્મનો પણ સત્તાલક્ષણ સ્વભાવ આકાશાદિમાં ઊતરી આવ્યો છે. વળી, અત્યંત સાદૃશ્ય હોય તો તો પ્રકૃતિવિકારભાવ જ ન બને! આ 'વિલક્ષણત્વ' તે (૧) સંપૂર્ણ બ્રહ્મસ્વભાવનું કાર્યમાં ન ઊતરી આવવું અથવા (૨) બ્રહ્મસ્વભાવના અમુક ભાગનું કે (૩) ચૈતન્યનું કાર્યમાં ન હોવું તે છે કે કેમ તે પૂર્વપક્ષી સમજાવી શકશે નહીં. વળી, શાસ્ત્રવિરોધ તો પ્રસિદ્ધ જ છે, કારણ શાસ્ત્રમાં ચેતન બ્રહ્મને જગતનું કારણ કહ્યું છે.

અનુષ્ઠેય રૂપ ધર્મથી બ્રહ્મ જુદા પ્રકારનું-પરિનિષ્પન્ન સ્વરૂપ-હોવાથી, તેમાં અન્ય પ્રમાણોને અવકાશ છે તેમ પૂર્વપક્ષીની દલીલ હતી. તેનો પણ જવાબ એ છે કે, રૂપ ઇ.નો અભાવ હોવાથી બ્રહ્મ પ્રત્યક્ષગોચર નથી, તેમજ લિંગ (હેતુ) ઇ.ના અભાવથી તે અનુમાનગમ્ય પણ નથી. ધર્મની જેમ બ્રહ્મ પણ માત્ર શાસ્ત્રથી જ જાણી શકાય છે. તેથી તર્કને અહીં જરાપણ સ્થાન નથી. બ્રહ્મ અંગેનું જ્ઞાન અન્ય પ્રમાણો કે તર્ક દ્વારા મળી શકે નહીં પરંતુ શાસ્ત્ર દ્વારા જ મળી શકે, એમ શ્રુતિસ્મૃતિ સ્પષ્ટ રીતે કહે છે.

જે (મત) ચેતનકારણ શ્રુતિમાં કહ્યું હોવાથી સમસ્ત જગતની ચેતનતાની કલ્પના કરે છે તે, ચેતન અને અચેતનના વિભાગની શ્રુતિ-'વિજ્ઞાન અને અવિજ્ઞાન'-ને, ચૈતન્યની વિભાવના અને અવિભાવના દ્વારા સમજાવી શકશે. પરંતુ સાંખ્યપૂર્વપક્ષી આ 'વિભાગ'-શ્રુતિને સમજાવી શકશે નહીં. કારણ (સાંખ્યપૂર્વપક્ષી વેદાન્તી સામે કહે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ) જેમ ચેતન કારણનો અચેતનભાવ શકય નથી તે જ પ્રમાણે, અચેતન(પ્રધાન)નો ચેતનભાવ પણ શકય નથી જ !

સાતમા સૂત્રમાં, ઉત્પત્તિ પહેલાં કાર્ય 'અસત્' થવાની શંકા બતાવીને, તેનો પરિહાર કર્યો છે. જો શુદ્ધ, ચેતન, શબ્દાદિહીન બ્રહ્મ તેનાથી વિપરીત અશુદ્ધ, અચેતન, શબ્દાદિ સહિતના કાર્યનું કારણ હોય તો, ઉત્પત્તિ પહેલાં કાર્યનું અસ્તિત્વ નહીં હોવાનો-કાર્ય 'અસત્' થવાનો, દોષ લાગશે. સત્કાર્યવાદમાં માનતા વેદાન્તી માટે આ અનિષ્ટરૂપ થાય. આ શંકાનું સમાધાન આ સૂત્રના જ ઉત્તરાર્દ્ધમાં છે કે "માત્ર પ્રતિષેધ હોવાથી (તેમ નથી)." આ માત્ર પ્રતિષેધ જ છે, આ પ્રતિષેધનું પ્રતિષેધ્ય નથી. કેમકે, આ પ્રતિષેધ ઉત્પત્તિ પહેલાં કાર્યના અસ્તિત્વનો પ્રતિષેધ કરવા શકિતમાન નથી, કારણ જેમ અત્યારે પણ કાર્ય કારણ રૂપે જ સત્ છે તેમ ઉત્પત્તિ પહેલાં પણ તે કારણરૂપે જ સત્ છે, એમ શ્રુતિ (બૃ.૨.૪.૬.) દ્વારા સમજાય છે. આ પ્રશ્નની—કાર્યકારણના અનન્યત્વની-વિશેષ ચર્ચા સિદ્ધાન્તી 'આરમ્ભણાધિકરણ'માં કરશે.

આઠમા સૂત્રમાં પ્રલયને લક્ષમાં રાખીને, પૂર્વપક્ષી બ્રહ્મના જગત્કારણવાદ સામે આક્ષેપ કરે છે. પ્રલય સમયે કારણમાં વિલીન થતું (સ્થૂલ-સાવયવ-અચેતન-પરિચ્છિન્ન ઇ. ગુણોવાળું) કાર્ય કારણ સાથે અવિભાગ પામીને, તેને પોતાના ધર્મોથી દૂષિત કરશે એવી શંકા ઉઠાવાઈ છે. આ શંકાનો ઉત્તર, સૂત્રકારે પછીના (નવમા) સૂત્રમાં આપ્યો છે. કારણમાં લીન થતાં કાર્યો કારણને પોતાના ધર્મોથી દૂષિત કરતા નથી એવાં દૃષ્ટાન્તો છે. માટીમાંથી બનેલ શરાવ, આદિ વિકારો જ્યારે ફરીથી પ્રકૃતિ(માટી)માં લીન થાય છે ત્યારે તેને પોતાના ધર્મથી દૂષિત કરતા નથી. હાર, વ. સુવર્ણના વિકારો પણ જ્યારે સુવર્ણમાં ભળી જાય છે ત્યારે સુવર્ણને પોતપોતાના ધર્મો વડે દૂષિત કરતા નથી. આ રીતે જગત પણ પ્રલયાવસ્થામાં બ્રહ્મને દૂષિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી શકશે નહીં. અને વળી, કાર્ય જો પોતાના ધર્મો સાથે જ, કારણમાં રહે તો તેને અપીતિ(લય) જ ન કહી શકાય !

વસ્તુતઃ તો, કાર્ય–કારણનું અનન્યત્વ છે જેની ચર્ચા વિસ્તારથી બ્ર.સૂ.૨.૧.૧૪માં થશે. શ્રુતિઓ પણ કોઈ પણ પ્રકારના વિશેષ વગર ત્રણે કાળમાં, કાર્યથી કારણનું અનન્યત્વ જણાવે છે. આ અનન્યત્વ તે કાર્યનું કારણાત્મત્વ, કારણનું કાર્યાત્મત્વ નહીં. કાર્ય અને તેના ધર્મો અવિદ્યાથી અધ્યારોપિત થયેલ હોવાથી, તેઓ વડે કારણ દૂષિત થતું નથી. માયા અવસ્તુ હોવાથી, પોતે ફેલાવેલી માયાથી જેમ માયાવી ત્રણે કાળમાં સ્પર્શાતો (ખરડાતો) નથી તેમ, સંસારમાયા વડે પરમાત્માને પણ સ્પર્શ થતો નથી

પૂર્વપક્ષીના પોતાના મતમાં પણ આ બધા દોષો છે તેમ સૂત્રકાર દસમા સૂત્રમાં જણાવે છે. વિલક્ષણત્વની દલીલ આગળ કરી, બ્રહ્મ જગતનું કારણ હોઇ શકે નહીં તેમ જે પૂર્વપક્ષો કહે છે તે જ, શબ્દાદિહીન પ્રધાનમાંથી શબ્દાદિવાળા જગતની ઉત્પત્તિ માને છે ! આમ, વિલક્ષણ કાર્યની ઉત્પત્તિ માનવાથી, ઉત્પત્તિ પહેલાં કાર્ય ન હોવાથી, અસત્કાર્યવાદનો દોષ તેને પણ લાગશે. તે જ પ્રમાણે, આઠમા સૂત્રમાં કહેલ 'તદ્વત્-પ્રસંગ' (કાર્યના દોષો પ્રલયાવસ્થામાં કારણને લાગવા તે દોષ) પણ બંને પક્ષે સમાન જ છે. આવા દોષો બંને પક્ષે સાધારણ હોય ત્યારે, કોઈ એક જ પક્ષ સામે રજૂ ન કરી શકાય.

પછીનું સૂત્ર (૧૧) બ્રહ્મવિષયમાં તર્કના ઉપયોગની નિરર્થકતા સમજાવે છે. કલ્પના નિરંકુશ હોવાથી, શાસ્ત્રોની સહાય વગરના, પુરુષોની કલ્પનામાત્રથી ઉદ્ભવેલા તર્કને શાસ્ત્રગમ્ય આ અર્થમાં સ્થાન નથી. કારણ કેટલાક વિદ્વાનોથી પ્રયત્નપૂર્વક કલ્પના કરાયેલા તર્કો અન્ય વિદ્વાનોને આભાસરૂપ લાગે; અને તે વિદ્વાનોના તર્કો તેથી બીજા વિદ્વાનોને ખામીભર્યા લાગે. આમ તર્કને પ્રતિષ્ઠા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસિદ્ધ માહાત્મ્યવાળા કપિલ, કણાદ,વ.મહાપૂરુષોમાં પણ પરસ્પર વિરોધ દેખાય છે.

અહીં પૂર્વપક્ષ દલીલ કરે છે. આ સૂત્રમાં પ્રથમાર્ધમાં પૂર્વપક્ષની દલીલ છે અને દ્વિતીયાર્ધમાં તેનો જવાબ. પૂર્વપક્ષી દલીલ કરે છે કે પ્રતિષ્ઠિત તર્ક જ નથી તેમ તો નહીં જ કહી શકાય. મનુસ્મૃતિમાં પણ તર્કની અગત્ય રજૂ થઈ છે. અને, આ 'અપ્રતિષ્ઠા' એ તો તર્કનું આભૂષણ છે. મોટોભાગ મૂર્ખ હતો તેથી પોતે પણ મૂર્ખ રહેવું–તે માટે કોઇ પ્રમાણ નથી ! માટે, દોષયુક્ત તર્કનો ત્યાગ કરીને દોષહીન તર્કનો સ્વીકાર કરવો જોઇએ. તેથી આપણે એવી રીતે અનુમાન કરીશું કે જેથી તર્કનો અપ્રતિષ્ઠાદોષ ન લાગે.

આ દલીલનો સિદ્ધાન્તી જવાબ આપે છે કે "તો પણ, અનિર્મોક્ષપ્રસંગ થશે." જો કે કોઈ અન્ય વિષયમાં તર્કની પ્રતિષ્ઠા હરી પરંતુ પ્રકૃત(બ્રહ્મ)વિષયમાં તો અપ્રતિષ્ઠાદોષમાંથી અનિર્મોક્ષ જ રહેશે. કારણ શાસ્ત્ર વગર, આ અત્યંત ગંભીર, મુક્તિનાં કારણરૂપ, બ્રહ્મની ઉત્પ્રેક્ષા કરવી પણ શક્ય નથી. રૂપ, વ.ના અભાવે આ અર્થ પ્રત્યક્ષગોચર નથી તેમજ લિંગ, પ્ર.ના અભાવે તે અનુમાનગમ્ય પણ નથી તેમ તો અમે આગળ પણ કહ્યું.

વળી, સમ્યગ્જ્ઞાનથી મોક્ષપ્રાપ્તિ થાય છે તેમ બધા જ મોક્ષવાદીઓ માને છે. આ સમ્યગ્જ્ઞાન વસ્તુ પર આધાર રાખતું હોવાથી, એકરૂપ જ હોઈ શકે (જેમકે 'અગ્નિ ઉષ્ણ છે' તે જ્ઞાન). માટે સમ્યગ્જ્ઞાનમાં પુરુષોના મતોની ભિન્નતા યોગ્ય નથી; જ્યારે તર્કજ્ઞાનોમાં તો અન્યોન્યના વિરોધથી આવી ભિન્નતા પ્રસિદ્ધ છે. કોઇ તાર્કિક 'આ સમ્યગ્જ્ઞાન છે' તેમ નક્કી કર્યું હોય તેને બીજો તાર્કિક દૂર કરી શકે છે. વળી, ભૂત–ભવિષ્ય અને વર્તમાનના તાર્કિકોને એક દેશમાં એક સમયે એકઠા કરવાનું શક્ય નથી કે જેથી એક અર્થ અંગેની તેમની એકરૂપા મતિને આપણે 'સમ્યગ્મતિ' તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માની શકીએ! આથી ઊલટું, વેદ તો નિત્ય છે અને સમ્યગ્જ્ઞાનનું મૂળ છે. આ સિવાય, સમ્યગ્જ્ઞાનની શક્યતા ન હોવાથી, સંસાર-અવિમોક્ષનો જ પ્રસંગ આવે. આમ, શાસ્ત્રને બળે અને શાસ્ત્રને અનુસરતા તર્કને બળે પણ, ચેતન બ્રહ્મ જગતનું કારણ અને પ્રકૃતિ છે તેમ સિદ્ધ થયું.

ચોથા 'શિષ્ટાપરિગ્રહાધિકરણ'માં **સૂત્ર ૧૨** માં સૂત્રકાર અતિદેશ કરે છે કે, 'પ્રધાનમલ્લનિબર્હણન્યાય'થી ઉપરના સાંખ્ય-મતખંડનથી, શિષ્ટજનોએ કોઇ પણ અંશમાં ન સ્વીકારેલા (અણુવાદ, ઇ.) મતોનું ખંડન થઇ જ જાય છે; આ મતોને જૂદો જવાબ આપવાની જરૂર નથી.

પાંચમાં 'ભોક્તાપત્ત્યધિકરણ'માં બ્રહ્મકારણવાદ સામે ફરીથી તર્કબળે આક્ષેપ કરવામાં આવે છે. સૂત્ર(૧૩)નો પૂર્વાર્ધ પૂર્વપક્ષીનો આક્ષેપ છે, જ્યારે ઉત્તરાર્ધમાં સિદ્ધાન્તીનો જવાબ છે. પૂર્વપક્ષી કહે છે કે, અન્ય પ્રમાણથી પ્રસિદ્ધ થયેલ અર્થને શ્રુતિ બાધિત કરી શકે નહીં. ભોક્તૃભોગ્યવિભાગ લોકપ્રસિદ્ધ છે, ચેતન શારીર ભોક્તા છે અને શબ્દાદિ વિષયો ભોગ્ય. જેમકે, ભોક્તા દેવદત્ત છે અને ભોજ્ય ચોખા. પરમકારણ બ્રહ્મથી અનન્ય હોવાથી, આ બંને (ભોક્તૃ અને ભોગ્ય)ની ઇતરેતરભાવાપત્તિ થશે—બંને એકબીજામાં ભળી જશે!

સૂત્રકાર તેનો જવાબ આપે છે : "લોકની જેમ તે શક્ય થશે." જેમ લોકમાં જલરૂપ સમુદ્રથી ભિન્ન ન હોવા છતાં પણ, ફીણ, વીચી તરંગ, બુદ્બુદ, વ. વિકારોનો એકબીજાથી વિભાગ દેખાય છે તેમ અહીં પણ થશે. આ ઉદાહરણની જેમ, અહીં પણ, ભોક્તા અને ભોગ્યની ઇતરેતરભાવાપત્તિ પણ થશે નહીં તેમજ તેમનું પરબ્રહ્મથી અન્યત્વ પણ રહેશે નહીં. શ્રી શંકરાચાર્ય અહીં સ્પષ્ટતા કરે છે કે જેમ ઘટ,વ. ઉપાધિને કારણે આકાશનો વિભાગ થાય છે તેમ કાર્યમાં પ્રવેશેલ બ્રહ્મનો ઉપાધિને કારણે જાણે કે આ વિભાગ થાય છે. તેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર કહેલ 'સમુદ્રતરંગાદિન્યાય' પ્રમાણે, પરમકારણ બ્રહ્મથી અનન્ય હોવા છતાં આ ભોક્તૃભોગ્યલક્ષણ વિભાગ શકય છે.

શ્રી. વલ્લભાચાર્યે પણ આ સૂત્રનો આ પ્રમાણે જ અર્થ કર્યો છે, પરંતુ તેમણે 'સમુદ્રતરંગાદિ'ના ઉદાહરણને બદલે કટક-કુંડલાદિનું ઉદાહરણ આપ્યું છે. કટક અને કુંડલ સુવર્ણથી અનન્ય હોવા છતાં, જેમ કટક કુંડલ નથી તેમ ભોગ્ય ભોક્તૃ બની જશે નહીં. શ્રી. શંકરાચાર્યે અને શ્રી વલ્લભાચાર્યે રજૂ કરેલ સૂત્રનો આ અર્થ સૂત્રકારના મનમાં હશે નહીં તેમ સ્પષ્ટ જણાય છે, કારણ જો તેમ હોત તો, સૂત્રકારે 'ભોક્તૃભોગ્યાપત્તિ' અથવા 'ઇતરેતરભાવાપત્તિ' જેવો શબ્દ સૂત્રમાં મૂકયો હોત. વળી, આ મુદ્દાની ચર્ચા, જરા જૂદા સ્વરૂપે, સૂત્ર ૮–૯માં આવી ગયેલ હોવાથી, અહીં અસ્થાને ગણાય અને પુનરુકિત રૂપ બને. વળી, કટક અને કુંડલ તેમજ ફીણ વીચી-તરંગ-બુદ્બુદનો એક બીજા સાથેનો સંબંધ ભોગ્ય-ભોક્તૃ જેવો તો નથી જ !

શ્રી. રામાનુજાચાર્યે 'ભોક્તાપત્તિ'નો અર્થ 'શરીર હોવાથી, સશરીર બ્રહ્મની ભોક્તૃત્વ–આપત્તિ' એમ કર્યો છે, જે ઉપરના અર્થ કરતાં વધારે સારો છે. 'શ્રુતિ કહે છે કે સશરીરને પ્રિય અને અપ્રિયમાંથી મુકિત ન હોય. બ્રહ્મને શરીર હોવાથી તેને પણ પ્રિય–અપ્રિયત્વની ભોક્તૃત્વ–આપત્તિ થશે. જો આમ પૂર્વપક્ષી કહે તો, તેનો જવાબ છે કે લોકની જેમ શકય થશે. સુખદુઃખાદિના અનુભવનું કારણ શરીર નથી, પરંતુ તે જીવનાં સારા-નરસાં કર્મો છે. જીવને શરીર પણ કર્મને જ કારણે છે. પૂર્વપક્ષીએ જે શ્રુતિ ટાંકી તેમાં પણ જે શરીરની વાત છે તે કર્મથી જ ઉદ્ભવેલા શરીરની છે, કારણ શ્રુતિઓ (જેમકે, છાં. ઉ. ૭. ૨૬ ૨; ૮. ૨–૧; ૮. ૧૨.૩; વ.) જણાવે છે કે મુકતોને શરીર હોવા છતાં સુખદુઃખાદિ હોતાં નથી. ઈશ્વરને જો કે જડ અને ચેતનનું બનેલ શરીર છે, છતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને કર્મની સાથે સંબંધ નહીં હોવાથી, સુખદુઃખાદિ હોઇ શકે નહીં. સામાન્ય લોકમાં આપણે જોઇએ છીએ કે જે કોઈ માણસ તેના નિયમોનું ઉલ્લંઘન કરે તેને રાજા શિક્ષા કરે છે, અને જે કોઈ માણસ તેના નિયમોનું પાલન કરે છે તેને રાજા યોગ્ય બદલો આપે છે. પરંતુ રાજાને પોતાને તો, તેને શરીર હોવા છતાં, આ નિયમોનું પાલન કરવાથી કે તેમનો ભંગ કરવાથી સુખદુઃખાદિનો અનુભવ થતો નથી. પોતાના અર્થના સમર્થનમાં, શ્રી રામાનુજ દ્રમિડભાષ્યનો આધાર રજૂ કરે છે.

શ્રી. શંકરાચાર્ય કહે છે કે ભોક્તૃભોગ્યલક્ષણવિભાગને સ્વીકારતું આ સૂત્ર (૧૩) વ્યાવહારિક દૃષ્ટિબિંદુથી છે, જ્યારે પારમાર્થિક રીતે, સૂત્રકાર, આ પછીના સૂત્ર (૧૪)માં, કાર્ય–કારણનું અનન્યત્વ જણાવે છે. આ છઠ્ઠા 'આરમ્ભણાધિકરણ'માં સૂત્ર ૧૪ થી ૨૦ નો સમાવેશ થયો છે. ''આરમ્ભણ,-વ. શબ્દોથી બ્રહ્મથી જગતનું અનન્યત્વ છે'' (૧૪). એક વિજ્ઞાનથી સર્વ વિજ્ઞાનની પ્રતિજ્ઞા કરતી, છા. ૬. ૧. ૧ની અત્યંત જાણીતી શ્રુતિ, માટી અને તેના વિકારોનાં દૃષ્ટાન્તથી, વિકારને વાણીથી શરૂ થયેલ (વાચારમ્ભણ) કહે છે. આ શ્રુતિ પ્રમાણે, વિકાર (કાર્ય) એ માત્ર વાણીથી જ શરૂ થયેલ છે, નામધેયમાત્ર છે; મૃત્તિકા (કારણ) એ જ સત્ય છે. આ સૂત્ર પરનાં ભાષ્યમાં શ્રી. શંકરાચાર્યે અનેક શાખાઓવાળા વૃક્ષની જેમ, બ્રહ્મના એકત્વ અને નાનાત્વમાં માનતા પૂર્વપક્ષીને સચોટ જવાબ આપ્યો છે. શ્રુતિનો આધાર લઇને, શ્રી. શંકરાચાર્ય સિદ્ધ કરે છે કે એકત્વ પારમાર્થિક છે જ્યારે નાનાત્વ મિથ્યાજ્ઞાનથી ઉત્પન્ન થયેલ આભાસમાત્ર છે.

પૂર્વપક્ષ દલીલ કરે છે કે 'અત્યંત એકત્વ' માનવાથી પ્રત્યક્ષાદિ પ્રમાણો નિર્વિષય થવાથી નકામાં થશે. વિધિ–પ્રતિષેધ–શાસ્ત્ર પણ ભેદ પર આધાર રાખતું હોવાથી વ્યર્થ બનશે. મોક્ષશાસ્ત્ર પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિષ્ય-શાસ્ત્રિ ૪. ભેદ પર આધાર રાખે છે, તેથી તે પણ ખોટું ઠરશે. અને અસત્ય મોક્ષશાસ્ત્રથી પ્રતિપાદિત થયેલ આત્માનું એકત્વ કઇ રીતે સત્ય થશે ?

શ્રી. શંકરાચાર્ય આનો જવાબ આપે છે કે બ્રહ્માત્મતાજ્ઞાન પહેલાં બધા જ વ્યવહારો શક્ય છે. જ્યાં સુધી સત્ય-આત્મૈકત્વજ્ઞાન થતું નથી ત્યાં સુધી પ્રમાણ-પ્રમેય-ફલ-લક્ષણ વિકારોમાં કોઇને અસત્યબુદ્ધિ જન્મતી નથી. સ્વાભાવિક બ્રહ્માત્મતાને છોડીને, બધા જ પ્રાણીઓ 'હું' 'મારું' એમ અવિદ્યાથી, આત્મીયભાવથી, વિકારોને ગ્રહણ કરે છે. જેમ સૂતેલા સામાન્ય માણસને સ્વપ્નમાં અનેક પદાર્થોને જોતી વખતે નિશ્ચિતપણે પ્રત્યક્ષાભિમત જ્ઞાન થાય છે અને તે સમયે તેને પ્રત્યક્ષના આભાસનો ખ્યાલ હોતો નથી તેમ, બ્રહ્માત્મતાજ્ઞાન પહેલાં બધો જ લૌકિક અને વૈદિક વ્યવહાર શક્ય છે.

શ્રુતિમાં 'માટી'નું દૃષ્ટાન્ત રજૂ થવાથી, પરિણામી બ્રહ્મ શાસ્ત્રને માન્ય છે તેવા પૂર્વપક્ષને પણ શ્રી. શંકરાચાર્ય ઉચિત જવાબ આપે છે. સર્વ વિક્રિયાઓનો પ્રતિષેધ કરતી શ્રુતિઓ બ્રહ્મને 'કૂટસ્થ' કહે છે, અને કૂટસ્થ બ્રહ્મનું અનેકધર્માશ્રયત્વ સંભવી શકે નહીં. વળી, જેમ બ્રહ્મનું આત્મૈકત્વદર્શન મોક્ષસાધન છે તેમ તેનું જગદાકારપરિણામિત્વદર્શન પણ સ્વતંત્ર રીતે કોઇ ફલ આપી શકે છે તેમ કહી શકાશે નહીં, કારણ તેવી માન્યતા માટે કોઇ પ્રમાણ નથી. આના સમર્થનમાં શ્રી. શંકરાચાર્ય જૈમિનિસૂત્રમાંથી એક નિયમ ટાંકે છે. જૈમિનિસૂત્ર ૪.૪ માં આ નિયમને સ્પષ્ટ કરતા અનેક ઉદાહરણો છે. ડો. બેલવેલકર બતાવે છે તેમ શ્રી. શંકરાચાર્યે આપેલ આ અવતરણના શબ્દો શાબરભાષ્ય ૪.૪.૧૯માં છે. "ફલયુક્ત(મુખ્ય વિષયના)ના સાન્નિધ્યમાં રહેલ ફુફલ વગરનું (ગૌણ વસ્તુ) તે(મુખ્ય વિષય)નું અંગ છે." પૂર્વમીમાંસાનો આ એક નિયમ છે. શ્રુતિમાં જે યજ્ઞકાર્ય માટે ખાસ ફલ કહ્યું હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને મુખ્ય અને જેને માટે જુદું ફલ જણાવ્યું ન હોય તેને ગૌણ માનવું જોઇએ. તેવું ગૌણ કાર્ય તેની સમીપ રહેલ અન્ય મુખ્યકાર્યના અંગરૂપ બને અને સ્વતંત્ર રીતે કોઇ ફલ આપવા શક્તિમાન નથી. નીચેના ઉદાહરણથી આ નિયમ સમજાશે. સ્વરાજ્યની ઇચ્છાવાળાએ રાજસૂયયજ્ઞ કરવો એવું વિધાન છે. તે સાથે થોડાં અન્ય કાર્યો (જેવાં કે, વાછરડીની હોડ, રાજાઓને હરાવવા, શુનઃશેપ આખ્યાન કરાવવું, અભિષેકસ્નાન, ઇ.)નું કથન પણ છે. પરંતુ આ કાર્યોનું કંઇ જુદું સ્વતંત્ર ફલ કહ્યું નથી. આ કાર્યોનું કંઇ સ્વતંત્ર ફલ જણાવ્યું ન હોવાથી તેમજ સ્વારાજ્ય-ફલ-યુક્ત રાજસૂયયજ્ઞરૂપી મુખ્ય વિષય સાથે તે સંબંધ ધરાવતાં હોવાથી, આ કાર્યોને કોઇ સ્વતંત્ર ફલ નથી પરંતુ તે રાજસૂય-યજ્ઞના અંગરૂપ છે તેમ સમજવાનું છે.

આ સૂત્ર પરના ભાષ્યમાં, શ્રી રામાનુજાચાર્યે વૈશેષિકમત તેમજ શ્રી શંકરાચાર્યના અર્થની ટીકા કરી છે. વિગતવાર ચર્ચા કરી, તેઓશ્રીએ અવિદ્યાના સિદ્ધાંતની ઝાટકણી કાઢી છે અને બતાવ્યું છે કે અવિદ્યાનો આશ્રય બ્રહ્મ કે જીવ કે જડ પણ ન હોઇ શકે. માયા અને અવિદ્યાના ભેદનું પણ તેમણે ખંડન કર્યું છે. રામાનુજના મતે, આ સૂત્ર વૈશેષિકમતના પુરસ્કર્તા કણાદને જવાબ રૂપે છે. વૈશેષિકો માને છે કે કાર્ય કારણથી જુદું-નવું-હોય છે. તે બરાબર નથી. અહીં સૂક્ષ્મચિદચિદ્વસ્તુશરીર બ્રહ્મ કારણ છે અને સ્થૂલચિદચિદ્વસ્તુશરીર બ્રહ્મ કાર્ય છે. આ રીતે કાર્ય તે કારણનું પરિણામ અથવા વિકાર જ છે.

માટી અને તેના વિકારોનું આ દૃષ્ટાંત, સ્પષ્ટરીતે 'પરિણામવાદ'ને અનુકૂલ છે તેમાં શંકા નથી અને શ્રી શંકરાચાર્યના 'વિવર્તવાદ'ને અહીં જરા પણ અવકાશ નથી. આથી જ, શ્રી. વલ્લભાચાર્યે આ સૂત્ર (૨. ૧. ૧૪.) પરના અણુભાષ્યમાં શ્રી. શંકરાચાર્યના મત સામે ઉગ્ર રીતે પ્રહાર કર્યો છે. તેમના શબ્દોમાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સૂત્ર "કાર્યનું કારણથી અનન્યત્વ સાબિત કરે છે, મિથ્યાત્વ નહીં."

સૂત્ર ૧૫ પણ કારણથી કાર્યનું અનન્યત્વ સિદ્ધ કરે છે. "કારણના અસ્તિત્વમાં જ કાર્યની ઉપલબ્ધિ હોવાથી (બંને અનન્ય છે)." માટી હોય તો જ ઘડો મળે છે; તન્તુઓ હોય તો જ પટ બની શકે છે. અશ્વ અને ગાય બંને જુદાં છે : તેથી અશ્વ હોય તો ગાય ન મળી શકે અને ગાય હોય તો અશ્વ ન મળી શકે. પરંતુ, માટી અને ઘટ તેમજ તન્તુઓ અને પટનું તેવું નથી. માટે પણ કારણથી કાર્ય અનન્ય છે. આ સૂત્રમાં 'ભાવાત્' એવો પાઠ પણ છે. તો સૂત્રનો આમ અર્થ થાય. "માત્ર શબ્દથી જ નહીં, પરંતુ પ્રત્યક્ષોપલબ્ધિ(ભાવ)થી પણ કાર્યકારણનું અનન્યત્વ સિદ્ધ થશે." તન્તુઓના સમૂહ રૂપી પટમાં, તન્તુ સિવાય પટ નામનું કોઈ કાર્ય ઉપલબ્ધ(પ્રત્યક્ષ) થતું નથી; માત્ર આડા-ઊભા ગોઠવેલા તન્તુઓ જ પટરૂપે પ્રત્યક્ષ દેખાય છે. આ પ્રમાણે, શ્રી શંકરાચાર્યે આ સૂત્ર(૧૫)ના બે પાઠો આપ્યા છે. શ્રી વલ્લભાચાર્યે આની પણ ટીકા કરી છે. તેઓશ્રી કહે છે : "આ સૂત્ર મિથ્યાવાદીને સમજાયું જ નથી : તેથી જ પાઠાન્તરની કલ્પના કરવી પડી છે." (અણુભાષ્ય).

સોળમું સૂત્ર 'પછીના (કાર્ય)ની (ઉત્પત્તિ પહેલાં, કારણ-સ્વરૂપે) હાજરીથી (કાર્યકારણનું અનન્યત્વ બતાવે છે).' છા. ઉ. ૨. ૧.) અને ઐ.આ. ૨. ૪. ૧૧નો 'આ (ઇદમ્)' શબ્દ સ્પષ્ટ રીતે ઉત્પત્તિ પહેલાં કાર્યનું અસ્તિત્વ સિદ્ધ કરે છે.

પૂર્વપક્ષી **૧૭માં સૂત્રમાં** વાંધો ઉઠાવે છે. શ્રુતિ (છા. ૩. ૧૯. ૧. તથા તૈ. ૨. ૭. ૧.) ઉત્પત્તિ પહેલાં કાર્યને 'અસત્' કહે છે. આ અસત્-નિર્દેશથી ઉત્પત્તિ પહેલાં કાર્યનું અસ્તિત્વ નથી (તેમ પૂર્વપક્ષી કહે છે). આ જ સૂત્રના ઉત્તરાર્ધમાં આ શંકાનો પ્રત્યુત્તર છે. 'વાક્યશેષ' (બાકીના વાક્ય) થી જણાય છે કે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસત્–વ્યપદેશ (અવ્યાકૃત–નામરૂપત્વ રૂપી) ધર્માન્તરથી છે. શ્રુતિ શરૂઆતમાં ' અસત્ ' શબ્દથી તેનો નિર્દેશ કરીને, તેને જ ફરીથી ' તત્ (તે) ' શબ્દથી સંબોધીને, ' સત્ ' એવું વિશેષણ આપે છે—" તે સત્ હતું." તેથી શ્રુતિના ' અસત્ ' શબ્દનો અર્થ ' અવ્યાકૃત ' લેવો જોઇએ.

૧૮મા સૂત્રમાં કાર્યકારણના અનન્યત્વની બે વધારે દલીલો રજૂ થઇ છે : (૧) યુક્તિ અને (૨) શબ્દાન્તર. ' યુક્તિ 'થી કાર્ય-કારણનું અનન્યત્વ સિદ્ધ થાય છે. દધિ, ઘટ અને રુચક ઇચ્છતા લોકો ચોક્કસપણે દૂધ, માટી અને સુવર્ણ જ ગ્રહણ કરશે, તેથી ઊલટું નહીં, જો દરેકમાંથી દરેક ઉત્પન્ન થતું હોય (અભાવમાંથી ભાવની ઉત્પત્તિ હોય) તો આવો નિયમ આવશ્યક રહેતો નથી. પરંતુ તેમ નથી. તેથી પણ કાર્ય–કારણનું અનન્યત્વ છે.

આ સૂત્ર પરના ભાષ્યમાં શ્રી શંકરાચાર્યે અસત્કાર્યવાદને સારો જવાબ આપ્યો છે. ઉત્પત્તિ પહેલાં જો કાર્ય અસત્ હોય તો શા માટે દૂધમાંથી જ દહીં ઉત્પન્ન થાય અને માટીમાંથી જ ઘટ ? હવે જો અસત્કાર્યવાદી એવી દલીલ કરે કે ઉત્પત્તિ પહેલાંનો કાર્ય (દા. ત. દહીં)નો અભાવ અવિશિષ્ટ હોવા છતાં, દૂધમાં જ દહીંનો કોઇ ' અતિશય ' છે, માટીમાં નહીં; તો અતિશયવાળી પૂર્વાવસ્થાની કલ્પનાથી સત્કાર્યવાદની જ સિદ્ધિ થાય. આ જ પ્રમાણે, અમુક કાર્ય ઉત્પન્ન કરવાની કારણની ' શક્તિ 'ની કલ્પના કરવી પણ અયથાર્થ છે.

અહીં શ્રી શંકરાચાર્યે વૈશેષિકોની સમવાયની માન્યતા અને સંયોગ–સમવાય વચ્ચેના ભેદનું પણ ઉચિત ખંડન કર્યું છે. આ આપણે જરા વિસ્તારથી જોઇએ. અન્નમ્ભટ્ટ સમવાયસંબંધને આ રીતે સમજાવે છે : " અયુતસિદ્ધ વસ્તુઓમાં રહેલો નિત્યસંબંધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સમવાય. જે બે વસ્તુઓમાં એક-જ્યાંસુધી નાશ ન પામે ત્યાંસુધી-બીજાને આશ્રયે જ રહે તે બંને અયુતસિદ્ધ કહેવાય. જેમકે અવયવ-અવયવી, ગુણ-ગુણિન્, વિશેષ-નિત્યદ્રવ્ય, જાતિ-વ્યક્તિ, વગેરે" (તર્કસંગ્રહ). આ રીતે, કાર્ય અને કારણ (જેમકે પટ અને તન્તુ) વચ્ચે આવો સમવાય સંબંધ હોય છે તેમ વૈશેષિકો માને છે. શ્રી શંકરાચાર્ય દ્રવ્ય અને ગુણની જેમ, કાર્ય અને કારણ વચ્ચે પણ તાદાત્મ્ય સંબંધ જ માને છે અને તેથી આ સમવાયની કલ્પના સામે ઉગ્ર પ્રહાર કરે છે. કાર્ય અને કારણની વચ્ચે જો સમવાય સંબંધ માનીએ તો આ સમવાય સંબંધ અને સમવાયીઓ (કારણ-કાર્ય) વચ્ચે પણ બીજો નવો સમવાય સંબંધ માનવો પડશે, કારણ સમવાય અને સમવાયીઓ વચ્ચે કોઇ પણ પ્રકારનો સંબંધ તો હોવો જ જોઇએ, કેમકે, સમવાયને વૈશેષિકો દ્રવ્યની જેમ, પદાર્થ જ માને છે હવે આ નવા સમવાયને જોડવા માટે, બીજો નવો સમવાય સંબંધ ધારવો પડશે, અને આમ અનવસ્થાદોષ આવશે.

વળી, સમવાય પોતે જ સંબંધરૂપ હોવાથી, બીજા નવા સંબંધની અપેક્ષા રહેશે નહીં તેમ પણ નહીં કહેવાય, કારણ તો પછી સંયોગ પણ સંબંધરૂપ હોવાથી, તે પણ સમવાયની અપેક્ષા વગર જ દ્રવ્યો સાથે સંબંધમાં આવી શકે. પરંતુ વૈશેષિકો તેમ માનતા નથી. તેમના મતે સંયોગ 'ગુણ' હોવાથી અને ગુણ-ગુણિન્ વચ્ચે સમવાય હોવાથી, સંયોગને સમવાયની આવશ્યકતા રહે છે. વળી, કારણ(અવયવ-દ્રવ્યો)માં રહેલું કાર્ય (અવયવી દ્રવ્ય) કઇ રીતે રહે છે? શું તે બધા જ અવયવોમાં એક સાથે રહે છે કે વારાફરતી દરેક અવયવમાં? આનો જવાબ પણ પૂર્વપક્ષી આપી શકશે નહીં.

ઉત્પત્તિ પહેલાં કાર્યને 'અસત્' માનવામાં આવે તો કારક વ્યાપારનો કોઇ વિષય રહેતો નથી. 'સમવાયિકારણ'ને કારક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યાપારનો વિષય માની નહીં શકાય કારણ અન્ય વિષયના કારક વ્યાપારથી અન્ય(કાર્ય)ની ઉત્પત્તિ શક્ય નથી. માટે કારણ સિવાય, બીજું કાર્ય સો વર્ષે પણ માનવું શક્ય નથી. "શબ્દાન્તર" ('અસત્' ઉપરાંતના 'સત્' શબ્દ) થી પણ કાર્ય–કારણનું અનન્યત્વ સિદ્ધ થાય છે. છા. ૬. ૨. ૧.માં 'અસત્' નિર્દેશ પછીના જગતના 'સત્' શબ્દના સામાનાધિકરણ્યથી તે ઉત્પત્તિ પહેલાં હતું તેમ સમજાય છે.

અને, કાર્યકારણનું અનન્યત્વ સંવેષ્ટિતપ્રસારિતપટન્યાયથી છે. જેમ સંવેષ્ટિત (ઘડી વાળેલ) પટ સ્પષ્ટ ગ્રહણ થતું નથી કે શું આ પટ છે કે અન્ય દ્રવ્ય, પરંતુ પ્રસારિત (ફેલાવેલ) હોય ત્યારે સ્પષ્ટ ગ્રહણ થાય છે, તેમ કારણાવસ્થામાં અસ્પષ્ટ રહેલું કાર્ય કારકવ્યાપારથી સ્પષ્ટ ગ્રહણ થાય છે (૧૯).

આ સૂત્રને સામાન્યરીતે બધા જ ભાષ્યકારો શ્રી શંકરાચાર્યની રીતે સમજાવે છે. પરંતુ શ્રી રામાનુજાચાર્યે આ સૂત્રને જરા જુદી રીતે સમજાવ્યું છે. તેઓશ્રી કહે છે કે જેમ વિશિષ્ટ રીતે આડાઊભા ગોઠવેલા તન્તુઓને આપણે વસ્ત્ર કહીએ છીએ અને આ રીતે, તેને એક નવું નામ, નવું રૂપ અને નવું કાર્ય જેમ પ્રાપ્ત થયું તેમ બ્રહ્મ અંગે પણ તેમ જ છે.

અને, જેમ પ્રાણ–અપાન, ઈ. પ્રાણભેદો પ્રાણાયામથી અટકાવાયા હોય અને માત્ર કારણસ્વરૂપે રહેલ હોય ત્યારે જીવનમાત્ર કાર્ય થાય છે પણ આકુંચન–પ્રસારણાદિ નહીં, પરંતુ તે જ પ્રાણભેદો ફરીથી શરૂ કરાયા હોય ત્યારે જીવન ઉપરાંત આકુંચન–પ્રસારણાદિ કાર્ય પણ થાય છે, અને વળી આ પ્રાણભેદો પ્રાણથી અલગ પણ નથી, તેમ કાર્યકારણનું પણ અનન્યત્વ છે (૨૦).

સૂત્ર ૧૪ થી ૨૦ સુધીનું 'આરમ્ભણાધિકરણ' અહીં પૂરું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે. અલબત, શ્રી શંકરાચાર્યના મત પ્રમાણે, ઉત્પત્તિ જ મિથ્યા હોવાથી-ભ્રાંતિરૂપ હોવાથી-કાર્ય અને કારણના અનન્યત્વની સિદ્ધિ માટેના આ અધિકરણની આવશ્યકતા કટલે અંશે છે તે પણ વિચારવા જેવું છે.

શ્રી. મધ્વાચાર્યે આ અધિકરણને તદ્દન જુદી રીતે સમજાવ્યું છે. તેમના મતે આ અધિકરણ ઋ. ૧૦. ૮૧. ૨. ("કિમ્ સ્વિદ્વાસીદધિષ્ઠાનમારમ્ભણ"...આ ઋચા)ને અનુલક્ષીને છે. જગતના સામાન્ય કર્તાઓની જેમ બ્રહ્મને પણ કારણો અથવા સાધનોની જરૂર પડશે કે કેમ તે પ્રશ્નની ચર્ચા અહીં છે તેમ શ્રી. મધ્વ માને છે. જો આવા સાધનોની બ્રહ્મને આવશ્યકતા હોત તો તેનો નિર્દેશ વેદમાં હોત! પરંતુ, તેવો ઉલ્લેખ નથી. અલબત, આ પ્રશ્નની ચર્ચા અહીં અસ્થાને છે તે સહેજે સમજાય તેવું છે.

શ્રી. નિમ્બાર્કાચાર્ય 'અનન્યત્વ'નો અર્થ 'અન–અત્યન્ત-ભિન્નત્વ' કરે છે. કાર્ય–કારણ વચ્ચે અત્યન્ત–ભિન્નત્વ નથી એટલે કે, કાર્ય અને કારણ વચ્ચે ભેદ પણ છે અને અભેદ પણ છે. આવો "ભેદાભેદવાદ" શ્રી. શંકરાચાર્યના સમય પહેલાં પણ જાણીતો હતો. શ્રી. શંકરાચાર્યે બ્ર. સૂ. ૨. ૧. ૧૪ પરના ભાષ્યમાં 'અનેક શાખાઓવાળા વૃક્ષની જેમ, બ્રહ્મ અનેકાત્મક છે અને તેથી એકત્વ અને નાનાત્વ બંને સત્ય છે'–એ મત પ્રથમ રજૂ કરીને, પછી તેનું ઉચિત ખંડન કર્યું છે. આની સવિસ્તર ચર્ચા આપણે હમણાં જ કરી.

આ પછીનું 'ઇતરવ્યપદેશાધિકરણ' ત્રણ સૂત્રોનું છે. સૂત્ર ૨૧ પૂર્વપક્ષ છે જ્યારે ૨૨ મું સિદ્ધાન્તસૂત્ર છે. છા. ૬. ૮. ૭.માં 'ઇતર' (શારીર)નું બ્રહ્માત્મત્વ કહ્યું છે અને તૈ. ૨. ૬.માં બ્રહ્મનું શારીરાત્મત્વ. આ 'ઇતરવ્યપદેશ'થી બ્રહ્મનું સર્જકત્વ તે શારીરનું જ બની જશે. અને જે સ્વતંત્ર કર્તા હોય તે પોતાને હિતકારક કાર્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ કરે, અહિતકારક નહીં. છતાં જગતમાં જન્મ–મરણ–જરા–રોગ આદિ અનેક અનર્થસમૂહો દેખાય છે. કોઇ સ્વતંત્ર કર્તા કંઇ કેદખાનું બનાવી પોતે તેમાં કેદ થાય નહીં ! માટે જીવને 'હિત–અકરણ' ઇ. દોષોનો પ્રસંગ ઉપસ્થિત થશે.

પછીના સૂત્ર (૨૨)માં તેનો જવાબ છે. જગતનું સર્જક, સર્વજ્ઞ, સર્વશક્તિ, નિત્યશુદ્ધબુદ્ધમુક્તસ્વભાવવાળું બ્રહ્મ છે તે શારીરથી અધિક બીજું છે તેમ અમે કહીએ છીએ. તેથી શારીરને 'હિત-અકરણ' આદિ દોષો લાગશે નહીં. બૃ. ૨.૪.૫., છાં. ૮.૭.૧., છા. ૬. ૮. ૭., વ. શ્રુતિઓમાં આ બંનેનો ભેદ કહ્યો છે. ભાષ્યમાં શ્રી. શંકરાચાર્ય સ્પષ્ટતા કરે છે કે આ ભેદ 'આકાશઘટાકાશન્યાય'થી છે જ્યાં સુધી 'તે તું છે' એવા અભેદનિર્દેશથી સમ્યકજ્ઞાન થતું નથી ત્યાં સુધી જ આ મિથ્યાજ્ઞાનથી થયેલ ભેદવ્યવહાર રહે છે પરંતુ જ્યારે અભેદજ્ઞાન થાય છે ત્યારે જીવનું સંસારિત્વ અને બ્રહ્મનું સર્જકત્વ બંને દૂર થાય છે. ભેદલક્ષણસંસાર પરમાર્થ રીતે નથી તેમ અનેક વખત અમે કહ્યું છે.

સૂત્ર ૨૩નો શ્રી શંકરાચાર્ય એવો અર્થ કરે છે કે 'પત્થર, વ.ની જેમ, તેની (પરપરિકલ્પિત દોષની) અનુપપત્તિ છે.' જેમ કેટલાક પત્થરો કીમતી હોય છે, કેટલાક સામાન્ય કક્ષાના હોય છે, અને કેટલાક નકામા જેવા હોય છે અને છતાં બધા જ પત્થરો છે, તેમ એક જ બ્રહ્મનું જીવ–પ્રાજ્ઞનું પૃથકૃત્વ તેમજ કાર્યવૈચિત્ર્ય પણ શક્ય થશે. તેથી વિરોધીએ કલ્પેલ દોષ (હિત–અકરણ) લાગશે નહીં.

આ સૂત્રના અર્થ અંગે ડો. બેલવેલકર નીચેનું સૂચન કરે છે. આપણે પત્થરોને તોડીને–ઘસીને તેમાંથી દેવોની મૂર્તિ બનાવીએ છીએ. પત્થરો માટે આ તોડવા–ઘસવાનું કામ અત્યંત દુઃખકર છે પરંતુ તેનાથી તેમની દેવ-પદ જેવી ઉન્નતિ થાય છે. આ રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતનાં દુઃખો અને દર્દો પણ વાસ્તવમાં આત્માની ઉન્નતિ માટે જ હોય છે. દુઃખ એ વસ્તુતઃ તો સુખની જ બીજી બાજુ છે; જેમ અંધકાર વગર પ્રકાશ ન હોય તેમ એક વગર બીજું શક્ય નથી. આથી, ઈશ્વર સામે 'હિત–અકરણ' દોષ લાગુ ન પાડી શકાય, કારણ જગતમાં કંઈ 'અહિત' જ નથી.

પાંચમું અધિકરણ 'ઉપસંહારાધિકરણ' છે. પૂર્વપક્ષી માને છે કે જગતમાં કોઈ એકલો સર્જક કારકસામગ્રી(ઉપસંહાર)ની સહાય વગર સર્જન કરી શકે નહીં. જ્યારે બ્રહ્મ તો એક અને અદ્વિતીય જ છે. તેનો જવાબ 'દૂધની જેમ, તે શક્ય થશે' એમ સૂત્રકાર કહે છે. જેમ દૂધ કે પાણી પોતે જ બાહ્ય સાધનની અપેક્ષા વગર દહીં કે હિમ બની જાય છે તેમ અહીં પણ થશે. બ્રહ્મ દૂધની જેવું અચેતન નહીં પણ ચેતન હોવાથી, પછીના (૨૫માં) સૂત્રમાં સૂત્રકાર ચેતનનું દૃષ્ટાન્ત આપે છે. જેમ લોકમાં દેવો, પિતૃઓ, ઋષિઓ, વ. બાહ્ય સાધન વગર જ સંકલ્પમાત્રથી અનેક રચનાઓ કરી શકે છે તેમ બ્રહ્મ પણ એકલું હોવા છતાં જગત્-સર્જન કરી શકશે.

પછીના 'કૃત્સ્નપ્રસક્તિઅધિકરણ'માં શાસ્ત્રાર્થની પરિશુદ્ધિ માટે ફરીથી આક્ષેપ કરવામાં આવે છે. આ અધિકરણ ચાર(૨૬–૨૯) સૂત્રોનું છે. સૂત્ર ૨૬ પૂર્વપક્ષસૂત્ર છે. પૂર્વપક્ષની દલીલ આ પ્રમાણે છે. એક અદ્વિતીય બ્રહ્મ જ્યારે કાર્યમાં પરિણમશે ત્યારે બ્રહ્મ નિરવયવ હોવાથી, તેની 'કૃત્સ્નપ્રસક્તિ' થશે (=આખું જ બ્રહ્મ પરિણામ પામશે–કંઈ બાકી રહેશે નહીં). અથવા (જો તેનો અમુક ભાગ જગતની ઉત્પત્તિ પછી બાકી રહે છે તેમ માનશો તો) બ્રહ્મ સાવયવ થઈ જશે. પરંતુ બ્રહ્મ નિરવયવ છે તેવી શ્રુતિઓ છે. માટે કાં તો બ્રહ્મ સાવયવ થઈ જશે અથવા તેનો મૂલોચ્છેદ થશે. પછીના (૨૭માં) સૂત્રમાં સૂત્રકાર તેનો જવાબ આપે છે કે 'શ્રુતિને કારણે, કારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રુતિ શબ્દમૂલ છે.' અમારા પક્ષે કોઇ દોષ નથી. કારણ તેવું શ્રુતિનું કથન છે. જેમ બ્રહ્મની જગદુત્પત્તિ શ્રુતિમાં કહી છે તેમ વિકાર ઉપરાંત બ્રહ્મની સ્થિતિ પણ શ્રુતિમાં જ કહી છે. છાં. ૬. ૩. ૨. માં પ્રકૃતિ અને વિકાર બંનેનો ભેદથી વ્યપદેશ છે. શબ્દ-મૂલ બ્રહ્મનું પ્રમાણ શબ્દ જ હોઇ શકે, ઇન્દ્રિયાદિ નહીં. તેથી અતીન્દ્રિય બ્રહ્મને શ્રુતિ પ્રમાણે જ સમજવું જોઇએ.

આ સૂત્ર પરના ભાષ્યમાં શ્રી શંકરાચાર્ય સમજાવે છે કે શ્રુતિ અહીં કંઇ વિરુદ્ધ અર્થનું પ્રતિપાદન કરતી નથી, કે બ્રહ્મ નિરવયવ છે અને છતાં કૃત્સ્નરૂપે પરિણમતું નથી. કારણ આ રૂપભેદ અવિદ્યા-કલ્પિત છે. અવિદ્યાકલ્પિતરૂપભેદથી કંઇ વસ્તુ ખરેખર સાવયવ બની જતી નથી. તિમિરદોષયુક્ત પુરુષને અનેક જેવો દેખાતો ચંદ્ર કંઇ ખરેખર અનેક બનતો નથી. (શ્રી શંકરાચાર્યે એક 'દ્વિચન્દ્ર દર્શનન્યાય "નો ઉલ્લેખ બ્ર સૂ. ૪. ૧. ૧૯. પરના ભાષ્યમાં કર્યો છે).

એક જ બ્રહ્મમાં, સ્વરૂપોપમર્દ સિવાય કઇ રીતે અનેકાકારા સૃષ્ટિ બની શકે તેના જવાબમાં, સૂત્રકાર ૨૮માં સૂત્રમાં, સ્વપ્નદૃષ્ટા-આત્માનું ઉદાહરણ આપે છે. જેમ સ્વરૂપનાશ સિવાય સ્વપ્નદૃષ્ટા-આત્મામાં અનેક પ્રકારની સૃષ્ટિ શ્રુતિમાં (બૃ. ૪. ૩. ૧૦.માં) કહી છે અને લોકમાં પણ, દેવો અને માયાવીઓની સ્વરૂપોપમર્દ વગર જ વિચિત્ર હસ્ત્યશ્વાદિ સૃષ્ટિ હોઇ શકે છે, તેમ બ્રહ્મ અંગે પણ શક્ય છે. અને પોતાના પક્ષમાં પણ આ દોષ સમાન છે. (૨૯). પ્રધાનવાદીના પ્રધાનને પણ નિરવયવત્વશબ્દકોપ અથવા કૃત્સ્નપ્રસક્તિનો દોષ લાગુ પડે છે. અણુવાદી પણ છટકી શકે તેમ નથી. આમ ઉભયપક્ષે સમાનદોષ હોય ત્યારે એક જ પક્ષને આ દોષ લગાડી ન શકાય. અને વળી, બ્રહ્મવાદીએ તો સ્વપક્ષે આ દોષનો પરિહાર કર્યો જ છે. પછીનું ' સર્વોપેતાધિકરણ ' જણાવે છે કે બ્રહ્મ એકલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ હોવા છતાં, તેની વિચિત્ર શક્તિઓના સામર્થ્યથી, તે જગતનું સર્જન કરી શકશે, કારણ, શ્રુતિઓમાં બ્રહ્મને સર્વશક્તિયુક્ત કહેલ છે(૩૦). પરંતુ બૃ. ૩. ૮. ૮. પરા દેવતાને 'આંખ વગરની, કાન વગરની, વાણી વગરની, મ.' કહે છે. તો ઈન્દ્રિયરહિત '(વિકરણ)' પરા દેવતા-ભલે સર્વશક્તિયુક્ત હોય છતાં-કઈ રીતે કાર્ય કરી શકે ? તેનો જવાબ અમે અગાઉ આપી દીધો છે. આ અતિગમ્ભીર બ્રહ્મ શ્રુતિથી જ જાણી શકાય, તર્કથી નહીં. અને શ્રુતિ જ (શ્વે ૩. ૧૯.) અકરણ (ઇન્દ્રિયરહિત) બ્રહ્મના સર્વસામર્થ્યયોગને જણાવે છે.

'પ્રયોજનવત્ત્વાધિકરણ'માં સૂત્ર ૩૨માં જગતના ચેતનકર્તૃત્વ પર ફરીથી આક્ષેપ થાય છે. ચેતન પરમાત્મા જગતના કર્તા હોઈ શકે નહીં, કારણ ચેતનની પ્રવૃત્તિ પ્રયોજનવાળી હોય, જ્યારે શ્રુતિઓ પરમાત્માને તો 'પરિતૃપ્ત' કહે છે. તેનો જવાબ સૂત્રકારે પછીના (૩૩માં) સૂત્રમાં આપ્યો છે. જેમ લોકમાં કોઈ રાજા કે રાજમંત્રીની કોઈ પણ પ્રયોજન વગરની માત્ર લીલા રૂપી પ્રવૃત્તિઓ ક્રીડાવિહારોમાં હોય તેમ બ્રહ્મ પણ કોઈ વિશિષ્ટ પ્રયોજન વગર માત્ર ક્રીડારૂપી પ્રવૃત્તિ કરી શકશે. શ્રી શંકરાચાર્ય આ સૂત્ર પરના ભાષ્યમાં પણ યાદ કરાવે છે કે આ સૃષ્ટિશ્રુતિ પરમાર્થવિષયા નથી, પરંતુ અવિદ્યાપ્રત્યુપસ્થાપિત છે.

'વૈષમ્યનૈર્ઘૃણ્યાધિકરણ'માં ઈશ્વરનાં જગત્કારણત્વને 'સ્થૂણાનિખનનન્યાય'થી દૃઢ કરવામાં આવે છે. વૈષમ્યનૈર્ઘૃણ્યના દોષને લીધે ઈશ્વર જગતનું કારણ બની શકે નહીં. કારણ, કેટલાક દેવાદિને તે અત્યંત સુખી કરે છે. કેટલાક મનુષ્યાદિને તે સામાન્ય સ્થિતિના બનાવે છે અને કેટલાક પશુઓ આદિને અત્યંત દુઃખના ભાગી. આવી વિષમ સૃષ્ટિની રચના કરતા ઈશ્વરને સામાન્યજનની જેમ રાગદ્વેષની શક્યતા છે. વળી, સર્વપ્રજાના સંહારથી તેમજ દુઃખપ્રદાનથી તેને નિર્ઘૃણત્વક્રૂરત્વનો પણ દોષ લાગશે, એમ પૂર્વપક્ષી કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનો જવાબ આ જ સૂત્રમાં છે. ઈશ્વર સાપેક્ષ છે. પ્રાણીઓના ધર્મ-અધર્મ પર તે આધાર રાખે છે ઈશ્વર પર્જન્ય જેવો છે. જેમ પર્જન્ય ઘઉં, ચોખા ઇ.ની સૃષ્ટિનું સામાન્ય કારણ છે, પરંતુ તે તે ધાન્યના વૈષમ્યમાં તો તે દરેકના બીજ જ કારણ છે, તેમ અહીં પણ છે. શ્રુતિમાં પણ કથન છે : "પુણ્યશાળી પુણ્યકર્મથી થાય છે, પાપકર્મોથી પાપી બને છે." (બૃ. ૩. ૨. ૧૩).

ઈશ્વરની પર્જન્ય સાથેની આ સરખામણી ડૉ. બેલવેલકરને ઉચિત લાગી નથી તેમ જણાય છે. તેઓશ્રી જણાવે છે કે બીજોનો આ વ્યક્તિગત ભેદભાવ પર્જન્યથી સ્વતંત્ર રીતે હોઈ શકે છે પરંતુ જેને માટે ઈશ્વર જવાબદાર ન હોય એવું વૈવિધ્ય જગતમાં ન હોય. એટલે કે, આ દૃષ્ટાન્તથી ઈશ્વરની સત્તા સીમિત થઈ જાય છે તેમ કોઇને લાગે. પણ વાસ્તવમાં તેમ નથી. ઈશ્વર નિષ્પક્ષ છે તે બતાવવા માટે જ આ દૃષ્ટાન્ત શ્રી શંકરાચાર્યે આપ્યું છે. અને વળી આ બધું સર્જન વ્યાવહારિક દૃષ્ટિથી જ છે, પારમાર્થિક દૃષ્ટિથી નહીં!

પરંતુ આ સામેનો આક્ષેપ (પૂર્વપક્ષ) ૩૫મા સૂત્રમાં છે. સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં, 'અ-વિભાગ' હોવાથી કર્મ જ ન હોય કે જેના પર આધાર રાખીને ઈશ્વર આ વિષમ સૃષ્ટિની રચના કરે! કારણ, કર્મ તો સૃષ્ટિની રચના પછી શરીરાદિ પર આધાર રાખે. તેથી આદ્ય સૃષ્ટિ તો એકસરખી (તુલ્યા) જ બને તેમ પૂર્વપક્ષ કહે છે. તેનો જવાબ એ છે કે, સંસાર અનાદિ હોવાથી આ આક્ષેપ ચાલશે નહીં. બીજાંકુરનો જેમ અનાદિ સંસાર હોવાથી, કર્મ અને સર્ગવૈષમ્યની પ્રવૃત્તિને વાંધો આવશે નહીં. પછીનાં (૩૬)માં સૂત્રમાં સૂત્રકાર કહે છે કે સંસારનું અનાદિત્વ દલીલોથી શક્ય છે અને શ્રુતિ (છાં. ૬. ૩. ૨. વ.) તથા સ્મૃતિ (ગીતા ૧૫. ૩.)માં પણ જોવા મળે છે.

છેલ્લા, 'સર્વધર્મોપપત્યધિકરણ'માં સૂત્ર ૩૭માં સૂત્રકાર કહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે બ્રહ્મમાં બધા જ કારણધર્મો છે : બ્રહ્મ સર્વજ્ઞ, સર્વશક્તિ, મહામાય છે. તેથી આ ઔપનિષદ-દર્શનમાં કોઇ શંકા કરવી યોગ્ય નથી.

શ્રી શંકરાચાર્ય અહીં 'ધર્મ' એટલે 'કારણધર્મો' એવો અર્થ લે છે. પરંતુ આગળના અધિકરણના અનુસંધાનમાં, આ સૂત્રનો આવો અર્થ થઈ શકે : "ઈશ્વરમાં દયા, ન્યાય, ઇ. વિરુદ્ધ ગુણો પણ શકય છે (કારણ ઈશ્વર જગતનાં સર્જનમાં પ્રાણીઓના કર્મો પર આધાર રાખે છે)." આ સૂત્રનો 'ચ' શબ્દ પણ બતાવે છે કે અહીં નવું અધિકરણ શરૂ કરવાનું નથી, પણ આ સૂત્ર આગળના અધિકરણના સૂત્રોના સંદર્ભમાં જ છે. બલદેવ નામના ટીકાકાર જણાવે છે કે ઈશ્વરમાં એવી વિચિત્ર અને અદ્‌ભુત શક્તિઓ હોય છે કે તેનામાં ન્યાય અને નિષ્પક્ષતા ઉપરાંત ભક્તો પ્રત્યે વિશિષ્ટ કૃપા વ્યક્ત કરવાનો ગુણ પણ હોય છે.

'સ્મૃતિપાદ'માં આવતા કેટલાક 'ન્યાયો'.

(૧) સ્વામીભૃત્યન્યાય (સૂત્ર ૪, પૃષ્ટ ૮) : બ્રહ્મસૂત્ર ૨. ૧. ૪. પૂર્વપક્ષસૂત્ર છે. તેમાં પૂર્વપક્ષી દલીલ કરે છે કે બ્રહ્મ જગતથી વિલક્ષણ હોવાથી જગતનું કારણ થઇ શકે નહીં. વળી, આ અચેતન જગત, ચેતનના શરીરો અને ઇન્દ્રિયોરૂપે હોવાથી, ચેતન પ્રત્યે ઉપકારક બને છે. જો બે વસ્તુ વચ્ચે સામ્ય હોય તો તે બંને વચ્ચે ઉપકાર્ય-ઉપકારક ભાવ થઇ શકતો નથી. બે પ્રદીપો કંઇ એક-બીજાને મદદરૂપ થઇ શકતા નથી. અહીં, આ પૂર્વપક્ષી એક અન્ય પૂર્વપક્ષી(વેદાન્તી ?)ની કલ્પના કરે છે. એક ચેતન બીજા ચેતનને કઇ રીતે ઉપકારક થઈ શકે તેનું દૃષ્ટાન્ત આ (નવો) પૂર્વપક્ષી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપે છે. તે કહે છે કે "નોકર અને માલિકની જેમ", ચેતન શરીરેન્દ્રિયાદિ (ચેતન) ભોક્તાને મદદરૂપ થશે. જેમ ચેતન નોકર ચેતન માલિકને ઉપકારક થઇ શકે છે તેમ અહીં પણ એક ચેતન (કાર્યકરણ) અન્ય ચેતન(ભોકતૃ)ને સહાયરૂપ થઇ શકે છે.

(વેદાન્તીની) આ દલીલનો જવાબ પૂર્વપક્ષો આ પછીના ભાષ્યમાં આપે છે. તે કહે છે કે સ્વામી અને ભૃત્યમાં પણ, નોકરનો અચેતન અંશ જ સ્વામી પ્રત્યે ઉપકારક છે.

(૨) પ્રધાનમલ્લનિબર્હણન્યાય (સૂત્ર ૧૨, પૃષ્ટ ૧૯) :— સૂત્રકારે બ્ર. સૂ. ૨. ૧. ૧. થી ૧૧ સુધીમાં સાંખ્ય પૂર્વપક્ષીએ પોતાના પ્રધાનકારણવાદનો આશ્રય લઇને, બ્રહ્મના જગત્કારણત્વ સામે કરેલા સ્મૃતિનિમિત્ત અને તર્કનિમિત્ત આક્ષેપોનો પરિહાર કર્યો. અધ્યાત્મવિષયક ઘણી સ્મૃતિઓ હોવા છતાં સૂત્રકારે સાંખ્ય (અને યોગ)નું જ ખંડન કરવાનો આગ્રહ રાખ્યો. સાંખ્યમત એ (શંકરાચાર્યના જણાવ્યા પ્રમાણે) સૂત્રકારનો 'પ્રધાનમલ્લ' હતો. જેમ મુખ્ય મલ્લને હરાવવાથી અન્ય (તેનાથી ઓછા શક્તિવાળા અથવા તેનાથી હારેલા) મલ્લો આપોઆપ હાર પામે (તેમ માનવામાં આવે), તેમ સાંખ્યનું ખંડન કર્યા પછી, અન્ય મતો (દા. ત. અણુવાદ વગેરે)ના ખંડનની આવશ્યકતા જ રહેતી નથી તેમ શ્રી. શંકરાચાર્ય માને છે. આમ 'પ્રધાનમલ્લનિબર્હણન્યાય'થી સૂત્રકાર સાંખ્યના ખંડનનો અન્ય મતો માટે અતિદેશ કરે છે. સાંખ્ય–મતને તો મનુ, વ્યાસ, ઇત્યાદિ શિષ્ટજનોએ અમુક અંશથી ગ્રહણ કરેલ છે, જ્યારે અન્ય (અણુવાદ વગેરે) મતોને તો શિષ્ટજનોએ કોઇપણ અંશમાં સ્વીકારેલ નથી. તેથી સાંખ્યના ખંડનથી તે મતોનું ખંડન પણ આવી જાય છે. બ્ર. સૂ. ૧.૪.૨૮ પરના ભાષ્યમાં પણ શ્રી. શંકરાચાર્યે આ ન્યાયનો ઉલ્લેખ કર્યો છે.

(૩) સમુદ્રતરંગાદિન્યાય (સૂ. ૧૩. પૃ. ૨૦) :—પરમકારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મથી અનન્ય હોવા છતાં ભોગ્ય અને ભોક્તૃનો વિભાગ લોકની જેમ શક્ય થશે તેમ સૂત્રકાર સૂ. ૨.૧.૧૩માં જણાવે છે. બ્રહ્મ સાથે એકરૂપ હોવા છતાં, ભોગ્ય ભોક્તૃ બની જવાની અથવા ભોક્તૃ ભોગ્ય બની જવાની-આ ઇતરેતરભાવાપત્તિની-શંકા કરવી યોગ્ય નથી. કારણ, લોકની જેમ, સમુદ્રતરંગાદિન્યાયથી, તે શક્ય થશે. જેમ જલ-સ્વરૂપ સમુદ્રથી ભિન્ન ન હોવા છતાં, ફીણ-વીચી-તરંગ અને બુદ્બુદ ઇત્યાદિ તેના વિકારોનો એકબીજાથી વિભાગ શક્ય છે તેમ અહીં પણ થશે. જલસ્વરૂપ સમુદ્રથી અનન્ય હોવા છતાં, જેમ ફીણતરંગાદિ વિકારોની ઇતરેતરભાવાપત્તિ થતી નથી, અને તેમની ઇતરેતરભાવાપત્તિ ન હોવા છતાં તેમનું સમુદ્રથી અન્યત્વ પણ નથી, તેમ બ્રહ્મથી અનન્ય હોવા છતાં ભોક્તા અને ભોગ્યની ઇતરેતરભાવાપત્તિ થશે નહીં તેમજ તે છતાં, તેમનું બ્રહ્મથી અન્યત્વ પણ રહેશે નહીં. આમ સમુદ્રતરંગાદિન્યાયથી શ્રી શંકરાચાર્ય ભોક્તૃભોગ્યવિભાગને સમજાવે છે. અલબત્ત, આ ભોક્તૃભોગ્યવિભાગની ઉપપત્તિ વ્યાવહારિક દૃષ્ટિબિંદુથી જ છે, પારમાર્થિક રીતે તો કાર્ય-કારણનું અનન્યત્વ જ છે, જે સૂ. ૨. ૧. ૧૪ માં બતાવ્યું છે.

(૪) સંવેષ્ટિતપ્રસારિતપટન્યાય (સૂ. ૧૯, પૃ ૩૪) :—કાર્યકારણનું અનન્યત્વ સિદ્ધ કરવા સૂત્રકાર 'પટ'નું દૃષ્ટાંત આપે છે. 'સંવેષ્ટિત-પ્રસારિતપટન્યાય'થી કાર્યકારણનું અનન્યત્વ છે. જેમ ઘડી વાળેલું (સંવેષ્ટિત) વસ્ત્ર સ્પષ્ટરીતે ગ્રહણ થતું નથી કે શું આ વસ્ત્ર છે કે અન્ય દ્રવ્ય, પણ તેને જ ફેલાવવામાં આવે (પ્રસારિત) ત્યારે તે ઘડી વાળેલું દ્રવ્ય તે વસ્ત્ર જ છે તેમ પ્રસારણથી સ્પષ્ટરીતે પ્રતીતિ થાય છે. તેમ, તન્તુ ઇત્યાદિની અવસ્થામાં રહેલું પટ, ઇત્યાદિ કાર્ય અસ્પષ્ટ હોવાથી તુરી-વેમ-કુવિન્દાદિ કારકવ્યાપારોથી તે વ્યક્ત થઈને, સ્પષ્ટ ગ્રહણ કરાય છે.

આમ, કાર્યના આકારમાં કારણની વ્યવસ્થા કરવા પૂરતી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારકવ્યાપારની સાર્થકતા છે. વળી, કાર્યનો આકાર પણ કારણનો આત્મભૂત જ છે, કારણ જે આત્મભૂત ન હોય તે શરૂ જ ન થઈ શકે. તેથી, શ્રી શંકરાચાર્ય કહે છે તેમ, કારણથી જુદું (વધારાનું) કાર્ય સો વર્ષે પણ નિશ્ચિત કરવું શકય નથી.

(૫) આકાશઘટાકાશન્યાય (સૂ. ૨૨. પૃ. ૩૬):—'હિત-અકરણાદિ-દોષ-પ્રસક્તિ'નો જવાબ સૂત્રકારે ૨૨મા સૂત્રમાં 'બ્રહ્મ શારીરથી અધિક છે. કારણ શ્રુતિમાં બન્નેનો ભેદનિર્દેશ છે' એમ આપ્યો. પરંતુ (પૂર્વપક્ષ) કહે છે કે શ્રુતિમાં 'તત્ત્વમસિ' જેવાં અભેદસૂચક વચનો પણ છે. તો આ વિરુદ્ધ-ભેદ અને અભેદ-ક્રેમ શકય છે? શ્રી શંકરાચાર્ય આ શંકાનું સમાધાન 'આકાશ-ઘટા-કાશન્યાય' (આકાશ અને ઘટાકાશનું દૃષ્ટાન્ત) રજૂ કરી કહે છે. અન્ય સ્થળોએ (જેમકે સૂ. ૨.૧.૧૩, સૂ. ૨.૬૧૪, ઇત્યાદિ પરના ભાષ્યોમાં) પણ શ્રી શંકરાચાર્યે આ દૃષ્ટાન્ત આપેલું છે. જેમ ઘટ, કરક ઇત્યાદિમાં રહેલું આકાશ (અવકાશ-ખાલી જગા) એકબીજાથી જાણે ભિન્ન હોય (ભેદ) તેમ લાગે છે અને છતાં વાસ્તવિકરીતે એકબીજાથી કે (મહા—) આકાશથી ભિન્ન નથી (અભેદ), તે પ્રમાણે અહીં પણ ભેદ અને અભેદ બંનેને સમજાવી શકાશે. જ્યાંસુધી ભેદ-વ્યવહાર બાધિત ન થાય ત્યાંસુધી ભેદની પ્રતીતિ શકય છે પરંતુ જ્યારે 'તત્ત્વમસિ' જેવા અભેદનિર્દેશથી અભેદનું પ્રતિપાદન થાય ત્યારે મિથ્યાજ્ઞાનથી ઉત્પન્ન થયેલ સમસ્ત ભેદવ્યવ-હારનો સમ્યક્જ્ઞાનથી નાશ થાય છે.

(૬) સ્થૂણાનિખનનન્યાય (સૂ. ૩૪. પૃ. ૪૫):—સૂત્રકારે ઈશ્વર જગતનાં જન્માદિનું કારણ છે તે સૂ. ૨. ૧. ૩૩ સુધીમાં સિદ્ધ કર્યું. છતાં, નક્કી થયેલ અર્થને વિશેષ દૃઢ કરવા માટે, બ્ર. સૂ. ૨. ૧. ૩૪ થી શરૂ થતા 'વૈષમ્યનૈર્ઘૃણ્યાધિકરણ'માં સૂત્રકાર 'સ્થૂણાનિખનનન્યાય'થી ફરીથી ઈશ્વરનાં જગત્કર્તૃત્વ પરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વધુ આક્ષેપની શંકા કરે છે. 'સ્થૂણા' એટલે થાંભલો અને 'નિખનન' એટલે ખોડવાની અથવા રોપવાની ક્રિયા. જમીનમાં રોપેલા થાંભલાને દૃઢ કરવા માટે વારંવાર હલાવીને તેની ખાત્રી કરવામાં આવે છે. તે પ્રમાણે, કોઇ પણ નિર્ણય અથવા સિદ્ધાન્તની વારંવાર ચકાસણી કરવાની પદ્ધતિને 'સ્થૂણાનિખનનન્યાય' થી ઓળખી શકાય. આ ન્યાયનો ઉલ્લેખ શ્રી શંકરાચાર્યે બ્ર. સૂ. ૩.૩.૫૩ તથા ૩.૪.૨. પરના ભાષ્યમાં કરેલ છે.

(૭) બીજાંકુરન્યાય (સૂ. ૩૬. પૃ. ૪૬):—આ વિષમ જગતના સર્જનથી પણ ઈશ્વરને વૈષમ્યનૈર્ઘૃણ્યદોષ લાગશે નહીં કારણકે તે કર્મો પર સાપેક્ષ છે એમ સૂત્રકારે બ્ર. સૂ. ૨.૧.૩૪માં જણાવ્યું. સૂ. ૩૫માં પૂર્વપક્ષે આદ્યસૃષ્ટિને લક્ષ્યમાં રાખીને શંકા ઉપસ્થિત કરી, કારણ આદ્યસૃષ્ટિ પહેલાં કર્મ કઇ રીતે હોઇ શકે જેને આધારે ઈશ્વર વિષમસૃષ્ટિની રચના કરી શકે? તે શંકાનો ઉત્તર, તે જ સૂત્રના ઉત્તરાર્ધમાં સૂત્રકારે આપ્યો કે સંસાર અનાદિ હોવાથી આ મુશ્કેલી નહડશે નહીં. સૂ. ૩૬માં સૂત્રકાર કહે છે કે સંસારનું આ અનાદિત્વ દલીલોથી પણ સમજી શકાય છે તેમજ શ્રુતિસ્મૃતિમાં પણ કહ્યું છે. સંસાર 'બીજાંકુર'ની જેમ અનાદિ છે. જેમ પહેલાં બી હતાં કે અંકુર પહેલાં હતાં—તે કહી શકાતું નથી; તે અનાદિ છે, તેમ સંસારનું પણ અનાદિપણું છે. 'કર્મ વગર શરીર શકય નથી અને શરીર વગર કર્મ શકય નથી'—આ પૂર્વપક્ષીની દલીલનો જવાબ આ 'અનાદિત્વ'માં છે. બીજાંકુરનાં દૃષ્ટાન્તનો ઉલ્લેખ અન્યત્ર (બ્ર. સૂ. ૨.૧.૩૫, ૩.૨.૯. ઉપરના ભાષ્યમાં) પણ શ્રી શંકરાચાર્યે કરેલ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તક-સૂચિ

અંગ્રેજી પુસ્તકો :—

(૧) બ્રહ્મસૂત્ર-શાંકરભાષ્ય. અધ્યાય ૨. પાદ ૧-૨.
ડૉ. એસ. કે. બેલવેલકર.
(૨) બ્રહ્મસૂત્ર-શાંકરભાષ્ય શ્રી જ્યોર્જ થીબો.
(૩) ,, ,, શ્રી સ્વામી ગંભીરાનંદ.
(૪) ,, ,, શ્રી વી. એમ. આપ્ટે.
(૫) ધી વેદાન્ત. ડૉ. વી. એસ. ઘાટે.
(૬) ધી બ્રહ્મસૂત્ર. ડૉ. એસ. રાધાકૃષ્ણન્.
(૭) હીસ્ટરી ઓફ ફીલોસોફી-ઈસ્ટર્ન એન્ડ વેસ્ટર્ન વોલ્યુમ વન.
ડૉ. એસ. રાધાકૃષ્ણન્.
(૮) શ્રી. ગોપાલ બસુ મલ્લિક લેકચર્સ-વેદાન્ત ફીલોસોફી.
ડૉ. એસ. કે. બેલવેલકર.
(૯) ઇન્ડીયન ફીલોસોફી. ડૉ. રાધાકૃષ્ણન્.
(૧૦) હીસ્ટરી ઓફ ઇન્ડીયન ફીલોસોફી. શ્રી સુરેન્દ્રનાથ દાસગુપ્તા.
(૧૧) સીકસ સીસ્ટમ્સ ઓફ ઇન્ડીયન ફીલોસોફી. મેકસમ્યૂલર.
(૧૨) ધી સીસ્ટમ ઓફ ધી વેદાન્ત. ડોયસન.
(૧૩) એન ઈન્ટ્રોડકશન ટુ ઈન્ડીયન ફીલોસોફી.
ડૉ. ચેટર્જી અને ડો. દત્ત.

હિંદી-ગુજરાતી-પુસ્તકો :--

(૧૪) શ્રી. શંકરાચાર્ય. શ્રી બલદેવ ઉપાધ્યાય.
(૧૫) ભારતીય દર્શન. શ્રી બલદેવ ઉપાધ્યાય.
(૧૬) ભારતીય દર્શન. ડૉ. ઉમેશ મિશ્ર.
(૧૭) ભારતીય દર્શનકી રૂપરેખા. શ્રી. એમ. હિરિયણ્ણા.
(૧૮) પ્રશસ્ય દર્શનો. શ્રી. અતિસુખશંકર ત્રિવેદી.
(૧૯) હિંદના તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ. શ્રી. નર્મદાશંકર દે. મહેતા.

निश्वाबद्यालय

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ લેખકનાં અન્ય પુસ્તકો

(૧) રઘુવંશ (સર્ગ ૧–૨).
(૨) રઘુવંશ. (સર્ગ ૬–૭).
(૩) દશકુમારચરિત (બીજો ઉચ્છ્વાસ).
(૪) કાદમ્બરીકથામુખ.
(૫) દશકુમારચરિત–એક અભ્યાસ.
(૬) એન ઈન્ટ્રોડકશન ટુ ધી શુદ્ધાદ્વૈત
સ્કૂલ ઓફ ફીલોસોફી ઓફ શ્રી. વલ્લભાચાર્ય.

પ્રાપ્તિસ્થાન :—

ડો. બી. એમ. ધ્રુવ, (એમ. એ. પી. એચ. ડી.)
"મનીષા," ભા'નો ડેલો, ભા'દેવાણીની શેરી.
ભાવનગર. (સૌરાષ્ટ્ર).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સ્ટેશન રોડ-ભાવનગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar